

પેજ-08
ઉર્ફી જાવેદ ધર્મ પરિવર્તન અફવા 2026 પર અભિનેત્રીએ તોડ્યું મૌન હું નાસ્તિક છું

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
રાજસ્થાન લાયન્સનો વિજય ઈયોન મોર્ગનની તોફાની ઈનિંગથી ગુરુગ્રામ...




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 19.00 |
| વડોદરા | 32.00 | 19.00 |
| સુરત | 33.00 | 21.00 |

પેજ 5


બજેટ પૂર્વે GST કલેક્શનમાં બમ્પર ઉછાળો, જાન્યુઆરીમાં રૂ. 1.93 લાખ કરોડ...

02 FEBRUARY-2026 MONDAY

અમેરિકામાં ફરી શટડાઉનથી તાળાબંધી થઈ છે

પેજ 10

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 80722.94 ▼ | 1546.84 |
| નિફ્ટી | 24825.45 ▼ | 495.02 |
| સોનું | 143000.00 ▲ | 783.00 |
| ચાંદી | 265652.00 ▲ | 000.00 |

વર્ષ-15 । અંક-081 । વિક્રમ સંવત-2082 । મહા વદ-01 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### સતત 9મી વખત નાણાકીય વર્ષ 2026-27 માટેનું નિર્મલા સીતારમણે બજેટ કર્યું રજૂ

# 25 વર્ષના વિઝન સાથે મોદી સરકારનું બજેટ રજૂ

- ઈ-વ્હીકલ, સોલર પેનલના ભાવ ઘટશે
- પર્સનલ યુઝ માટે વિદેશથી સામાન મંગાવવો સસ્તો થશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમને સંસદમાં રજૂ કરેલા વર્ષ 2026-27ના બજેટમાં મોટર વાહન ઉદ્યોગને મોટી રાહત મળી છે. ઈલેક્ટ્રીક વાહન(EV)નું ઉત્પાદન કરનારી કંપનીઓને બજેટમાં મોટી આશા હતી, જેને ધ્યાને લઈને સરકારે બેટરીમાં ઉપયોગ થતાં સામાન પર કસ્ટમ ડ્યુટીમાં રાહત આપવાની જાહેરાત કરી છે. આ સાથે હવે ઈલેક્ટ્રીક વાહનોની કિંમતમાં ઘટાડો થવાની સંભાવના છે.

નાણામંત્રીએ બજેટ ભાષણ દરમિયાન કહ્યું છે કે, 'હું એવો પ્રસ્તાવ રજૂ કરું છું કે, બેટરી બનાવવા માટે ઉપયોગમાં લેવાતા 'લિથિયમ-આયન સેલ' માટે જે મશીનો અને મૂડીગત માલસામાન પર અગાઉથી જ કસ્ટમ ડ્યુટીમાં છૂટ મળે છે, તેવી જ છૂટ હવે 'બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ'માં વપરાતા લિથિયમ-આયન સેલ બનાવવાના સાધનો પર પણ આપવામાં આવશે. આ ઉપરાંત, સોલર ગ્લાસ બનાવવામાં કામ આવતા સોડિયમ એન્ટિમોનેટની આયાત પર પણ મૂળ કસ્ટમ ડ્યુટીમાંથી મુક્તિ આપવાનો પ્રસ્તાવ છે.'




## બજેટની 8 સૌથી મોટી જાહેરાતો...

1. આવકવેરા સ્લેબમાં કોઈ ફેરફાર નહીં. રિવાઈઝ્ડ રિટર્ન ફાઈલ કરવા માટે 3 મહિનાનો વધુ સમય આપવામાં આવ્યો. એટલે કે હવે 31 ડિસેમ્બરને બદલે 31 માર્ચ સુધી રિવાઈઝ્ડ રિટર્ન ફાઈલ કરી શકાશે.
2. 7 હાઈસ્પીડ રેલ કોરિડોરની જાહેરાત. તેમાં મુંબઈ-પુણે, પુણે-હૈદરાબાદ, હૈદરાબાદ-બેંગલુરુ, હૈદરાબાદ-ચેન્નઈ, ચેન્નઈ-બેંગલુરુ, દિલ્હી-વારાણસી અને વારાણસી-સિલિગુડી.
3. કેન્સરની 17 દવાઓ પરથી આયાત શુલ્ક હટાવાયું. 7 દુર્લભ રોગોની દવાઓ પણ ડ્યુટી ફ્રી એટલે કે સસ્તી થશે.
4. ડિફેન્સ બજેટ ₹6.81 લાખ કરોડથી વધારીને ₹7.85 લાખ કરોડ, એટલે કે 15.2% નો વધારો. હથિયારોની ખરીદી અને આધુનિકીકરણ પર ગયા વર્ષના ₹1.80 લાખ કરોડની સરખામણીમાં આ વર્ષે ₹2.19 લાખ કરોડ ખર્ચ થશે, એટલે કે 22% નો વધારો.
5. 3 આયુર્વેદિક AIIMS ખોલવાની જાહેરાત. મેડિકલ ટુરિઝમને પ્રોત્સાહન આપવા માટે 5 મેડિકલ હબ પણ બનશે.
6. 5 લાખથી વધુ વસ્તીવાળા ટિયર-2 અને ટિયર-3 શહેરોના વિકાસ માટે 12.2 લાખ કરોડ ખર્ચ કરવાની જાહેરાત.
7. 15 હજાર સેકન્ડરી સ્કૂલો અને 500 કોલેજોમાં કન્ટેન્ટ ક્રિએટર લેબ્સ બનાવવામાં આવશે.
8. લગભગ 800 જિલ્લાઓમાં છોકરીઓ માટે હોસ્ટેલ બનશે. દરેક જિલ્લામાં એક હોસ્ટેલ બનાવવામાં આવશે.

**બજેટ પર પી. ચિદમ્બરમનું સ્ફોટક નિવેદન? :** પૂર્વ કેન્દ્રીય નાણામંત્રી પી. ચિદમ્બરમે બજેટ મુદ્દે નાણામંત્રી નિર્મલા સીતારમણ પર નિશાન સાધ્યું છે. તેમણે કટાક્ષ કરતાં કહ્યું કે, એવું લાગે છે કે સીતારમણે કાં તો આર્થિક સર્વેક્ષણને બરાબર વાંચ્યું નથી અથવા તો તેને જાણીજોઈને અવગણ્યું છે. ચિદમ્બરમે આરોપ લગાવ્યો કે, નાણામંત્રીના ભાષણ અને બજેટની આર્થિક નીતિમાં દૂરદર્શિતાનો સદંતર અભાવ છે.

**ઓપરેશન સિંદૂર પછી સંરક્ષણ બજેટમાં 15%નો વધારો**

## ઈન્કમ ટેક્સમાં કોઈ ફેરફાર નહીં, કેન્સરની દવા સસ્તી થશે, 3 આયુર્વેદિક એઈમ્સ

નાણામંત્રી નિર્મલા સીતારમણે સંસદમાં બજેટ રજૂ કર્યું. તેઓ 85 મિનિટ બોલ્યા, પરંતુ સામાન્ય માણસ માટે કોઈ મોટી જાહેરાત કરી નથી. જોકે, ટેક્સ ફાઈલ કરવામાં સરળતા, રેલવે પ્રોજેક્ટ અને આયુર્વેદિક AIIMS જેવી નવી વાતો કહી છે. બજેટ ભાષણમાં કોઈ સીધી ચૂંટણીલક્ષી જાહેરાત પણ નહોતી. તેઓ લોકસભામાં તમિલનાડુની પ્રખ્યાત કાંજીવરમ સાડી પહેરીને પહોંચ્યા જરૂર, પરંતુ આ વર્ષે યોજાનારી પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, કેરળ, આસામ અને પુડુચેરીની ચૂંટણીઓ પર સીધી અસર કરતી જાહેરાતો કરી નથી. ઓપરેશન સિંદૂર પછીના પ્રથમ બજેટમાં સીતારમણે ભૂ-રાજનીતિ અને પડકારોની વાત કરી અને દેશનું સંરક્ષણ બજેટ 6.81 લાખ કરોડથી વધારીને 7.85 લાખ કરોડ કર્યું. કુલ સંરક્ષણ બજેટમાં 15.2%નો વધારો થયો.

## ટેક્સને લઈને 4 ફેરફારો આ છે...

**1 એપ્રિલથી નવો ઈન્કમ ટેક્સ કાયદો:** કેન્દ્ર સરકાર દ્વારા જૂના ઈન્કમ ટેક્સ એક્ટ 1961ને બદલીને નવો ઈન્કમ ટેક્સ એક્ટ 2025 લાવવામાં આવશે. આ 1 એપ્રિલ 2026થી લાગુ થશે. આમાં ટેક્સ રેટ્સ અથવા સ્લેબમાં કોઈ ફેરફાર નથી, આના દ્વારા ફક્ત ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની પ્રોસેસને સરળ બનાવવામાં આવશે.


**2 વિદેશ રૂપિયા મોકલવા પર ઓછો ટેક્સ:** ભણતર અને સારવાર માટે વિદેશ પૈસા મોકલવા પર હવે ઓછો ટેક્સ કલેક્શન એટ સોર્સ (TCS) લાગશે. સરકારે તેને 5%થી ઘટાડીને 2% કરવાનો નિર્ણય લીધો છે. વિદેશી ટૂર પેકેજ પર લાગતા 5% અને 20%ના TCS રેટને ઘટાડીને 2% કરવામાં આવ્યો છે.

**3 TDS ન કપાવવા માટે એપ્સની જરૂર નથી:** TDS ન કપાવવા માટે અલગથી એપ્લિકેશન આપવાની જરૂર રહેશે નહીં. નિયમો અનુસાર હવે જો તમારા પર ઈન્કમ ટેક્સ નથી બનતો તો તમારો TDS કાપવામાં આવશે નહીં. અત્યાર સુધી આના માટે ફોર્મ 15G (60થી ઓછી ઉંમરના માટે) ફોર્મ 15H જમા કરવું પડતું હતું.

**4 31 માર્ચ સુધી ફાઈલ રિવાઈઝ્ડ રિટર્ન:** ITRમાં સુધારો કરવાની છેલ્લી તારીખ વધારી દેવામાં આવી છે. હવે નજીવી ફી આપીને 31 ડિસેમ્બરની જગ્યાએ 31 માર્ચ સુધી રિવાઈઝ્ડ રિટર્ન ફાઈલ કરી શકાશે. જૂની ટેક્સ રિજીમ પસંદ કરવા પર અત્યારે પણ તમારી 2.5 લાખ રૂપિયા સુધીની ઈન્કમ જ ટેક્સ ફ્રી રહેશે.

**ફેરફાર કેમ ન થયો |** ટેક્સ એક્સપર્ટના જણાવ્યા અનુસાર સરકારે ગયા બજેટમાં જ ન્યુ ટેક્સ રિજીમમાં ટેક્સ છૂટ 7 લાખથી વધારીને 12 લાખ રૂપિયા કરી દીધી હતી. એવામાં આ વર્ષે ફેરફાર થવાની શક્યતા નહિવત જ હતી.

---



**સંસદમાં બજેટ રજૂ કર્યા બાદ PM મોદીનું સંબોધન**

### PM મોદીએ બજેટ બાદ કર્યો ઉલ્લેખ

## ભારત હવે ઓરેન્જ ઈકોનોમી તરફ પ્રયાણ કર્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

દેશનું સામાન્ય બજેટ 2026 રજૂ થઈ ચૂક્યું છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે પોતાના 9માં બજેટ ભાષણમાં મહિલાઓથી લઈને ખેડૂતો સુધી અને હેલ્થકેરથી લઈને ડિફેન્સ સુધી ઘણી જાહેરાતો કરી છે. સંસદમાં બજેટ રજૂ કર્યા બાદ વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે ભારત હવે ઓરેન્જ ઈકોનોમી તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે.

### શું હોય છે ઓરેન્જ ઈકોનોમી?

તમને જણાવી દઈએ કે તેનો મતલબ ક્રિએટિવ ઈકોનોમીથી છે. એક એવી ઈકોનોમી જે ક્રિએટિવિટી, સંસ્કૃતિ, કલા, ડિઝાઈન, મીડિયા અને ડિજિટલ કન્ટેન્ટ પર આધારિત હોય. વડાપ્રધાનની આ વાતથી સ્પષ્ટ સંકેત મળ્યો છે કે સરકાર હવે ક્રિએટિવ સેક્ટર્સને પણ ભારતની ઈકોનોમિક ગ્રોથનું મોટું એન્જિન બનાવવા ઈચ્છે છે. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો આઈડિયા, ટેલેન્ટ અને ટેક્નોલોજીનું કોમ્બિનેશન હોય છે. જે ઓરેન્જ ઈકોનોમી, જેમાં કમાણી અને રોજગારના ઘણા અવસર હોય.

### મહત્વાકાંક્ષી રોડમેપ રજૂ કરવામાં આવ્યો

બજેટને મોદીએ યુવા શક્તિ બજેટ કહીને સંબોધિત કર્યું. બજેટમાં જે જોગવાઈ કરવામાં આવી, તેનાથી અલગ અલગ સેક્ટર્સમાં લીડર્સ, ઈનોવેટર્સ-ક્રિએટર્સ તૈયાર થશે. મોદીએ કહ્યું કે આ બજેટમાં મેક ઈન ઈન્ડિયા-આત્મનિર્ભર ભારત અભિયાનને નવી ગતિ આપવા માટે રોડમેપ રજૂ કરવામાં આવ્યો છે.

### ઓરેન્જ ઈકોનોમીનો આધાર છે

ઓરેન્જ ઈકોનોમી બનવાનો રસ્તો પણ સરળ એટલે નજર આવે છે, કારણ કે વડાપ્રધાને ખુદ પોતાના સંબોધનમાં યુવા શક્તિનો ઉલ્લેખ કર્યો છે, જે ઓરેન્જ ઈકોનોમીનો આધાર છે. સરકાર માને છે કે તેની પાસે દુનિયાનો સૌથી મોટો યુવા વર્ગ અને ઝડપથી વધી રહેલો ડિજિટલ યુઝર બેઝ હાજર છે.

---

**પાકિસ્તાન સરકારની જાહેરાત | ટુર્નામેન્ટ રમશે, પરંતુ ભારત સામે મેચ નહીં- પાકિસ્તાન સરકાર**

# T20 વર્લ્ડકપમાં ભારત-પાકિસ્તાન મેચ નહીં રમાય

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

પાકિસ્તાને રવિવારે જાહેરાત કરી કે તે T20 વર્લ્ડ કપ 2026માં ભાગ લેશે, પરંતુ ભારત સામેની મેચનો બહિષ્કાર કરશે. પાકિસ્તાન સરકારે આ નિર્ણય ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા બાંગ્લાદેશને ટુર્નામેન્ટમાંથી હટાવ્યા બાદ લીધો છે, બાંગ્લાદેશ સરકારે ભારતમાં રમવા અંગે સુરક્ષા ચિંતા વ્યક્ત કરી હતી. સરકારે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "ઈસ્લામિક રિપબ્લિક ઓફ પાકિસ્તાનની સરકાર, પાકિસ્તાન ક્રિકેટ ટીમને ICC વર્લ્ડ T20 2026માં ભાગ લેવાની મંજૂરી આપે છે....જોકે, પાકિસ્તાન ક્રિકેટ ટીમ 15 ફેબ્રુઆરી 2026ના રોજ ભારત સામે રમાનારી મેચમાં મેદાન પર ઉતરશે નહીં. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના ચીફ મોહસિન નકવીએ સોમવાર, 26 જાન્યુઆરીએ વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે મુલાકાત કરી હતી.




**ગ્રુપ સ્ટેજમાં માત્ર 3 જ મેચ રમશે પાકિસ્તાન**

બહિષ્કાર પછી પાકિસ્તાન અને ભારતની ટીમ ગ્રુપ સ્ટેજમાં 3-3 મેચ જ રમશે. પાકિસ્તાન 7 ફેબ્રુઆરીએ નેધરલેન્ડ્સ, 10 ફેબ્રુઆરીએ અમેરિકા અને 18 ફેબ્રુઆરીએ નામિબિયા સામે ટકરાશે. બીજી તરફ ટીમ ઈન્ડિયા 7 ફેબ્રુઆરીએ અમેરિકા, 12 ફેબ્રુઆરીએ નામિબિયા અને 18 ફેબ્રુઆરીએ નેધરલેન્ડ્સ સામે ટકરાવાની છે.

### વડાપ્રધાનને મળ્યા હતા PCB ચીફ

આ મિટિંગમાં પાકિસ્તાનના વર્લ્ડ કપમાં સહભાગી થવા અને ભારત સામેના મુકાબલા અંગે ચર્ચાઓ થઈ હતી. નકવીએ કહ્યું હતું કે શુક્રવાર કે સોમવાર સુધીમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે. હવે રવિવારે સરકારે આ અંગે નિર્ણય લઈ લીધો છે. T20 અને વન-ડે વર્લ્ડ કપમાં પાકિસ્તાનનો ભારત સામેનો રેકોર્ડ ઘણો ખરાબ રહ્યો છે. T20 વર્લ્ડ કપમાં બંને ટીમ વચ્ચે અત્યાર સુધી 8 મુકાબલા થઈ ચૂક્યા છે. ભારતે 7 અને પાકિસ્તાને માત્ર 1 વાર જીત મેળવી છે. વન-ડે વર્લ્ડ કપમાં બંને વચ્ચે અત્યાર સુધી રમાયેલી તમામ 8 મેચ ભારતે જીતી છે. T20 વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ નહીં રમાય. પાકિસ્તાન સરકારે આ મેચના બોયકોટની જાહેરાત કરી છે. બંને ટીમ 15 ફેબ્રુઆરીએ કોલંબોમાં એકબીજા સામે ટકરાવાની હતી.

---

**IMDએ આપ્યું 3 દિવસનું એલર્ટ**

## દિલ્હી-ઉત્તરપ્રદેશ સહિત ઘણા રાજ્યોમાં વરસાદ અને હિમવર્ષાની આગાહી

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

દિલ્હી સહિત દેશભરના અનેક રાજ્યોમાં હાલના દિવસોમાં ભારે ઠંડી પડી રહી છે. બે પશ્ચિમી વિક્ષેપો એકસાથે સક્રિય થવાને કારણે 1થી 3 ફેબ્રુઆરી દરમિયાન ઘણા વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષાની ચેતવણી જાહેર કરવામાં આવી છે. વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો થવાની પણ અપેક્ષા છે. 5થી 7 જાન્યુઆરી દરમિયાન ત્રીજો પશ્ચિમી વિક્ષેપ સક્રિય થશે, જેની સૌથી વધુ અસર પશ્ચિમી હિમાલય ક્ષેત્રમાં થવાની સંભાવના છે.

---

**NDAના તમામ ધારાસભ્યોને ભાજપ હાઈકમાન્ડનું તેડું**

## મણિપુર : સરકાર બનાવવા માટે અટકળો થઈ શરૂ

મણિપુર | ભાજપ હાઈકમાન્ડે મણિપુરના તમામ ધારાસભ્યો તેમજ NDA સહયોગી પક્ષોના ધારાસભ્યોને તાત્કાલિક ચર્ચા માટે દિલ્હી બોલાવ્યા છે, જેનાથી રાજ્યમાં નવી રાજકીય અટકળો શરૂ થઈ ગઈ છે. 31 જાન્યુઆરીએ જાહેર કરાયેલા નિર્દેશમાં તમામ ધારાસભ્યોને 2 ફેબ્રુઆરીએ બપોરે 2 વાગ્યા પહેલા રાષ્ટ્રીય રાજધાનીમાં હાજર રહેવા કહેવામાં આવ્યું હતું, જ્યારે ઘણા ધારાસભ્યો 1 ફેબ્રુઆરીએ રવાના થવાના છે. આ પગલું એવા નિર્ણાયક સમયે આવ્યું છે જ્યારે મણિપુર રાષ્ટ્રપતિ શાસન હેઠળ છે અને વિધાનસભાનું કામકાજ ફેબ્રુઆરી 2025થી સ્થગિત છે. રાષ્ટ્રપતિ શાસનનું પ્રથમ વર્ષ 12 ફેબ્રુઆરીના રોજ પૂર્ણ થવાના આરે છે, ત્યારે બેઠકનો સમય સંભવિત રાજકીય પુનર્ગઠન, શાસનના નિર્ણયો અને રાજ્યના ભાવિ રોડમેપ પર પ્રશ્નો ઉભા કરે છે. જો કે ભાજપના કેન્દ્રીય નેતૃત્વએ સત્તાવાર રીતે બેઠકના એજન્ડાનો ખુલાસો કર્યો નથી.

---

**સમાજના વિકાસ માટે આ કરવું જોઈએ, ચૂંટણી પ્રચાર માટે તેનો ઉપયોગ ન કરવો જોઈએ**

# બંગાળને એક પૈસો ન મળ્યો, અર્થવ્યવસ્થા ખતમ થઈ જશે'

**બજેટ પર CM મમતા બેનર્જીનું પહેલું નિવેદન**

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

નાણામંત્રી નિર્મલા સીતારમણે દેશનું સામાન્ય બજેટ રજૂ કર્યું છે. આ બજેટમાં ઘણી મોટી જાહેરાતો કરવામાં આવી છે. મોદી સરકાર તેને વ્યાપક અને વિકાસલક્ષી બજેટ ગણાવી રહી છે, પરંતુ વિરોધ પક્ષના નેતાઓએ હવે તેની ખામીઓ ગણાવવાનું શરુ કરી દીધું છે. આ કડીમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની પ્રથમ પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે બજેટની કડક શબ્દોમાં નિંદા કરી છે અને તેને સંપૂર્ણપણે 'દિશાહીન' ગણાવ્યું છે. મમતા બેનર્જીએ ત્યાં સુધી કહ્યું કે, આ બજેટને કારણે શેરબજારમાં ધબડકો થયો છે.



**સરકાર અને ભાજપનો પક્ષ |** એક તરફ મમતા બેનર્જી બજેટ પર નિશાન સાધી રહ્યા છે, તો બીજી તરફ ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને કેન્દ્રીય મંત્રીઓ આ બજેટને ઐતિહાસિક ગણાવી રહ્યા છે. PM મોદીએ નાણામંત્રી નિર્મલા સીતારમણના ભરપૂર વખાણ કર્યા અને બજેટને પણ ઐતિહાસિક બજેટ ગણાવ્યું હતું. શાહે કહ્યું કે, બજેટ 2026-27 દ્વારા પીએમ મોદીએ સાબિત કર્યું છે કે આત્મનિર્ભર અને વિકસિત ભારત માત્ર એક સૂત્ર નથી, પરંતુ સરકારનો સંકલ્પ છે. આ બજેટ દરેક ક્ષેત્ર, વર્ગ અને નાગરિકને સશક્ત બનાવવાનું સ્પષ્ટ બ્લુપ્રિન્ટ છે. કેન્દ્રીય બજેટ પર ભારતીય ઉદ્યોગ પરિસંઘના પ્રમુખ રાજીવ મેમાનીએ જણાવ્યું હતું કે, "બજેટ પર અમારી પ્રતિક્રિયા હકારાત્મક છે કારણ કે તેમાં ઉદ્યોગો, ખાસ કરીને MSMEsની માંગણીઓ પૂરી કરવામાં આવી છે. સેવા ક્ષેત્ર પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. સરકારે ટેક્સ સરળીકરણ અંગેની ચિંતાઓ સાંભળી છે અને મૂડી ખર્ચમાં પણ 10-12%નો વધારો કરવામાં આવ્યો છે."

---



# ઝારખંડના રાંચીના ખાદગઢા બસ સ્ટેશનમાં ભીષણ આગ, 6 બસ ખાખ

(એજન્સી) રાંચી । તા. 01

ઝારખંડની રાજધાની રાંચીના ખાદગઢા બસ સ્ટેન્ડ પર પાર્ક કરેલી ઘણી બસોમાં અચાનક ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. આ ઘટનાથી વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ છે. આગ એટલી ઝડપથી ફેલાઈ ગઈ કે 6 બસો આગની ઝપેટમાં આવી ગઈ અને સંપૂર્ણપણે સળગી ગઈ છે. રહેવાસીઓએ લાંબા સમય સુધી આગ ઓલવવા માટે સંઘર્ષ કર્યો અને ફાયર બ્રિગેડને પણ જાણ કરવામાં આવી. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ગભરાટનો માહોલ છવાઈ ગયો છે.

આ ઘટના ખડગઢા ટોપ વિસ્તારમાં બની હોવાનું જાણવા મળે છે. ઘટનાસ્થળે હાજર લોકોએ જણાવ્યું હતું કે બસ સ્ટેન્ડ પર પાર્ક કરેલી બસમાંથી અચાનક ધુમાડો નીકળવા લાગ્યો અને થોડીવારમાં જ આગ લાગી ગઈ. નજીકમાં પાર્ક કરેલી અન્ય બસોમાં પણ આગ લાગી. આગમાં એલડી મોટર્સ, કિરણ, સંજય સુપર અને ઝારખંડ ટુરિસ્ટની બે બસો સહિત કુલ 6 બસને નુકસાન થયું છે. આગની જ્વાળાઓ એટલી ઊંચી હતી કે ધુમાડો દૂરથી દેખાતો હતો. આ ઘટના બાદ લગભગ અડધો ડઝન ફાયરબ્રિગ્રેડની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી અને ઘણી મહેનત બાદ આગ પર કાબુ મેળવવામાં આવ્યો. આ ઘટના બાદ બસ માલિકોએ જણાવ્યું હતું કે એવું લાગે છે કે આ ઘટના ઈરાદાપૂર્વકની હતી. જોકે, જે જાહેર બસોમાં આગ લાગી તેમાંથી કોઈ પણ એસી બસ નહોતી. 5 વાહનો સાથે ઘટનાસ્થળે પહોંચેલી ફાયર બ્રિગેડની ટીમે ઘણી મહેનત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. પરંતુ આગનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. લોઅર બજાર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જે જણાવ્યું હતું કે આગનું કારણ જાણવા માટે તપાસ ચાલી રહી છે. ઘટનાની માહિતી એકત્રિત કરવા માટે બસ સ્ટેન્ડના સીસીટીવી ફૂટેજની પણ તપાસ કરવામાં આવી રહી છે.

### પાંચ વર્ષથી બનતું દાણાપીઠ મલ્ટીલેવલ પાર્કિંગ હેરિટેજ લૂકમાં અટવાયું

# AMCના અણઘણ આયોજનથી કામ અધુરૂં, ત્રણ માળનું બિલ્ડિંગ છતાં લોકોને રસ્તા પર વાહન પાર્ક કરવા પડ્યા

અમદાવાદ | અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યા વધતા પાર્કિંગ જરૂરી બન્યું છે. જોકે, કેટલીક જગ્યાએ AMCએ બનાવેલા મલ્ટીલેવલ પાર્કિંગ નિષ્ફળ ગયા છે. કારણ કે, AMCએ અણઘણ આયોજન કરી પાર્કિંગ બનાવી દીધા છે. શહેરના કોટ વિસ્તારમાં સૌથી વધુ પાર્કિંગની સમસ્યા રહે છે, ત્યારે દાણાપીઠ મ્યુનિસિપલ કોર્પોરેશનની પાછળ જ મલ્ટીલેવલ પાર્કિંગ અને નવું ફાયર સ્ટેશન બનાવવામાં આવ્યું છે, પરંતુ આ પાર્કિંગ અને ફાયર સ્ટેશન નાગરિકો માટે ઉપયોગી બન્યું નથી.

એક તરફ શહેરના મલ્ટીલેવલ પાર્કિંગો ખાલી રહે છે તો બીજી તરફ વાહન પાર્કિંગ માટે મલ્ટીલેવલ પાર્કિંગ તૈયાર છે, પરંતુ બિલ્ડિંગને હેરિટેજ લુક આપવાનો બાકી હોવાને કારણે શરૂ થઈ નથી. વાહનચાલકો આ પાર્કિંગ ક્યારે શરૂ થાય તેની રાહ જોઈ રહ્યા છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય આફિસ દાણાપીઠ પાછળ જૂનું ફાયર સ્ટેશન તોડી ત્યાં નવું ફાયર સ્ટેશન અને મલ્ટીલેવલ પાર્કિંગ બનાવવા વર્ષ 2019થી શરૂઆત કરી હતી. કોટ વિસ્તારમાં પાર્કિંગ માટે આ મલ્ટીલેવલ પાર્કિંગ ખૂબ જ જરૂરી છે, ત્યારે દિવ્ય ભાસ્કર દ્વારા આ મલ્ટીલેવલ પાર્કિંગનો ગ્રાઉન્ડ રિપોર્ટ કરવામાં આવ્યો હતો. આ મલ્ટીલેવલ પાર્કિંગની કામગીરી 80થી 90% જેટલી પૂર્ણ થઈ ચૂકી છે, પરંતુ હવે મલ્ટીલેવલ પાર્કિંગ હેરિટેજ સ્થળોની આસપાસ આવેલું હોવાથી તેને હેરિટેજ લૂક આપવાનો બાકી હોવાના કારણે કામગીરી અધુરી રહી છે અને હજી સુધી મલ્ટીલેવલ પાર્કિંગ લોકો માટે ખુલ્લુ મૂકવામાં આવ્યું નથી. જેથી લોકોને ટ્રાફિક સમસ્યાનો સામનો કરવો પડે છે.

માણેકચોક, ત્રણ દરવાજા, પાનકોર નાકા અને ગાંધી રોડ સહિતના વિસ્તારોમાં મોટી સંખ્યામાં લોકો ખરીદી કરવા આવતા હોય છે, ત્યારે નાની ગલીઓમાં ખરીદી કરવા જવું પડે ત્યારે વાહનો પાર્કિંગ કરવાની સમસ્યા દૂર કરવા જૂના દાણાપીઠ ફાયર સ્ટેશન અને મલ્ટીલેવલ પાર્કિંગને તોડીને ત્યાં નવું બનાવવામાં આવ્યું છે. ગ્રાઉન્ડ ફ્લોરથી લઈને ત્રણ માળ સુધીનું મલ્ટીલેવલ પાર્કિંગ બનાવવામાં આવ્યું છે. આ પાર્કિંગના ત્રણેય માળ બનીને તૈયાર થઈ ચૂક્યા છે. ત્રીજા માળ ઉપર અત્યારે હાલમાં કલરની કામગીરી કરવામાં આવી રહી છે. લિફ્ટ અને ફાયરની સુવિધાઓ લગાવવામાં આવી રહી છે, પરંતુ પાર્કિંગના બિલ્ડિંગને હજુ હેરિટેજ લૂક આપવાનો બાકી છે.

પાંચ વર્ષ પહેલાં આ બિલ્ડિંગ તોડી પાડવામાં આવ્યું હતું અને કામગીરી વર્ષ 2022માં શરૂ થઈ હતી. મલ્ટીલેવલ પાર્કિંગની બાજુમાં ફાયર સ્ટેશન અને ક્વાટર્સ પણ બનાવવામાં આવ્યા છે. જેની અત્યારે હાલ કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. AMCની ધીમી કામગીરીથી એક વર્ષથી લોકો ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. દાણાપીઠ મલ્ટીલેવલ પાર્કિંગ અને ફાયર સ્ટેશન હેરિટેજ સ્થળની 100થી 300 મીટરની મર્યાદામાં આવે છે. જેને લઈને હવે યુનેસ્કો-આર્કોલોજી વિભાગ દ્વારા હવે હેરિટેજ લૂક આપવા માટે AMCને પત્ર લખીને જાણ કરી છે.



#### હેરિટેજ લૂકની ડિઝાઈન બનાવવાની કામગીર સેપ્ટ યુનિવર્સિટીને સોંપાઈ

AMC દ્વારા દાણાપીઠ ફાયર સ્ટેશન અને મલ્ટીલેવલ પાર્કિંગને હેરિટેજ લૂક આપવાનો હોવાથી તેની ડિઝાઈન અને ફસાડ બનાવવા માટે સેપ્ટ યુનિવર્સિટીને કામગીરી સોંપી છે. ડિઝાઈન બનીને તૈયાર થયા બાદ તેને કોર્પોરેશન દ્વારા મંજૂરી આપી અને દાણાપીઠ ફાયર સ્ટેશનને હેરિટેજ લૂક આપવામાં આવશે. આ સમગ્ર પ્રક્રિયા પાછળ ત્રણથી ચાર મહિનાનો સમય લાગી શકે છે. આગામી એપ્રિલ મહિના સુધીમાં મલ્ટીલેવલ પાર્કિંગ લોકો માટે શરૂ થઈ શકે તેવી સ્થિતિ નથી. દાણાપીઠ મલ્ટીલેવલ પાર્કિંગ જ્યારથી બનાવવાની શરૂઆત કરાઈ ત્યારથી જ વિવાદોમાં આવ્યું છે. વર્લ્ડ હેરિટેજ સિટી ગણાતા અમદાવાદમાં હેરિટેજ સ્થળ એવા જુમ્મા મસ્જિદની 100થી 300 મીટરની મર્યાદામાં આવતું હોવાથી આ જગ્યા ઉપર મલ્ટીલેવલ પાર્કિંગ બનાવવા હેરિટેજની મંજૂરીમાં વિલંબ થયો હતો. હવે હેરિટેજ લૂક આપવાનો બાકી હોવાના કારણે સમયસર પાર્કિંગ ન બનતા લોકોને પાર્કિંગ સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે.

## News Brief

### પોરબંદરમાં રાજ્યકક્ષાના 8મા આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ સેમિનાર'નો ઉદ્ઘાટન સમારોહ યોજાયો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (GEER) ફાઉન્ડેશન દ્વારા સાંદિપની આશ્રમ, પોરબંદર ખાતે 'વિશ્વ વેટલેન્ડ દિવસ' ના પૂર્વે દિને 'વેટલેન્ડ્સ એન્ડ ટ્રેડિશનલ નોલેજ: સેલિબ્રેટિંગ કલ્ચરલ હેરીટેજ' વિષય પર બે દિવસીય '૮માં આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ સેમિનાર'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉદ્ઘાટન સેમીનારના અધ્યક્ષ સ્થાને વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વેટલેન્ડ્સના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, પોરબંદર જિલ્લો કુદરતી રીતે સમૃદ્ધ છે અને અહીં ૨૨૫ થી વધુ નાના-મોટા વેટલેન્ડ્સ આવેલા છે. વેટલેન્ડ્સ એ માત્ર જળાશયો નથી પણ પૃથ્વીની સુરક્ષા માટે અનિવાર્ય છે, તેથી તેમણે શાળાઓમાં 'વેટલેન્ડ ક્લબ' બનાવી નવી પેઢીને પ્રકૃતિ સાથે જોડવા પર ભાર મૂક્યો હતો. પ્રકૃતિ અને વન્યજીવોના રક્ષણ વિશે વાત કરતા તેમણે જણાવ્યું કે દરેક જીવનું કુદરતી ચક્રમાં આગવું મહત્વ છે. તેમણે ઉદાહરણ આપ્યું કે સાપ જેવી રીતે ઉંદરો પર નિયંત્રણ રાખીને અનાજનો બગાડ અટકાવે છે, જે પ્રત્યક્ષ રીતે માનવજાતને મદદરૂપ છે. વધુમાં, ધરમપુર ખાતેના રિસર્ચ સેન્ટરમાં સાપના ઝેરમાંથી એન્ટી-વેનમ દવાઓ બનાવવાનુ જે કાર્ય થઈ રહ્યુ છે, તે વિજ્ઞાન અને પ્રકૃતિના સમન્વયનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ગુજરાતમાં પર્યાવરણીય સિદ્ધિઓની ચર્ચા કરતા મંત્રીશ્રીએ નોંધ્યું કે રાજ્યમાં સિંહોની વસ્તીમાં ૩૨% નો નોંધપાત્ર વધારો થયો છે અને હવે બરડા અભયારણ્ય પણ સિંહોનું બીજું ઘર બની રહ્યું છે.



### બાબુભાઈ મેઘજીભાઈ શાહનો 85મો જન્મદિવસ ગાંધીનગર ખાતે ઊજવાયો

ગાંધીનગર સંવાદદાત વિજયવીર યાદવ

ગુજરાતના રાજકારણમાં જેમને સજ્જનતા, સાદગી અને સમર્પિત સેવા માટે મોખરે ગણી શકાય એવા પૂર્વ સાંસદ, ગુજરાત રાજ્યના પૂર્વ નાણામંત્રી અને હાલ ગુજરાત પૂર્વ ધારાસભ્ય કાઉન્સિલના પ્રમુખશ્રી, કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના લાકડીયા ગામના વતની, શ્રી બાબુભાઈ મેઘજીભાઈ શાહ (ગડા) ભારતીય જનતા પાર્ટીના સિમ્બોલ પર ૧૯૯૦માં વિધાનસભાના પ્રથમ ભાજપના ૯ ધારાસભ્યો પૈકીના રહ્યા છે. ત્યારબાદ કચ્છ લોકસભાના સાંસદ તરીકે ભાજપના પ્રતિનિધિ રહ્યા જેઓ ભાજપ, કૉંગેસ, એન. સી.પી. અને અપક્ષ તરીકે પણ ચુંટણીઓમાં ઝંપલાવ્યુ છે. પાંચ દાયકા કરતાં પણ વધુ સમયથી રાજકારણમાં સક્રિય રહીને અનેક પ્રજાકીય કામગીરી સાથે પ્રવૃત જોવા મળી રહ્યા છે. ગુજરાત રાજ્યના પૂર્વ નાણામંત્રી અને પૂર્વ સાંસદશ્રી 'બાબુભાઈ મેઘજી શાહ' ૮૪ વર્ષ પૂર્ણ કરી ૮૫મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે તેમના જન્મદિન નિમીત્તે અનેક રાજકારણી અગ્રણીઓ અને સામાજીક અગ્રણીઓએ "__" ની સ્નેહસભર શુભકામનાઓ પાઠવેલ છે.



### ગાંધીનગરમાં નોંધણી નિરીક્ષક M.K. પંડ્યાનો વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્ય નોંધણી વિભાગમાં ૩૮ વર્ષના લાંબા સમય સુધી ફરજ બજાવનાર શ્રી એમ. કે. પંડ્યા, નોંધણી નિરીક્ષકનો વિદાય સમારોહ તા. ૩૧-૦૧-૨૦૨૬ ના રોજ ગાંધીનગર ખાતે યોજાયો હતો. આ સમારોહમાં અમદાવાદ, ખેડા અને ગાંધીનગરના અધિકારીઓ, કર્મચારીઓ તથા આમંત્રિત મહેમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને સ્વાગત પ્રવચન સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે વક્તાઓએ શ્રી એમ. કે. પંડ્યાની લાંબી અને નિષ્ઠાપૂર્વકની સેવાઓની પ્રશંસા કરી હતી. તેમણે નોંધણી વિભાગમાં પોતાની ફરજ દરમિયાન પારદર્શકતા, કાર્યક્ષમતા અને કર્મચારીઓ સાથેના સુમેળપૂર્ણ સંબંધો દ્વારા નોંધપાત્ર યોગદાન આપ્યું હોવાનું જણાવ્યું હતુ. વિદાય સમારોહ દરમિયાન શ્રી એમ. કે. પંડ્યાના કાર્યકાળ અંગે સંક્ષિપ્ત માહિતી રજૂ કરવામાં આવી હતી. નિવૃત્ત અધિકારી હર્ષદભાઈ મહેતાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે, શ્રી એમ. કે. પંડ્યાની સેવા વિભાગ માટે હંમેશા માર્ગદર્શક રૂપે યાદ રહેશે. શ્રી પંડ્યા સાહેબની ઓળખ એટલે 'વહીવટી કુશળતા ધરાવતા એક બાહોશ અને નિષ્ઠાવાન અધિકારી'.



## જામનગરની સરકારી જીજી હોસ્પિટલના પરિસરમાં આડેધડ વાહન પાર્કિંગથી વકરતી સમસ્યા

જામનગર | જામનગરની સરકારી જી. જી. હોસ્પિટલમાં પ્રતિદિન અનેક દર્દીઓ સારવાર લેવા માટે આવતા હોય છે . તેમજ દાખલ દર્દીઓ ના સ્વજનો-પરિચિતોના આવાગમનને પગલે પાર્કિંગ સહિતની વ્યવસ્થાઓ પડકારજનક બની ગઈ છે.

યોગ્ય વ્યવસ્થાના અભાવે લોકો 'નો પાર્કિંગ' તરીકે સૂચવેલા વિસ્તારમાં પણ વાહનો પાર્ક કરી ચાલ્યા જાય છે. ઉપરાંત દિવ્યાંગો માટે ફાળવાયેલા પાર્કિંગમાં પણ દિવ્યાંગ ન હોય એ લોકો જગ્યા જોઈને વાહનો પાર્ક કરી ચાલ્યા જાય છે. જેને પગલે ઘણી વખત દિવ્યાંગોએ પાર્કિંગ મુદ્દે હાલાકી ભોગવવી પડે છે. જી.જી. હોસ્પિટલમાં શ્વાન સહિતના રખડતા પશુઓના અહેવાલ અવારનવાર પ્રગટ થતા હોય છે, ત્યારે પાર્કિંગની સમસ્યા પણ લોકોને પજવી રહી છે. ઘણી વખત સુરક્ષાકર્મીઓ અને દર્દીઓના સ્વજનો વચ્ચેની રકજક પણ ચર્ચાનો વિષય બને છે.અહીં એક પાર્કિંગ માટે ના વ્યવસ્થાપક રાખવા જોઈએ તેવી માંગ પણ ઉઠવા પામી છે.



## કરોડોનું ફૂલેકું ફેરવનાર ઠગ પોલીસના સકંજામાં : ડાયરેક્ટર બની કરોડોની ઉચાપત કરનાર ઠગ આખરે પકડાયો

ગાંધીનગર | ગાંધીનગરમાં સી.આઈ.ડી. ક્રાઈમે આર્થિક ઉચાપતના કેસમાં નાસતા ફરતા ત્રણ આરોપીઓને ઝડપી લીધા છે. કંપનીના માલિકને મોટા નફાની લાલચ આપી કરોડોની રકમનો ગેરવપરાશ કરવાના આરોપ હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે અને અન્ય આરોપીઓની શોધખોળ પણ ચાલુ છે.

સી.આઈ.ડી. ક્રાઈમ, ગાંધીનગર ઝોન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ કેસમાં ફરિયાદીની કંપનીમાં જવાબદારી ધરાવતા આરોપીઓએ વિશ્વાસઘાત કર્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

કંપનીના માલિકને 30 ટકા નફાની ખાતરી આપી મોટી રકમનું રોકાણ કરાવવામાં આવ્યું હતું. બાદમાં આ રકમનો ઉપયોગ કંપનીના હિતમાં ન કરીને વ્યક્તિગત ફાયદા માટે કરવામાં આવ્યો હોવાનો આરોપ છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે વર્ષ 2023 થી 2024 દરમિયાન R.D. Trading સહિતની વિવિધ ફર્મોના નામે રો મટિરિયલ ખરીદ્યું હોવાનું બતાવવામાં આવ્યું હતું. હકીકતમાં એ જ સામગ્રી પોતાની ઓળખાણવાળી કંપનીઓને વધારે ભાવે વેચાણ દર્શાવી ખોટા હિસાબો તૈયાર કરવામાં આવ્યા હતા. આ રીતે કંપનીને કરોડો રૂપિયાનું નાણાંકીય નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું.

આ કેસમાં કુલ સાત આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો, જેમાંથી ત્રણ આરોપીઓ લાંબા સમયથી ફરાર હતા. તેમને પકડવા માટે સી.આઈ.ડી. ક્રાઈમે અલગ અલગ ટીમો બનાવી સૂત્રો અને ટેકનિકલ માહિતીના આધારે તપાસ હાથ ધરી હતી. તેના પરિણામે ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાંથી નીરવકુમાર શર્મા, તેમની પત્ની જ્યોતિબેન અને એક અન્ય વ્યક્તિ જયશ્રીબેનને ઝડપી લેવામાં આવ્યા છે. પકડાયેલા આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે, જ્યારે અન્ય સંડોવાયેલા આરોપીઓની શોધખોળ પણ ચાલુ છે. વર્ષ 2023 થી ઓગસ્ટ 2024 દરમ્યાન આરોપીઓએ R.D. Trading સહિતની ફર્મોના નામે રૂ. 83,27,461ની કિંમતનો કાચો માલ ખરીદ્યો હોવાનું દસ્તાવેજોમાં દર્શાવ્યું હતું. પરંતુ આ જ કાચા માલને આરોપીઓ સાથે સંકળાયેલી અન્ય કંપનીઓ અને ફર્મોના નામે ઊંચા ભાવે વેચાણ બતાવાયું હતું.

## કેન્સરની બીમારીમાં સપડાયેલા એક યુવાનનું અપમૃત્યુ



કાલાવડ ટાઉનમાં રહેતા અને ટોડા સોસાયટીમાં રહેતા તેમજ મજૂરી કામ કરતા કિશોર સુરાભાઈ ચંદ્રપાલ નામના ૪૫ વર્ષના યુવાનને છેલ્લા કેટલાક સમયથી કેન્સરની બીમારી લાગુ પડી હતી, અને તેની સારવાર ચાલી રહી હતી. દરમિયાન ગઈકાલે કેન્સરની બીમારીના કારણે તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના સંબંધી કરસનભાઈ અમરાભાઈ ચંદ્રપાલે પોલીસને જાણ કરતાં કાલાવડ ના એએસઆઈ વી.ડી. ઝાપડીયા એ તેઓના મૃતદેહનો કબજો સંભાળ્યો છે અને પોસ્ટમોર્ટમ કરાવી આ બનાવ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

### પૈસા આપીને સામે હેમાંગભાઈ પાસેથી સિક્યુરિટી પેટે મિલકતનો દસ્તાવેજ લીધો હતો

# હેમાંગ શાહે 2.50 કરોડની સામે 4.77 કરોડ આપ્યા છતાં વધુ પૈસા માગી ધમકી આપવામાં આવી હતી

અમદાવાદ | અમદાવાદના ગુરુકુળ રોડ પર રહેતા વેપારીએ એક શખ્સ પાસેથી 2.50 કરોડ વ્યાજે લીધા હતા, જેની સામે વેપારીએ 4.77 કરોડ વ્યાજ સહિત ચૂકવી લીધા હતા. વેપારીએ આટલી રકમ ચૂકવી છતાં વ્યાજખોરોએ વેપારીના પરિવારનું અપહરણ કરીને વેપારીની સંપતિ પચાવીને બરોબર વેચી દીધી હતી. આ અંગે વેપારીએ બે શખસ સામે આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવી છે.

ગુરુકુળ રોડ ઉપર રહેતા હેમાંગભાઈ શાહ બિલ્ડિંગ મટિરિયલનો વેપાર ધંધો અને જમીનનું કામ કરે છે. હેમાંગભાઈનો ઓમ પ્રકાશ પંજાબી સાથે સંપર્ક થયો હતો. ઓમ પ્રકાશે હેમાંગભાઈને ધંધામાં પૈસાની જરૂર હોય તો ધિરાણથી આપવા માટે જણાવ્યું હતું. હેમાંગભાઈએ પૈસાની જરૂર હોવાથી ઓમ પ્રકાશનો સંપર્ક કર્યો, ત્યારે ઓમ પ્રકાશે જીની અસીજા નામના વ્યક્તિનો સંપર્ક કરાવ્યો હતો. ઓમ પ્રકાશએ જીમીનો સંપર્ક વેપારી તરીકે કરાવ્યો હતો. જીમીએ હેમાંગભાઈને 2.50 કરોડ રૂપિયા દોઢ ટકાના વ્યાજે આપ્યા હતા, જેમાં શરૂઆતમાં ચાર મહિનાનું વ્યાજ કાપીને 2.35 કરોડ રૂપિયા આપ્યા હતા.




પૈસા આપીને સામે હેમાંગભાઈ પાસેથી સિક્યુરિટી પેટે મિલકતનો દસ્તાવેજ લીધો હતો. હેમંતભાઈએ પૈસા પરત આપવાનું ચાલુ કર્યું ત્યારે જીમીએ વ્યાજ અને પેનલ્ટીની રકમ ગણાવી વધુ પૈસાની માંગણી કરી હતી. જીમીએ હેમાંગભાઈના પરિવારનું અપહરણ કરાવી હાથ પગ તોડી નાખવાની ધમકી પણ આપી હતી. હેમાંગભાઈ પાસેથી 2.50 સામે 4.77 કરોડ લીધા બાદ તેમની વિરમગામ વાળી મિલકતનો દસ્તાવેજ પણ પોતાના નામે કરાવ્યો હતો. છતાં જીમીએ હેમાંગભાઈની એક મિલકત તેમની મંજૂરી વિના બારોબાર અન્ય વ્યક્તિને વેચી દીધી હતી. આ અંગે હેમાંગભાઈએ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

### 120 એકાઉન્ટ હોલ્ડર સામે ફરિયાદ, કેટલાક એકાઉન્ટમાંથી મહિલાઓના ન્યૂડ ફોટો-વીડિયો મળ્યા

# ઓનલાઈન 'એસ્કોર્ટ સર્વિસ' પર અમદાવાદ પોલીસની સ્ટ્રાઈક




અમદાવાદ | ઓનલાઈન એસ્કોર્ટ સર્વિસનો ચાલતા ગોરખધંધા પર અમદાવાદ પોલીસ સ્ટ્રાઈક કરી છે. ઈન્સ્ટાગ્રામ, ટ્વીટર, ફેસબુક જેવા અલગ અલગ સોશિયલ મીડિયા પર ચાલતા 120 જેટલા એકાઉન્ડ હોલ્ડર સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે એકાઉન્ટની તપાસ કરતા કેટલાક એકાઉન્ટમાંથી મહિલાઓના ન્યૂડ ફોટો-વીડિયો પણ મળી આવ્યા છે. ઓનલાઈન એસ્કોર્ટ સર્વિસ ચલાવતા લોકો ગ્રાહકોને ફસાવી ઓનલાઈન ફ્રોડ કરતા હોવાનું સામે આવ્યું છે.

#### એસ્કોર્ટ સર્વિસ માટે યુવતીઓના મોર્ફ કરેલા ન્યૂડ ફોટોનો ઉપયોગ

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઓનલાઈન એસ્કોર્ટ સર્વિસ ચલાવતા 120 સોશિયલ મીડિયા એકાઉન્ટ પર કાર્યવાહી કરી છે.અલગ અલગ પ્લેટફોર્મ પરથી એસ્કોર્ટ સર્વિસ ચલાવવામાં આવતી હતી જેમાં યુવતીઓ ફોટા અને મોર્ફ કરેલ ન્યૂડ ફોટાનો ઉપયોગ કરવામાં આવતો હતો.આ તમામ એકાઉન્ટ અમદાવાદથી અને આસપાસથી ચાલતા હોવાનું જાણવા મળ્યું છે.

ક્રાઈમ બ્રાન્ચે દ્વારા સોશિયલ મીડિયામાં મોનીટરીંગ કરીને છેલ્લા ત્રણ મહિનામાં સોશિયલ મીડિયાના અલગ અલગ પ્લેટફોર્મ પર ચાલી રહેલા એસ્કોર્ટ સર્વિસ અંગે તપાસ હાથ ધરી હતી.આ તપાસ દરમિયાન કેટલાક એકાઉન્ટ ખોટા હોવાનું પણ સામે આવ્યું હતું જે યુવતીના ખોટા ફોટો અને મોર્ફ કરેલા ન્યૂડ ફોટાનો ઉપયોગ કરીને ગ્રાહકોને આકર્ષી પૈસા પડાવતા હતા.

#### એસ્કોર્ટ સર્વિસના નામે ખંખેરાતા લોકો

ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જયેશ મકવાણાએ જણાવ્યું હતું કે ઈન્સ્ટાગ્રામ,ફેસબુક, ટ્વીટર સહિતમાં 120 જેટલા એકાઉન્ટ સામે ફરિયાદ કરવામાં આવી છે.કેટલાક એકાઉન્ટ દ્વારા કલાક દીઠ ભાવ આપીને લોકોને ખોટા ફોટાથી આકર્ષીને UPI આઈડીથી પૈસા પડાવવામાં આવે છે.AI મારફતે પણ ફોટો બનાવી સોશિયલ મીડિયામાં ફોટો મૂકીને લોકોને છેતરાવામાં આવી રહ્યા છે.

#### કેવી રીતે ઓનલાઇન એસ્કોર્ટ સર્વિસ ચાલે છે?

સોશિયલ મીડિયાના અલગ અલગ પ્લેટફોર્મ પર યુવતીઓના ફોટા અને નીચે કલાકથી લઈને નાઈટ સુધીના ભાવ લખવામાં આવે છે.જ્યારે કોઈ વ્યક્તિ ઈન્કવાયરી કરે ત્યારે તેને તમામ વિગતો મોકલવામાં આવે છે.યુવતીઓના ફોટા જોઈને ગ્રાહકો આકર્ષાઈ જાય જે બાદ એડવાન્સ પેમેન્ટ ના નામે કેટલીક રકમ યુપીઆઈ આઈડી મોકલીને લેવામાં આવે છે.જ્યારે કોઈ વ્યક્તિ પૈસા આપે તે બાદ તે વ્યક્તિને બ્લોક કરી દેવામાં આવે છે જેનાથી ઓનલાઈન એસ્કોર્ટ સર્વિસનો નામે ગ્રાહક છે.

# 7 દિવસ સુધી શુષ્ક વાતાવરણની આગાહી

### એક ટ્રફ સિસ્ટમ સક્રિય થતાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહી શકે



અમદાવાદ | રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો નથી. રાજ્યમાં સૌથી ઓછું તાપમાન કચ્છના નલિયામાં 12 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં મધ્ય મહારાષ્ટ્રથી દક્ષિણ હરિયાણા સુધી એક ટ્રફ સિસ્ટમ સક્રિય છે, જે સમુદ્ર સપાટીથી અંદાજે 0.9 કિમીની ઊંચાઈ પર સ્થિત છે. આ સિસ્ટમના કારણે રાજ્યના કેટલાક વિસ્તારોમાં આંશિક વાદળછાયું વાતાવરણ જોવા મળી શકે છે.

#### તાપમાનમાં 7 દિવસ કોઈ મોટો ફેરફાર નહિ થાય

આ ઉપરાંત, ઉત્તર પાકિસ્તાન ઉપર એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાયું છે, પરંતુ તેની ગુજરાતના હવામાન પર કોઈ ખાસ અસર થવાની શક્યતા નથી. જ્યારે આગામી 7 દિવસની આગાહી મુજબ, સમગ્ર ગુજરાતમાં હવામાન મુખ્યત્વે શુષ્ક રહેશે. લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ઘટાડો કે મહત્વપૂર્ણ ફેરફાર થવાની સંભાવના નથી. દરિયાકાંઠાના વિસ્તારો માટે હવામાન વિભાગે જણાવ્યું છે કે, હાલમાં માછીમારો માટે કોઈ ચેતવણી જાહેર કરવામાં આવી નથી. જોકે, ઉત્તર અને ઉત્તર-પૂર્વીય પવનો 15થી 20 નોટની ઝડપે ફૂંકાવાની શક્યતા છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## સુરતમાં બાળ તસ્કરી રેકેટ ઝડપાયું, બે મહિલાઓની ધરપકડ કરવામાં આવી

# સુરત ક્રાઈમ બ્રાન્ચે બાળ તસ્કરીનું કૌભાંડ રોક્યું

(એજન્સી) સુરત । તા. 01

અમદાવાદમાં તાજેતરમાં પકડાયેલા બાળ તસ્કરીના કૌભાંડ બાદ હવે દક્ષિણ ગુજરાતના સુરતમાંથી પણ આવું જ એક મસમોટું રેકેટ ઝડપાયું છે. સુરત ક્રાઈમ બ્રાન્ચે સજાગતા દાખવીને મહારાષ્ટ્રના ઔરંગાબાદથી અપહરણ કરાયેલી માત્ર આઠ દિવસની માસૂમ બાળકીને વેચાય તે પૂર્વે જ બચાવી લીધી છે. આ ગુનામાં સંડોવાયેલી બે મહિલાઓની ધરપકડ કરવામાં આવી છે, જેઓ આ માસૂમ જીવનો સોદો કરવા માટે સુરત આવી હતી.



### ઔરંગાબાદથી સુરત સુધીનું ષડયંત્ર

પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો અનુસાર, ધરપકડ કરાયેલ અંજલિ મિશ્રા અને લક્ષ્મી સોનવાણે નામની બે મહિલાઓ અગાઉ મહારાષ્ટ્રમાં પાડોશમાં રહેતી હતી. આ બંને મહિલાઓએ ઔરંગાબાદથી આ નવજાત બાળકીનું અપહરણ કર્યું હતું. બાળકીને ઊંચી કિંમતે વેચવા માટે તેઓએ સુરતને સુરક્ષિત ઠેકાણું માન્યું હતું. સુરતમાં ગ્રાહકો શોધવા માટે તેઓએ આધુનિક પદ્ધતિ અપનાવી હતી અને સોશિયલ મીડિયા તેમજ મોબાઈલ ફોન દ્વારા બાળકીના ફોટા મોકલી ૨ થી ૩ સંભવિત ગ્રાહકોનો સંપર્ક પણ સાધ્યો હતો.

### પોલીસની શંકા અને આરોપીઓની કબૂલાત

પકડાયેલી મહિલાઓ પોતાની ઓળખ છુપાવવા માટે આ બાળકી પોતાની જ હોવાનો ખોટો દાવો કરતી હતી. જોકે, જ્યારે પોલીસે તેમની પાસે બાળકીના જન્મના કાયદેસરના પુરાવા કે હોસ્પિટલના કાગળો માંગ્યા, ત્યારે તેઓ કોઈ પણ સંતોષકારક જવાબ આપી શકી નહોતી. ક્રાઈમ બ્રાન્ચને મળેલી ચોક્કસ બાતમીના આધારે, બાળકીનો સોદો પૂર્ણ થાય તે પહેલા જ પોલીસની ટીમ ત્રાટકી હતી અને બંને આરોપી મહિલાઓને દબોચી લીધી હતી. પ્રાથમિક પૂછપરછમાં મહિલાઓએ કબૂલ્યું છે કે તેઓ એક મોટા નેટવર્કનો હિસ્સો છે.

### બાળકીનું રેસ્ક્યૂ અને આગામી તપાસ

હાલમાં આ આઠ દિવસની નવજાત બાળકીને સંપૂર્ણ સુરક્ષા સાથે 'ચાઈલ્ડ વેલફેર કમિટી' (CWC) સેન્ટરમાં મોકલી દેવામાં આવી છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ મહિલાઓએ ભૂતકાળમાં અન્ય કેટલા બાળકોની તસ્કરી કરી છે અને સુરતમાં તેમના સંપર્કમાં અન્ય કયા સફેદપોશ લોકો હતા. આંતરરાજ્ય કનેક્શન હોવાથી સુરત પોલીસ હવે મહારાષ્ટ્ર પોલીસની પણ મદદ લઈ રહી છે જેથી આ રેકેટના મૂળ સુધી પહોંચી શકાય.

### ગુજરાતમાં વધતા કિસ્સાઓ અને અગાઉની કાર્યવાહી

ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા જ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને ગુજરાત ATSએ એક સંયુક્ત ઓપરેશનમાં હિંમતનગરથી હૈદરાબાદ સુધી ચાલતા બાળ તસ્કરીના નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો. તે કિસ્સામાં એક નવજાત શિશુનો ૩.૬૦ લાખ રૂપિયામાં સોદો કરવામાં આવ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, ગુજરાતમાં સતત ઝડપાઈ રહેલા આવા રેકેટને કારણે પોલીસ હવે વધુ સતર્ક બની છે અને હોસ્પિટલો તેમજ શંકાસ્પદ વિસ્તારોમાં ચાંપતી નજર રાખી રહી છે.

## રાજકોટમાં એમ્બરગ્રીસની જપ્તી: 97 લાખની કિંમતના વ્હેલ માછલીની ઉલટી સાથે બેની ધરપકડ



રાજકોટ | રાજકોટના ગોંડલ રોડ પર માલવિયાનગર પોલીસે એક બાતમીના આધારે સપાટો બોલાવી અંદાજે 97 લાખ રૂપિયાની કિંમત ધરાવતી વ્હેલ માછલીની ઉલટી સાથે બે શખ્સોને ઝડપી લીધા છે. પોલીસે 970 ગ્રામ વ્હેલ માછલીની ઉલટી સાથે મેંદરડાના કાળુ નાગજીભાઈ કયાડા અને રાજકોટના પ્રફુલ શૈલેષભાઈ ટોળિયાની ધરપકડ કરી છે. આ જથ્થો કિંમતી એમ્બરગ્રીસ હોવાની એફએસએલ દ્વારા ખાતરી કરાયા બાદ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કમિશનની લાલચ અને હેરાફેરી પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, મેંદરડાના કાળુ નામના શખ્સે આ જથ્થો પકડાયેલા આરોપી કાળુ કયાડાને આપ્યો હતો. આ હેરાફેરી કરવા બદલ કાળુને 5 લાખ રૂપિયાનું કમિશન મળવાનું હતું. જ્યારે બીજા આરોપી પ્રફુલને જો તે આ જથ્થો વેચી આપે તો 7 લાખ રૂપિયાનું કમિશન આપવાની લાલચ આપવામાં આવી હતી. ગોંડલ રોડ પરની એક હોટલ પાસે જ્યારે બંને આરોપીઓ આ જથ્થાની આપ-લે માટે ભેગા થયા હતા, ત્યારે જ પોલીસે ત્રાટકીને તેમને રંગેહાથ ઝડપી લીધા હતા.

## પોઈચા યુવતી આપઘાત કેસ: સાસરીમાં રહેતી સગીરાનો પંખે લટકી ગળાફાંસો, વિસ્તારમાં ચકચાર

(એજન્સી) વડોદરા । તા. 01

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના પોઈચા ગામે એક અત્યંત કરુણ ઘટના બની છે. આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના દાવોલ ગામની વતની અને હાલ પોઈચા ગામે પોતાની સાસરીમાં રહેતી ૧૭ વર્ષની સગીરા નિશાએ રહસ્યમય સંજોગોમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં ચર્ચા જાગી છે. યુવતીના લગ્ન હજુ થયા ન હતા, પરંતુ સગાઈ બાદ તે સાસરીમાં રહેવા આવી હતી.

સેવા કરવા આવેલી યુવતીનો કરુણ અંત પ્રાપ્ત વિગતો મુજબ, દાવોલ ગામના કિરણભાઈ ગોહિલની પુત્રી નિશાના લગ્ન પોઈચાના નિલેશ રાઠોડ સાથે નક્કી થયા હતા. બંને પરિવારોની સંમતિથી સગાઈ પણ સંપન્ન થઈ હતી. આશરે આઠ મહિના પહેલા નિલેશને પગમાં ફ્રેક્ચર થયું હોવાથી, તેની મદદ અને સેવા કરવા માટે નિશા સાસરીમાં આવી હતી અને છેલ્લા 8 મહિનાથી ત્યાં જ રહેતી હતી.

ઘટનાની વિગત તારીખ ૩૦ના રોજ, નિલેશ અને તેની માતા બંને ખેતરમાં ઘાસચારો (ચાર) લેવા માટે ગયા હતા. જ્યારે તેઓ ઘરે પરત ફર્યા ત્યારે ઘરના બંને દરવાજા અંદરથી બંધ હતા. શંકા જતાં તેમણે બારીમાંથી જોયું તો નિશા પંખા સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં લટકતી હતી. પરિવારે તાત્કાલિક બારણું તોડી તેને નીચે ઉતારી અને સારવાર માટે વડોદરાની ખાનગી હોસ્પિટલમાં ખસેડી હતી. જોકે, ટૂંકી સારવાર બાદ તેણે દમ તોડ્યો હતો.

પોલીસ તપાસ અને સવાલો સગીર વયની યુવતીએ લગ્ન પહેલા જ સાસરીમાં આ રીતે આપઘાત કેમ કર્યો? તે દિશામાં ભાદરવા પોલીસે તપાસ હાથ ધરી છે.

લગ્ન માટે હજુ ઉંમર બાકી હોવા છતાં સાસરીમાં રહેવા પાછળના કારણો અને આપઘાત પાછળ કોઈ માનસિક તણાવ કે અન્ય કોઈ પરિબળ જવાબદાર છે કે કેમ, તે અંગે પોલીસ પરિવારજનોની પૂછપરછ કરી રહી છે. હાલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી છે.



## વડોદરા ફાયર સર્વિસ બેદરકારી: 16 ફાયર સ્ટેશનમાંથી માત્ર 7 જ કાર્યરત, 50% જગ્યાઓ ખાલી

(એજન્સી) વડોદરા । તા. 01

સ્માર્ટ સિટી વડોદરામાં વસ્તી અને વિસ્તારના વિકાસની સાથે ફાયર બ્રિગેડની સેવાઓનો તાલમેલ જામતો નથી. શહેરના વિકાસ વચ્ચે કોર્પોરેશન દ્વારા ફાયર સર્વિસ પ્રત્યે ભારે બેદરકારી રાખવામાં આવી રહી છે. હાલની સ્થિતિ એવી છે કે શહેરમાં કુલ 16 ફાયર સ્ટેશનને મંજૂરી આપવામાં આવી હોવા છતાં માત્ર 7 જ સ્ટેશન કાર્યરત છે, જ્યારે બાકીના 9 સ્ટેશન ક્યારે શરૂ થશે તેની કોઈ નિશ્ચિત સમયમર્યાદા નથી.

કાર્યરત અને મંજૂર સ્ટેશનોની વિગત હાલમાં વડીવાડી, ગાજરાવાડી, જીઆઈડીસી, પાણીગેટ, છાણી, ટીપી-13 અને વાસણા ખાતે ફાયર સ્ટેશનો કાર્યરત છે. સયાજીપુરા, હરણી અને મકરપુરામાં નવા સ્ટેશનોને મંજૂરી મળી છે, પરંતુ તેનું કન્સ્ટ્રક્શન અને સ્ટાફની નિમણૂક હજુ બાકી છે. દરજીપુરા સ્થિત ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરની જવાબદારી ફાયર બ્રિગેડ પાસે છે, પરંતુ તે પૂર્ણ સમયનું ફાયર સ્ટેશન નથી. સ્ટાફની 50% થી વધુ અછત ફાયર બ્રિગેડમાં કાયમી કર્મચારીઓની સંખ્યા માત્ર 282 છે, જે મંજૂર મહેકમ કરતાં 50% ઓછી છે. આ અછતને પૂરવા માટે 117 કર્મચારીઓ કોન્ટ્રાક્ટ હેઠળ કામ કરી રહ્યા છે. જેમાંથી ઘણા ડ્રાઈવરો તો 10 વર્ષથી કોન્ટ્રાક્ટ પર છે અને કાયમી થવા માટે કોર્ટના દરવાજા ખખડાવી રહ્યા છે. મેટર કોર્ટમાં હોવાથી ભરતી પ્રક્રિયા અટકી પડી છે. આટલી ઓછી ક્ષમતા હોવા છતાં, વડોદરા ફાયર બ્રિગેડને છોટાઉદેપુર, નર્મદા, પંચમહાલ અને ખેડા જેવા જિલ્લાઓમાં પણ સેવા આપવા જવું પડે છે.

## કરજણ હાઈવે બસ અકસ્માત: ટ્રક પાછળ લક્ઝરી બસ ઘૂસી જતા ડ્રાઈવરનું કેબિનમાં કચડાઈને મોત

(એજન્સી) કરજણ । તા. 01

વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાંથી પસાર થતા નેશનલ હાઈવે 48 પર આજે વહેલી સવારે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. બામણગામ નજીક આગળ ચાલતી એક ટ્રકમાં પાછળથી પૂરઝડપે આવતી અમરેલીની ખાનગી લક્ઝરી બસ ધડાકાભેર ઘૂસી ગઈ હતી. આ અકસ્માત એટલો જોરદાર હતો કે બસના આગળના ભાગનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને ડ્રાઈવરનું કેબિનમાં જ દબાઈ જવાથી મોત નીપજ્યું હતું.

૨ દિવસમાં ૨ મોટા અકસ્માત કરજણ હાઈવે હવે જાણે 'ડેથ ઝોન' બની રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. માત્ર એક દિવસ પહેલા જ આ હાઈવે પર ઉભેલી ટ્રક પાછળ બસ ઘૂસી જતા બે મુસાફરોના મોત થયા હતા, ત્યાં આજે ફરી આવી જ દુર્ઘટનાનું પુનરાવર્તન થયું છે. વહેલી સવારે ૪:૩૦ વાગ્યાની આસપાસ જ્યારે મુસાફરો ગાઢ નિદ્રામાં હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. બસ અમરેલીથી સુરત તરફ જઈ રહી હતી અને તેમાં ૨૫ જેટલા પ્રવાસીઓ સવાર હતા.

રેસ્ક્યૂ ઓપરેશન અને જાનહાનિ દુર્ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. બસનો આગળનો ભાગ ટ્રક સાથે એવો ચોંટી ગયો હતો કે ડ્રાઈવર મયુર ખીમજીભાઈ પરમારનો મૃતદેહ કાઢવા માટે ફાયર ફાઈટરોએ ગેસ કટરથી પતરા કાપવા પડ્યા હતા. ભારે જહેમત બાદ ચાલકની લાશ બહાર કાઢવામાં આવી હતી. અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા ૧૯ મુસાફરોને તાત્કાલિક સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો અકસ્માતને પગલે નેશનલ હાઈવે 48 પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. પોલીસે ક્રેનની મદદથી અકસ્માતગ્રસ્ત વાહનોને રોડની બાજુ પર ખસેડી ટ્રાફિક હળવો કર્યો હતો. પ્રાથમિક તપાસમાં પૂરઝડપે બસ ચલાવવા અથવા ડ્રાઈવરને જોકું આવી જવાથી અકસ્માત થયો હોવાની શક્યતા સેવાઈ રહી છે. કરજણ પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ખમીદાણા વૃદ્ધા હત્યા કેસ: 6 માસથી ગુમ વૃદ્ધાની હત્યાનો ભેદ ઉકેલાયો, ગામનો જ નરાધમ ઝડપાયો



જૂનાગઢ | જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના ખમીદાણા ગામમાં 6 મહિના પહેલા બનેલી એક ગંભીર ઘટનાનો પોલીસે પર્દાફાશ કર્યો છે. જૂન માસમાં આયુષ્યમાન કાર્ડ કઢાવવા માટે ઘરેથી નીકળેલા 65 વર્ષીય સુમરીબેન બારીયા રહસ્યમય રીતે ગુમ થયા હતા. લાંબી તપાસ અને સ્થાનિકોના આક્રોશ બાદ, રેન્જ આઈ.જી. કચેરીની સ્ક્વોડે ગામના જ એક શખ્સ મહેશ મુકેશ વ્યાસની કડક પૂછપરછ કરતા ચોંકાવનારો ખુલાસો થયો છે. આરોપીએ વૃદ્ધાની હત્યા કરી લાશને કૂવામાં ફેંકી દીધી હોવાની કબૂલાત કરી છે. દુષ્કર્મનો પ્રયાસ અને ક્રૂર હત્યા પોલીસ સમક્ષ આરોપી મહેશ વ્યાસે કબૂલ્યું હતું કે તેણે સુમરીબેન પર દુષ્કર્મ કરવાનો પ્રયાસ કર્યો હતો. વૃદ્ધાએ આ કૃત્યનો પ્રતિકાર કરી બૂમાબૂમ કરતા, પકડાઈ જવાની બીકે મહેશે તેમનું ગળું દબાવી કરપીણ હત્યા કરી નાખી હતી. હત્યા કર્યા બાદ પુરાવાનો નાશ કરવા માટે તેણે લાશને કોથળામાં ભરી ગામ નજીક આવેલા એક અવાવરૂ કૂવામાં ફેંકી દીધી હતી. પોલીસે આરોપીની કબૂલાતના આધારે કૂવામાં તપાસ કરતા ત્યાંથી હાડકાં અને કરોડરજ્જુ સહિતના માનવ અવશેષો મળી આવ્યા છે.

## અલકાપુરીમાં દારૂની મહેફિલ: હોમ લોન કંપનીના 8 કર્મચારીઓ ઓફિસની ટેરેસ પર જ પાર્ટી કરતા પકડાયા



વડોદરા | વડોદરાના અલકાપુરી વિસ્તારમાં આવેલી વિશ્વાસ કોલોનીમાં શનિવારે મોડી રાત્રે પોલીસે દારૂની મહેફિલ પર મોટો દરોડો પાડ્યો હતો. ગોલ્ડ ક્રોપ્ટ કોમ્પ્લેક્સમાં આવેલી 'ડીસીઆઈ' (DCI) નામની હોમ લોન આપતી કંપનીના કર્મચારીઓ ઓફિસની ટેરેસ પર જ દારૂની મહેફિલ માણી રહ્યા હતા. 'મન્થ એન્ડિંગ' (Month Ending) ના ટાર્ગેટ પૂરા થયા હોવાની ઉજવણી કરવા માટે આ કર્મચારીઓએ ઓફિસને જ મયખાનું બનાવી દીધું હતું. પોલીસ કાર્યવાહીની વિગત અકોટા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે ગોલ્ડ ક્રોપ્ટ કોમ્પ્લેક્સની ટેરેસ પર કેટલાક શખ્સો દારૂ પી રહ્યા છે. પોલીસે તુરંત જ દરોડો પાડતા ટેરેસના એક ખૂણામાં 8 કર્મચારીઓ કુંડાળું વળીને બેઠેલા મળી આવ્યા હતા. તેમની વચ્ચે દારૂની અડધી બોટલ, આઠ ગ્લાસ અને નાસ્તાના પેકેટ્સ વેરવિખેર હાલતમાં હતા.

**ગીરગઢડા સિંહબાળ રેસ્ક્યૂ: પાણી ભરેલા કૂવામાંથી સિંહબાળને બહાર કાઢી એનિમલ કેર સેન્ટર ખસેડાયું**


## ઝાંઝરીયામાં 50 ફૂટ ઊંડા કૂવામાં ખાબકેલા 6 માસના સિંહબાળનો આબાદ બચાવ

(એજન્સી) સામતેર/ગીરગઢડા । તા. 01

ગીર સોમનાથ જિલ્લાના ગીરગઢડા પંથકમાં આવેલા ઝાંઝરીયા ગામની સીમમાં ગત મોડી રાત્રે એક મોટી દુર્ઘટના ટળી હતી. રસ્તો ભટકેલું એક અંદાજે 6 માસનું સિંહબાળ ખેતરની વાડીમાં આવેલા 50 ફૂટ ઊંડા કૂવામાં ખાબક્યું હતું. વન વિભાગની રેસ્ક્યૂ ટીમે સમયસૂચકતા વાપરીને સિંહબાળને કૂવામાંથી સહીસલામત બહાર કાઢી લેતા વન્યજીવ પ્રેમીઓએ રાહતનો શ્વાસ લીધો છે.

પાણીમાં મોત સામે જંગ ઝાંઝરીયા ગામની સીમમાં આવેલી રવેસિંગભાઈ નારણભાઈ વાળાની વાડીમાં આ અકસ્માત સર્જાયો હતો. કૂવો પાણીથી ભરેલો હોવાથી સિંહબાળ ડૂબી જાય તેવી પૂરેપૂરી શક્યતા હતી. જ્યારે વાડી માલિકે કૂવામાં જોયું ત્યારે સિંહબાળ માત્ર તેનું મોઢું પાણીની બહાર રાખીને જીવ બચાવવા હવાતિયાં મારી રહ્યું હતું. આ અંગેની જાણ તાત્કાલિક વન વિભાગને કરવામાં આવી હતી.

વનકર્મીઓનું સાહસિક રેસ્ક્યૂ જશાધાર આર.એફ.ઓ.ના માર્ગદર્શન હેઠળ વન વિભાગની રેસ્ક્યૂ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. કૂવાની ઊંડાઈ અને પાણીને જોતા રેસ્ક્યૂ અત્યંત જોખમી હતું. વનકર્મીઓએ પોતાના શરીરે દોરડા બાંધીને જીવના જોખમે કૂવામાં પાંજરું ઉતાર્યું હતું. ભારે જહેમત



બાદ સિંહબાળને પાંજરામાં પૂરીને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યું હતું. વન વિભાગની આ કામગીરીને ગ્રામજનોએ પણ બિરદાવી હતી.

આરોગ્ય તપાસ અને સારવાર કૂવામાંથી બહાર કાઢ્યા બાદ સિંહબાળ થોડું ગભરાયેલું અને થાકેલું જણાયું હતું. વન વિભાગના જણાવ્યા અનુસાર, સિંહબાળને પ્રાથમિક સારવાર અને દેખરેખ માટે જશાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યું છે. નિષ્ણાત તબીબો દ્વારા તેની તપાસ કરવામાં આવશે અને તે સંપૂર્ણ સ્વસ્થ જણાતા તેને ફરીથી ગીરના જંગલમાં તેની માતા (સિંહણ) સાથે પુનઃ મિલન કરાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

**વડોદરા ફૂડ વિભાગની કાર્યવાહી**

## શહેરની જાણીતી હોટલ અને લારીઓ પર તવાઈ, 1.37 લાખ રૂપિયાનો દંડ

(એજન્સી) વડોદરા । તા. 01

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ખોરાક શાખાની ટીમો દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં રાબેતા મુજબ ખાદ્ય પદાર્થોની તપાસ અને કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. રવિવારે મેમણ કોલોની, આર્યુવેદિક ત્રણ રસ્તા, મકરપુરા, દુમાડ ચોકડી, સમા-સાવલી રોડ અને અલકાપુરી વિસ્તારમાં લારી, દુકાન અને રેસ્ટોરન્ટ સહિત કુલ 20 યુનિટ ખાતે આકસ્મિક ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં 16 યુનિટમાં બેદરકારી અને નિયમભંગ નોંધાયો હતો.

અખાદ્ય જથ્થો અને દંડની વિગતો નિયમોનું ઉલ્લંઘન કરનાર 8 યુનિટને શિડ્યૂલ ચાર મુજબ નોટિસ પાઠવવામાં આવી હતી. તપાસ દરમિયાન મળેલા 82 કિલોગ્રામ અખાદ્ય પદાર્થોના જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ સાથે સિંગલ યુઝ પ્લાસ્ટિક મળી આવતા 3 કિલો પ્લાસ્ટિકનો જથ્થો પણ નષ્ટ કરાયો હતો. સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ અને ગંદકી રાખવાના કેસમાં કુલ રૂ. 1.37 લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ દ્વારા સેમ્પલિંગ કીર્તિસ્તંભ અને આરવી દેસાઈ રોડ વિસ્તારમાં કોર્પોરેશનની મોબાઈલ ટેસ્ટિંગ વાન દ્વારા 13 યુનિટમાંથી સેવ ઉસળ, મરચાં પાવડર, તેલ, ગ્રેવી અને ચટણી વગેરેના કુલ 30 સેમ્પલની સ્થળ પર જ ચકાસણી કરવામાં આવી હતી. ચકાસણી દરમિયાન એક યુનિટ ખાતે વારંવાર તળેલું અને કાળું પડી ગયેલું તેલ મળી આવ્યું હતું, જેમાં ટી.પી.સી.નું પ્રમાણ વધુ હોવાથી 2 કિલો અખાદ્ય તેલનો જથ્થો નાશ કરાયો હતો. કોર્પોરેશનની આ કડક કાર્યવાહીથી ખાદ્ય પદાર્થોના વિક્રેતાઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. ફૂડ વિભાગે નાગરિકોને પણ અપીલ કરી છે કે કોઈપણ સ્થળે અખાદ્ય ખોરાક જણાતા તુરંત ફરિયાદ કરવી.

**આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતી આદ્ર ભુમિ, પંખીઓનું સ્વર્ગ જાહેર થયું**

# કચ્છના છારી ઢંઢને રામસર સાઈટનો દરજ્જો

(એજન્સી) ભુજ । તા. 01

વિશ્વ વેટલેન્ડ દિવસ પૂર્વે કચ્છના બન્ની વિસ્તારમાં આવેલા છારી ઢંઢ આરક્ષિત વિસ્તારને 'રામસર સાઈટ' તરીકે વૈશ્વિક માન્યતા મળતા પર્યાવરણ પ્રેમીઓમાં ખુશીની લહેર દોડી ગઈ છે. આ જાહેરાત સાથે જ કચ્છનું આ પ્રથમ સ્થળ આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતી આદ્ર ભુમિ (વેટલેન્ડ) બની ગયું છે. ભુજથી આશરે ૮૦ કિલોમીટરના અંતરે આવેલું આ અભ્યારણ્ય હવે વિશ્વના નકશા પર ચમકશે, જેનાથી પ્રવાસન અને સંરક્ષણ ક્ષેત્રે નવા દ્વાર ખુલશે.

### પક્ષીઓ અને વન્યજીવો માટે કુદરતી આશ્રયસ્થાન

સત્તાવાર સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, ૨૨૭ ચોરસ કિલોમીટર વિસ્તારમાં પથરાયેલું છારી ઢંઢ દેશ-વિદેશના પંખીઓ માટે સ્વર્ગ



સમાન છે. શિયાળાની ઋતુમાં યુરોપ, સાઈબેરિયા અને મધ્ય એશિયાની બર્ફીલી ઠંડીથી બચવા માટે અહીં ૩૦,૦૦૦ થી વધુ કુંજ, મળતાવડી ટીટોડી અને ચોટીલી જેવા સ્થળાંતરિત પંખીઓ આવે છે. આ ઉપરાંત, હંજ (ફ્લેમિંગો) અને સારસ પંખીઓની જોડી તેમજ લુપ્તપ્રાય થતા ડાલમેશિયન પેલિકન જેવા શિકારી પંખીઓ પણ અહીં કિલ્લોલ કરતા જોવા મળે છે. માત્ર પંખીઓ જ નહીં, પરંતુ ચિંકારા, રણ બિલાડી, લોમડી અને હેણોતરો જેવા દુર્લભ વન્યજીવોનું પણ આ નિવાસસ્થાન છે.

છારી ઢંઢની ભૌગોલિક વિશેષતા એ છે કે તેની એક તરફ રણ અને બીજી તરફ બન્નીના વિશાળ ઘાસના મેદાન આવેલા છે. આ છીછરા સરોવરવાળા વિસ્તારમાં આશરે ૨૫૦ થી વધુ પ્રજાતિના પંખીઓ નોંધાયા છે. આ નવી માન્યતા સાથે ભારતમાં રામસર સાઈટની કુલ સંખ્યા ૯૮ પર પહોંચી છે, જેમાં ગુજરાતના પાંચ મહત્વના સ્થળોનો સમાવેશ થાય છે.

### ગુજરાતના અન્ય રામસર સાઈટ પર એક નજર

ગુજરાતમાં છારી ઢંઢ પૂર્વે અન્ય ચાર સ્થળોને આ આંતરરાષ્ટ્રીય સન્માન મળી ચૂક્યું છે:

નળ સરોવર (અમદાવાદ): ૨૫૦ પ્રકારના પક્ષીઓથી સમૃદ્ધ ૧૨૧ ચો.કિ.મી.નું મોટું અભ્યારણ્ય.

થોળ તળાવ (મહેસાણા): ૧૫૦ થી વધુ પ્રજાતિના પક્ષીઓનું આશ્રયસ્થાન.

વઢવાણા વેટલેન્ડ (વડોદરા): ૧૯૧૦માં બનેલો ડેમ જે ૨૦૨૧માં રામસર સાઈટ જાહેર થયો.

ખીજડીયા (જામનગર): ખારા અને મીઠા પાણીના પંખીઓનું અનોખું સંગમસ્થાન.

મીડિયા અહેવાલ અનુસાર, છારી ઢંઢને રામસર સાઈટ જાહેર કરવાથી આ વિસ્તારના સંરક્ષણ માટે આંતરરાષ્ટ્રીય ભંડોળ અને ટેકનિકલ સહાય મળવાની શક્યતા વધી છે. રણ અને જળપ્લાવિત વિસ્તારની વચ્ચેની આ સમતુલા જાળવી રાખવી પર્યાવરણ માટે અત્યંત જરૂરી છે. આ જાહેરાતથી કચ્છના સફેદ રણ બાદ હવે છારી ઢંઢ પણ વિશ્વભરના પક્ષીપ્રેમીઓ અને પ્રવાસીઓ માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બનશે.

**ગંભીર બેદરકારી દાખવનાર એસ.ટી. ડ્રાઈવર સસ્પેન્ડ**

## વાસદ પાસે 45 મુસાફરોને બસમાં રામભરોસે મૂકી ડ્રાઈવર રફુચક્કર

(એજન્સી) વડોદરા । તા. 01

વડોદરા ડેપોની એસ.ટી. બસના એક ડ્રાઈવરની શરમજનક કરતૂત સામે આવી છે. શુક્રવારે રાત્રે વડોદરાથી દીવ જતી બસ લઈને નીકળેલા ડ્રાઈવર કમલેશ પુનમભાઈ પરમારે વાસદ નજીક નંદેસરી ગામ પાસે હાઈવે પર અચાનક બસ ઉભી રાખી દીધી હતી. મુસાફરોને "લઘુશંકા કરીને હમણાં જ આવું છું" તેમ કહીને ઉતરેલો ડ્રાઈવર લાંબા સમય સુધી પરત ન ફરતા 45 જેટલા મુસાફરો કડકડતી ઠંડીમાં હાઈવે પર અટવાઈ પડ્યા હતા.

ડ્રાઈવર નશામાં હતો ઘટના સ્થળે હાજર એક મુસાફરે આ સમગ્ર મામલાનો વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો છે. મુસાફરોના જણાવ્યા મુજબ, બસ રાત્રે 9 વાગ્યે ઉપડવાની હતી પરંતુ ડ્રાઈવર મોડો આવતા એક કલાક બાદ ઉપડી હતી. મુસાફરોએ એવો પણ ગંભીર આક્ષેપ કર્યો છે કે ડ્રાઈવર નશાની હાલતમાં હતો અને રસ્તામાં બે વખત અકસ્માત થતા રહી ગયો હતો. કંડક્ટરે પણ સ્વીકાર્યું હતું કે ડ્રાઈવર ફાજલપુર-નંદેસરી ચોકડી વચ્ચે બસ મૂકીને નાસી ગયો હતો.

વૈકલ્પિક વ્યવસ્થા અને એસટી નિગમની કાર્યવાહી બસ અધવચ્ચે ઉભી રહી જતા કંડક્ટરે ડેપોના અધિકારીઓને જાણ કરી હતી. લગભગ એક કલાકના વિલંબ બાદ અન્ય ડ્રાઈવરની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી હતી અને બસને રવાના કરાઈ હતી. એસટી નિગમના વડોદરા વિભાગે આ ઘટનાની ગંભીર નોંધ લીધી છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરીને-તમે તમારા ધ્યેયોને આસાનીથી પ્રાપ્ત કરી શકશો.

**વૃષભ : બ. વ. ઉ.**

ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. પરિવારમાંના કોઈ મોટી વયની વ્યક્તિની તબિયત તાણ ઊભી કરી શકે છે.

**મિથુન : ક. છ. ઘ.**

પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે.

**કર્ક : ડ. હ.**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો.

**સિંહ : મ. ટ.**

તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરતા નહીં, કેમ કે આવું કરવાથી તમારી બીમારી વકરી શકે છે. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે.

**કન્યા : પ. ઠ. ણ.**

છેલ્લા થોડા સમયથી તમારામાંના જે લોકો ઑવરટાઈમ કામ કરી રહ્યા છે- તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. મિત્રો અને સંબંધીઓ પર તમારા અભિપ્રાય થોપશો.

**તુલા : ર. ત.**

મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. જો તમે દરેકની માગનું ધ્યાન રાખવા જસો તો તમે આજે અનેક વિવધ દિશાઓમાં વહેંચાયેલા રહેશો.

**વૃશ્ચિક : ન. ય.**

તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારૂ સ્મિત હતાશા સામે સંકટ-મોચક જેવું કામ કરશે. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે.

**મકર : ખ. જ.**

કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. તમારૂ સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો.

---

**૧૨ રાજ્યના ૫૧૯ સ્પર્ધકોએ ભાગ લીધો**

# જૂનાગઢમાં ૧૮મી અખિલ ભારત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાનો ઉત્સાહભેર પ્રારંભ

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા. 1

જૂનાગઢમાં ગિરી તળેટી ખાતે ૧૮મી અખિલ ભારત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાનો આજે વહેલી સવારે ખુશનુમા વાતાવરણમાં ઉત્સાહભેર પ્રારંભ થયો હતો. દેશભરના ૫૧૯ જેટલા સ્પર્ધકોએ ગુજરાતના સૌથી ઊંચા ગિરનાર પર્વતને સર કરવા માટે જોમ જુસ્સા સાથે દોટ મૂકી હતી. આ અખિલ ભારતીય ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાનો મેયરશ્રી ધર્મેશભાઈ પોશીયા, કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયા, ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા, ડેપ્યુટી મેયરશ્રી આકાશભાઈ કટારા, શ્રીમતી પલ્લવીબેન ઠાકર, કમિશનરશ્રી તેજસ પરમાર, જિલ્લા પોલીસ વડાશ્રી સુબોધ ઓંડેદરા, શ્રી કલ્પેશ અજવાણી, પ્રાંત અધિકારીશ્રી ચરણસિંહ ગોહિલ, જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રીમતી નીતાબેન વાળા સહિતના મહાનુભાવોએ આકાશમાં ત્રિરંગા બલૂન ફ્લાય કરી અને ફ્લેગ ઓફ આપી સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો હતો. જિલ્લા કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયાએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૮માં શરૂ થયેલી આ ૧૮મી રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર






આરોહણ સ્પર્ધામાં ૧૨ રાજ્યના ૫૧૯ સ્પર્ધકોએ ભાગ લીધો છે, આ સ્પર્ધાથી ગુજરાત અને જૂનાગઢ સાથે દેશભરના સ્પર્ધકોનું સાંસ્કૃતિક જોડાણ પણ સ્થાપિત થાય છે. આ ઉપરાંત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ફિટ ઈન્ડિયા અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મેદસ્વિતા મુક્ત અભિયાનને પણ સાર્થક કરે છે. તેમણે જણાવ્યું કે, આ સ્પર્ધાનું પરિણામ સંપૂર્ણ ટેકનોલોજીના આધારે તૈયાર કરવામાં આવે છે, કોઈપણ માનવીય હસ્તક્ષેપ વગર આરએફઆઈડી ટેકનોલોજીના ઉપયોગથી તૈયાર કરવામાં આવે છે. ઉપરાંત આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકો માટે રહેવા - જમવા, મેડિકલ તપાસ સહિતની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજિત અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સંચાલિત આ સ્પર્ધા ૪ કેટેગરીમાં યોજાઈ છે. જેમાં સિનિયર ભાઈઓમાં ૧૮૯, જુનિયર ભાઈઓમાં ૧૨૮, જુનિયર બહેનોમાં ૧૧૯ અને જુનિયર બહેનોમાં ૮૩ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે, સિનિયર-જુનિયર ભાઈઓ માટે અંબાજી સુધીના ૫૫૦૦ પગથિયા અને સિનિયર જુનિયર બહેનો માટે માળી પરબ સુધી ૨૨૦૦ પગથિયાની સ્પર્ધા રહે છે.

## શ્રી યોગીજી મહારાજ હાઈસ્કૂલ રાજપુર ના વિદ્યાર્થી સોલંકીએ હેમર થ્રોમાં દ્વિતીય સ્થાન મેળવી ગૌરવ વધાર્યું

નડિયાદ/કડી, ફેબ્રુઆરી 01

ગુજરાત સરકાર દ્વારા નડિયાદ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આયોજિત રાજ્ય કક્ષાના *'ખેલ મહાકુંભ'*માં શ્રી યોગીજી મહારાજ હાઈસ્કૂલ રાજપુર તાલુકો કડી ના વિદ્યાર્થી સોલંકી અભય ડી સોલંકી એ હેમર થ્રો સ્પર્ધામાં પોતાની અદભૂત શક્તિનું પ્રદર્શન કરી સમગ્ર રાજ્યમાં દ્વિતીય ક્રમ (સિલ્વર મેડલ) પ્રાપ્ત કર્યો છે. વિદ્યાર્થીની આ ઝળહળતી સિદ્ધિ બદલ શાળાના પ્રમુખ શ્રી ગોવિંદભાઈ પટેલ અને આચાર્ય શ્રી વિપુલભાઈ પટેલ સાહેબ તેમજ વાલી મંડળના પ્રમુખશ્રી સંજયસિંહ ડાભી એ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. પ્રમુખ શ્રી ગોવિંદભાઈ પટેલે આ તકે જણાવ્યું હતું કે, “શાળાના વિદ્યાર્થીઓ માત્ર અભ્યાસમાં જ નહીં, પરંતુ રમતગમત ક્ષેત્રે પણ રાજ્ય સ્તરે ડંકો વગાડી રહ્યા છે તે ગૌરવની વાત છે.”આ સફળતા પાછળ માર્ગદર્શક તરીકે વ્યાયામ શિક્ષક શ્રી મિનેશકુમાર પટેલની મહેનત અને યોગ્ય તાલીમ પાયામાં રહી છે. મિનેશ પટેલ ના માર્ગદર્શન હેઠળ સોલંકીએ નડિયાદના મેદાનમાં કઠિન સ્પર્ધા વચ્ચે પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું હતું. આચાર્ય શ્રી વિપુલભાઈએ સોલંકીની ખેલદિલી અને શિસ્તના વખાણ કરી તેને આગામી નેશનલ સ્પર્ધા માટે પ્રોત્સાહિત કર્યો હતો. શાળા પરિવાર, ટ્રસ્ટી મંડળ અને ગ્રામજનો તરફથી સોલંકીને તેની આ ઐતિહાસિક સિદ્ધિ બદલ ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.નડિયાદના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં તારો ‘હેમર થ્રો’ આજે વિજયનો નાદ બનીને ગુંજ્યો છે.

---

**દાયકાનો રેકોર્ડબ્રેક**

## જૂનાગઢમા શ્રી સંહિતા મહિલા મંડળ દ્વારા અલગ અલગ સ્પર્ધા યોજાઈ

| નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ તા.૧. શ્રી સંહિતા મહિલા મંડળ, જૂનાગઢ દ્વારા તારીખ 30 જાન્યુઆરી 2026 ને શુક્રવારના રોજ રેડ ક્રોસ હોલ, આઝાદ ચોક, જૂનાગઢ ખાતે સંસ્થાના સ્થાપક શ્રી વીણાબેન પંડ્યાની યાદમાં સ્પર્ધા રાખવામાં આવી હતી. સ્પર્ધા નં.1 ગ્રીન સલાડ શણગાર : ઘરેથી બનાવીને લઈ આવવાની સ્પર્ધા. જેમાં શાકભાજી સાથે કઠોળ અને ફળ પણ રાખેલ પરંતુ ગ્રીન હોવું જોઈએ...અને

સ્પર્ધા નં.2.. એક મિનિટમાં લીલાં શાકભાજી છુટા પાડવાની હરીફાઈ : આ હરિફાઈમાં આંખે પાટા બાંધી અને શાકભાજી છૂટા પાડવાના હતા. (શાકભાજી ચાર પ્રકારના હતા. વાલોળ, મરચા, ભીંડો, અને વટાણા) આ સ્પર્ધામાં મોટી સંખ્યમાં બહેનોએ ભાગ લીધેલ શાકભાજી છુટા પાડવાની સ્પર્ધામાં પ્રથમ નંબરે અનુપમાબેન રાચ્છ બીજા નંબરે ગીતાબેન કોટક અને ત્રીજા નંબરે પુનમબેન આવ્યા હતા, વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ, આ કાર્યક્રમને સફળ બનાવવા ચેરમેન ચેતનાબેન પંડ્યા, પ્રમુખશ્રી ચંદ્રિકાબેન મહેતા તેમજ તમામ કારોબારીના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.



**છારી-ઢંઢને રામસર સાઈટનો દરજ્જો**

## શિયાળાની ઋતુ શરૂ થતાં જ છારી-ઢંઢ હજારો સ્થળાંતર પક્ષીઓનું આશ્રયસ્થાન

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કચ્છના ઈકો-ટૂરિઝમ અને પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે એક મહત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. બન્ની ઘાસના મેદાનના છેડે આવેલ છારી-ઢંઢ કન્ઝર્વેશન રિઝર્વને સત્તાવાર રીતે આંતરરાષ્ટ્રીય મહત્વની વેટલેન્ડ તરીકે ઓળખાતી *‘રામસર સાઈટ’*નો દરજ્જો મળ્યો છે.વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે આ માન્યતા મળવાથી પર્યાવરણ સંરક્ષણ, જૈવ વૈવિધ્યતા, સ્થાનિક રોજગાર અને વૈશ્વિક ઓળખ જેવા ક્ષેત્રોમાં સકારાત્મક બદલાવ આવશે. તેમણે આ સિદ્ધિને કચ્છ માટે “સોના નો સુરજ” ગણાવ્યો. છારી-ઢંઢ હવે ગુજરાતની પાંચમી અને કચ્છની પ્રથમ રામસર સાઈટ બની છે. રાજ્યમાં પહેલેથી નળ સરોવર, થોળ, ખીજડીયા અને વઢવાણા વેટલેન્ડને આ દરજ્જો મળેલો છે. શિયાળાની ઋતુ શરૂ થતાં જ છારી-ઢંઢ હજારો સ્થળાંતર પક્ષીઓનું આશ્રયસ્થાન બની જાય છે. અહીં ખાસ કરીને કોમન ક્રેનના મોટા ઝુંડ પ્રવાસીઓ માટે મુખ્ય આકર્ષણ બને છે.

---

**અત્યંત નિષ્ઠા અને સ્મિત સાથે પોતાની ફરજ બજાવી**

## થરાદના આંગણે ૭૭માં પ્રજાસત્તાક પર્વની ઐતિહાસિક સફળતા બાદ વિધાનસભાના અધ્યક્ષશ્રી દ્વારા કર્મવીરોનું સન્માન કરાયું



પાલનપુર : નવનિર્મિત વાવ - થરાદ જિલ્લામાં ૭૭માં પ્રજાસત્તાક પર્વની રાજ્ય કક્ષાની હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ઐતિહાસિક આયોજનને સફળ બનાવવામાં પાયાનું યોગદાન આપનાર કર્મવીરોનો અભિવાદન કાર્યક્રમ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ પ્રસંગે પ્રજાજનો વતી જિલ્લા વહીવટી તંત્રને અભિનંદન પાઠવતા અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ આજે થરાદ જેવા સરહદી વિસ્તારમાં રાષ્ટ્રીય પર્વની ભવ્ય ઉજવણી શક્ય બની છે. સમગ્ર વાવ અને થરાદ પંથકમાં રાષ્ટ્રીયતાનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો, જેમાં તમામ નાગરિકો અને કર્મયોગીઓ ઉમળકાભેર સહભાગી બન્યા હતા.અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, તમામ વિભાગે જનતા સાથે મળીને જે સુંદર સંકલન અને સુરક્ષા વ્યવસ્થા જાળવી છે તે કાબિલેદાદ છે. દરેક કર્મયોગીએ અત્યંત નિષ્ઠા અને સ્મિત સાથે પોતાની ફરજ બજાવીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો છે. રાજ્ય કક્ષાએથી પણ આ સુંદર આયોજન માટે વહીવટી તંત્રની કામગીરીની સરાહના કરવામાં આવી છે. ખાસ કરીને આ પર્વમાં મહિલાઓની સહભાગીતા વધુ હતી તથા શસ્ત્ર પ્રદર્શન વિશેષરૂપે યુનિક હતું. વાવ - થરાદના નાગરિકોએ સરકારી ઈમારતો સિવાય પોતાની પ્રાઈવેટ બિલ્ડિંગમાં પણ રોશની કરી હતી અને રાત્રિના સમયે આખું થરાદ રોશનીથી ચમકતું હતું. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, ટીમ વાવ - થરાદે શ્રેષ્ઠ કાર્ય કર્યું છે અને આ અવિરત કામગીરી થકી વાવ - થરાદ જિલ્લાને દેશનો અગ્રિમ જિલ્લો બનાવવા માટે સૌ કોઈએ સાથે મળીને કામ કરવાનું છે.

# કાવીઠા ગામે આઠ વર્ષ ના અમિતકુમાર નો પાણી ભરેલા ઊંડા ખાડામાં થી મૃતદેહ મળ્યો

| કમલેશ પટેલ | સંખેડા

કાવીઠા ગામે રહેતા નાયકા રવિદાસ વિક્રમભાઈ નો પુત્ર અમિતભાઈ જેવો ની ઉંમર આઠ વર્ષની છે જે ગઈકાલે નાયકા ફળિયાની પાછળ કોતર પસાર થાય છે અને એને આગળ એક ચેકડેમ આવેલો છે જેના કારણે પાણી ભરાયેલું હોવાથી અગમ્ય કારણે પ્રાથમિક માહિતી અનુસાર આઠ વર્ષનું બાળક નાહવા જતા ખાડા માં પડી જતા મૃત્યુ પામતા અમિત નો મૃતદેહ બહાર કાઢ્યો હતો અને ઘરના વ્યક્તિઓ દ્વારા સંખેડા પોલીસ સ્ટેશનને જાણ કરાતા સંખેડા પોલીસ તેમજ બહાદરપુર પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ આજે ઘટના સ્થળે પહોંચી નિરીક્ષણ કર્યું હતું મૃત્યુ પામેલ આઠ વર્ષના મૃતક અમિતને પીએમ અર્થે સંખેડા રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવા આવ્યો હતો અને પોલીસ દ્વારા વધુ તપાસ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.





## ઠાકોરજીનાં શ્રૃંગાર દર્શન



જગદીશ દવે દેશલપર (ગુંતલી)

ઠાકર મંદિર નખત્રાણા કચ્છ,ગુજરાત નખત્રાણા નગરે ઠાકર મંદિરે માઘી પૂર્ણિમા તેમજ ગુરુ રવિદાસ જયંતી નિમીતે ઠાકોરજીનાં શ્રૃંગાર આરતી દર્શન નું આયોજન કરાયુ.

**અંકલેશ્વર થી રાજપીપળા જતી બ્રોડગેજ રેલવે પાંચ વર્ષથી બંધ**

## કેવડિયા તરફ વિકાસ માં પોરવાયેલી સરકાર ને હવે જિલ્લા નું મુખ્ય મથક રાજપીપળા ઓરમાયું લાગે છે

| ભરત શાહ | નર્મદા : તા.1


કરોડો ના ખર્ચે નંખાયેલ અંકલેશ્વર થી રાજપીપળા જતી બ્રોડગેજ રેલવે પાંચ વર્ષથી બંધ, સરકારને હવે કેવડિયા તરફ ના વિકાસ માં રસ હોવાનું જણાય છે. છેલ્લા પાંચ વર્ષથી રાજપીપલા ની બ્રોડગેજ ટ્રેન બંધ થવા પામી છે અને એનું સ્થાન કેવડિયામાં એકતાનગર રેલવે સ્ટેશનએ લીધું છે હવે તમામ ટ્રેનો એકતાનગર આવે છે અને રાજપીપલા સાઈડ માં રહી ગયું છે, જેને કારણે રાજપીપલા ના વેપાર ધંધા પર મોટી અસર થાય છે વેપારીઓનું માનવું છે કે આ ટ્રેન ફરી શરૂ થવી જોઈએ. રજવાડી નગરી રાજપીપલા એ હવે નર્મદા જિલ્લાનું મુખ્ય મથક છે પરંતુ રાજા રજવાડા સમયમાં એ એક રજવાડું હતું અને એની ઓળખ અહીંની રેલ્વે એટલે કે બાબા ગાડી ના નામે પ્રચલિત કોલસા વાળી ટ્રેન હતી, કાળક્રમે આ ટ્રેન નેરોગેજ અને બ્રોડગેજમાં રૂપાંતરિત કરી અને તે સમયે રાજપીપળા ધંધાનું હબ કહેવાતું . આ ટ્રેનમાં મુંબઈથી પણ માલ સામાન રાજપીપળામાં આવતો અને રાજપીપલા નો ધંધા રોજગાર ખૂબ જ વખણાતો છેલ્લા પાંચ વર્ષથી અહીંની બ્રોડગેજ ટ્રેન બંધ થવા પામી છે અને એનું સ્થાન કેવડિયામાં એકતાનગર રેલવે સ્ટેશનએ લીધું છે હવે તમામ ટ્રેનો એકતાનગર આવે છે અને રાજપીપલા બાજુ પર રહી ગયું છે, જેને કારણે રાજપીપલા ના વેપાર ધંધા પર મોટી અસર થાય છે વેપારીઓનું માનવું છે કે આ ટ્રેન ફરી શરૂ થવી જોઈએ. હાલ 2026 નું બજેટ રજૂ થવા જઈ રહ્યું છે ત્યારે નર્મદા જિલ્લો અતિ પછાત જિલ્લો છે અહીં સ્ટેચ્યુ ઓફ યુનિટી આવી એટલે જિલ્લા માં અનેક વિસ્તારોમાં વિકાસ થયો પરંતુ નર્મદા જિલ્લા ના મુખ્ય મથક રાજપીપલા શહેર માં વિકાસ થી વંચિત જોવા મળી રહ્યો છે.

---

**‘૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ’**

## અંબાજી ખાતે ‘૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ’ના બીજા દિવસે ભક્તિનો મહાસાગર ઉમટ્યો

પાલનપુર : યાત્રાધામ અંબાજી ખાતે આયોજિત ‘૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ’ના બીજા દિવસે ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ મહોત્સવના ભાગરૂપે શ્રી અંબાજી શક્તિપીઠ ગબ્બર ખાતે શ્રી આનંદ ગરબા મહાધુનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૦ વાગ્યાથી શરૂ થયેલી આ મહાધુન રાત્રે ૧૦ વાગ્યા સુધી સતત ચાલશે, જેમાં ૫૦થી વધુ બહેનો શ્રદ્ધાપૂર્વક ભાગ લઈ માતાજીની આરાધના કરી રહી છે. આ ધાર્મિક કાર્યક્રમથી સમગ્ર પથ ભક્તિમય જોવા મળી રહ્યો છે. પરિક્રમા મહોત્સવમાં સહભાગી થઈ રહેલી આ બહેનોનો ઉત્સાહ વધારવા માટે વહીવટી તંત્ર પણ અગ્રેસર રહ્યું છે. અંબાજી મંદિરના વહીવટદાર અને અધિક કલેકટરશ્રી કૌશિક મોદી તથા અંબાજી પ્રાંત અધિકારીશ્રી હરિની કે.આર. દ્વારા મહાધુનમાં જોડાયેલી બહેનોને માતાજીની પવિત્ર ચુંદડી ઓઢાડી સન્માનિત કરવામાં આવી હતી. અધિકારીઓએ બહેનોની ભક્તિની સરાહના કરી મહોત્સવને સફળ બનાવવામાં તેમના યોગદાનને બિરદાવ્યું હતું.આ મહોત્સવ સાંસ્કૃતિક વારસાના જતનનું પ્રતીક પણ બન્યો છે. ૫૧ શક્તિપીઠ પરિક્રમા પથ પર હજારો શ્રદ્ધાળુઓ એકસાથે તમામ શક્તિપીઠોના દર્શનનો લ્હાવો લઈ રહ્યા છે. મહોત્સવના બીજા દિવસે યાત્રીઓની સુવિધા માટે તંત્ર દ્વારા ચુસ્ત સુરક્ષા, પીવાના પાણી અને આરોગ્યની સેવાઓ પણ સુનિશ્ચિત કરવામાં આવી છે, જેથી દૂર-દૂરથી આવતા માઈભક્તો કોઈ પણ અડચણ વગર દર્શન અને પરિક્રમાનો આનંદ માણી શકે.



**દરેક ધર્મપ્રેમી જનતાએ એકવાર શક્તિપીઠ પરિક્રમા મુલાકાત લેવી જોઈએ**

# અંબાજી ગબ્બર ખાતે ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો બીજો દિવસ

પાલનપુર : યાત્રાધામ અંબાજી ખાતે ગબ્બરના પવિત્ર ડુંગર પર આયોજિત ‘૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ’ અત્યારે શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર બન્યો છે. પરિક્રમાના બીજા દિવસે આ મહોત્સવમાં ગુજરાતના ગામેગામથી માઈભક્તો ઉમટી રહ્યા છે.

બેચરાજીથી આવેલા શ્રદ્ધાળુ માનસીબેને પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી મફત એસ.ટી. બસ સેવાનો લાભ લઈને તેઓ ૫૦થી વધુ ગ્રામજનો સાથે અહીં પધાર્યા છે. આ આયોજનને કારણે અંતરિયાળ વિસ્તારના લોકો માટે પણ માં અંબાની શક્તિપીઠોના દર્શન અત્યંત સુલભ બન્યા છે.

પરિક્રમા પથ પર વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી સુવિધાઓની સરાહના કરતા માનસીબેને જણાવ્યું કે, અહીં પીવાના શુદ્ધ પાણીથી લઈને બેસવા માટેની વ્યવસ્થા ખૂબ જ સુંદર છે. વિશેષ કરીને, સમગ્ર પરિક્રમા માર્ગ પર જાળવવામાં આવેલી સ્વચ્છતા અદભુત છે. દરેક ધર્મપ્રેમી જનતાએ એકવાર આ ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવની મુલાકાત લેવી જોઈએ. આ તકે તેમણે યાત્રિકોની સુવિધાનો ખ્યાલ રાખવા બદલ રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્રનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.



કાંકરેજ વિસ્તારથી પોતાના ગ્રામજનો સાથે આવેલા બાબુજી સોલંકીએ પણ મહોત્સવની વ્યવસ્થાને બિરદાવી હતી. તેમણે જણાવ્યું કે, અમે સૌ ગ્રામજનો સાથે મળીને સમૂહમાં આ મહોત્સવનો લાભ લેવા આવ્યા છીએ. પરિક્રમા પથ પર ક્યાંય પણ કચરો જોવા મળતો નથી, જે વહીવટી તંત્રની સ્વચ્છતા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. યાત્રિકોને તમામ પ્રકારની સુવિધાઓ પ્રદાન કરાઈ છે.

ગબ્બર ખાતે ૨.૫૦ કિમીની ત્રિજ્યામાં પ્રસ્થાપિત દેશ-વિદેશની ૫૧ શક્તિપીઠોના દર્શન એ ભક્તો માટે જીવનનો એક અનેરો લહાવો છે. શ્રદ્ધાળુઓની સુરક્ષા અને સુવિધા માટે વહીવટી તંત્રના વિવિધ વિભાગો ખડેપગે સેવા આપી રહ્યા છે.છેલ્લા પાંચ વર્ષથી જય જલીયાણા સેવા કેમ્પ દ્વારા શ્રદ્ધાળુઓની નિઃસ્વાર્થ સેવા કરવામાં આવી રહી છે. આ કેમ્પ ખાતે પરિક્રમામાં જોડાયેલા યાત્રિકો માટે પીવાનું પાણી, બેઠક વ્યવસ્થા, ચા - નાસ્તો સહિતની સુવિધાઓ આપવામાં આવે છે.

**ધાર્મિક એવમ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન**

## ચાણસ્મા ના સરસાવ ગામે સરસાઇ માતાજીનો સુવર્ણજ્યંતિ મહોત્સવ



ચાણસ્મા તાલુકાના સરસાવ ગામે સરસાઈ માતાજીનો ૩૦ જાન્યુઆરીથી 1 ફેબ્રુઆરી દરમિયાન ત્રિદિવસીય સુવર્ણજ્યંતિ મહોત્સવ યોજાયો હતો જેમાં રાસ ગરબા લોકડાયરો શોભાયાત્રા સહિત ધાર્મિક એવમ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું સરસાઈ માતાજીના સૂવર્ણ જયંતિ મહોત્સવ પ્રસંગે સહસ્ત્ર ચંડીયજ્ઞનું આયોજન કરાયું હતું જેમાં વિદ્વાન બ્રાહ્મણો દ્વારા ચંડી પાઠનું પઠન કરાયું હતું જ્યારે ભોજન દિકરીઓને ભેટપુજા સહીત દાતાઓ દ્વારા સહયોગ કરાયો હતો આ પ્રસંગે મોટી સંખ્યા માં માઈ ભક્તોએ દર્શનનો લાભ લઈ ધન્યતા આપી હતી જ્યારે સરસાઈ માતાજીના પુજારી કિરાત જાની દ્વારા માતાજીની સુંદર આંગી કરાઈ હતી ઉત્સવ સમિતિ દ્વારા ધાર્મિક કાર્યક્રમનું સુંદર આયોજન કર્યું હતું

## જાન્યુઆરીમાં GST કલેક્શનમાં 6.2 ટકાનો મોટો ઉછાળો

# બજેટ પૂર્વે GST કલેક્શનમાં બમ્પર ઉછાળો જાન્યુઆરીમાં રૂ. 1.93 લાખ કરોડ વસૂલાત

(એજન્સી) નવી દિલ્હી | તા 01

દેશના અર્થતંત્ર માટે બજેટના દિવસે જ અત્યંત ઉત્સાહજનક સમાચાર સામે આવ્યા છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે સંસદમાં નાણાકીય વર્ષ 2026-27નું સામાન્ય બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે, તેના ગણતરીના કલાકો પહેલાં જ જાન્યુઆરી મહિનાના જીએસટી કલેક્શનના આંકડા જાહેર કરવામાં આવ્યા છે. જાન્યુઆરી 2026માં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) કલેક્શન વાર્ષિક ધોરણે 6.2 ટકા વધીને 1.93 લાખ કરોડ રૂપિયાને વટાવી ગયું છે. આ આંકડો દર્શાવે છે કે દેશમાં આયાત અને વપરાશમાં મોટો ઉછાળો આવ્યો છે, જે આર્થિક તેજીનો સ્પષ્ટ સંકેત છે.મીડિયા અહેવાલ મુજબ, સરકારે સપ્ટેમ્બર 2025થી આશરે 375 જેટલી વસ્તુઓ પર જીએસટી દરમાં ધરખમ ઘટાડો કર્યો હોવા છતાં ટેક્સ વસૂલાતમાં વધારો જોવા મળ્યો છે. નિષ્ણાતો માને છે કે દરો ઘટવાને કારણે




લોકોનો વપરાશ વધ્યો છે, જેણે આખરે સરકારની તિજોરી ભરી છે. જાન્યુઆરીમાં કુલ રિફંડ 3.1 ટકા ઘટીને 22,665 કરોડ રૂપિયા રહ્યું હતું, જેના કારણે નેટ જીએસટી આવકમાં 7.6 ટકાનો નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. શુદ્ધ આવક આશરે 1.71 લાખ કરોડ રૂપિયા નોંધાઈ છે.સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, આ મહિને સ્થાનિક વ્યવહારોમાંથી થતી ટેક્સ વસૂલાત 4.8 ટકા વધીને 1.41 લાખ કરોડ રૂપિયા થઈ છે. સૌથી વધુ ચોંકાવનારો વધારો આયાત ક્ષેત્રે જોવા મળ્યો છે, જ્યાં આવક 10.1 ટકા વધીને 52,253 કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ આંકડાઓ સાબિત કરે છે કે વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે પણ ભારતની આયાત-નિકાસ અને આંતરિક માગ મજબૂત છે. જાન્યુઆરીમાં સેસ વસૂલાતના આંકડામાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. જાન્યુઆરી 2026માં તમાકુ ઉત્પાદનો પરનો સેસ 5,768 કરોડ રૂપિયા રહ્યો છે. ગત વર્ષે જાન્યુઆરી 2025માં આ આંકડો 13,009 કરોડ રૂપિયા હતો. આ તફાવતનું મુખ્ય કારણ એ છે કે પહેલા કાર અને લક્ઝરી ચીજો પર પણ સેસ વસૂલવામાં આવતો હતો, જે હવે નિયમોમાં ફેરફારને કારણે માત્ર તમાકુ સંબંધિત ઉત્પાદનો પૂરતો મર્યાદિત રહ્યો છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે લોકસભામાં પોતાનું સતત નવમું બજેટ રજૂ કરીને નવો ઈતિહાસ રચશે. બજેટ રજૂ કરતા પહેલાં તેઓ રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા હતા. તેમની સાથે નાણા મંત્રાલયના રાજ્યમંત્રી અને તમામ છ સચિવો પણ હાજર રહ્યા હતા. જીએસટીના આ પોઝિટિવ આંકડાઓએ બજેટ અગાઉ સરકારનો ઉત્સાહ વધાર્યો છે અને સામાન્ય જનતાને પણ ટેક્સ સ્લેબમાં મોટી રાહત મળે તેવી આશા જાગી છે.

# બજેટ 2026-27: ઉદ્યોગ જગતે બજેટને વધાવ્યું, CII પ્રમુખે ગણાવ્યું 'પોઝિટિવ'

નવી દિલ્હી: કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે રવિવારે સંસદમાં કેન્દ્રીય બજેટ 2026-27 રજૂ કર્યું છે. આ બજેટમાં દેશના આર્થિક વિકાસને વેગ આપવા માટે મૂડી ખર્ચ (Capital Expenditure) માં ૯ ટકાનો વધારો કરીને તેને રૂ. ૧૨.૨ લાખ કરોડ સુધી લઈ જવાની દરખાસ્ત કરવામાં આવી છે. ઉદ્યોગ જગત દ્વારા આ બજેટને ખૂબ જ હકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) ના પ્રમુખ રાજીવ મેમાનીએ જણાવ્યું હતું કે, બજેટ ઉદ્યોગો અને ખાસ કરીને એમએસએમઈ ક્ષેત્રની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે.સીઆઈઆઈ પ્રમુખ રાજીવ મેમાનીની પ્રતિક્રિયા મુજબ, બજેટમાં ટેક્સ સરળીકરણ અને સર્વિસ સેક્ટર પર જે ધ્યાન આપવામાં આવ્યું છે તે આવકારદાયક છે. તેમણે જણાવ્યું કે, "અમારી બજેટ પ્રત્યેની પ્રતિક્રિયા હકારાત્મક છે. સરકારે એમએસએમઈ સહિતના ઉદ્યોગોની માંગણીઓ પૂરી કરી છે. મૂડી ખર્ચમાં ૧૦-૧૨% નો વધારો એ દર્શાવે છે કે સરકાર ઈન્ફ્રાસ્ટ્રક્ચરના માળખાને વધુ મજબૂત કરવા માંગે છે." આ ઉપરાંત આઈસીએમ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ શીતલ કાલરોએ પણ બજેટને પ્રગતિશીલ ગણાવ્યું હતું.કેન્દ્રીય બજેટ 2026-27 ની સૌથી મોટી જાહેરાતોમાંની એક એમએસએમઈ (MSME) ક્ષેત્ર માટે રૂ. ૧૦,૦૦૦ કરોડનું સમર્પિત 'ગ્રોથ ફંડ' છે. નાણાં મંત્રીએ જણાવ્યું હતું કે, એમએસએમઈ અર્થતંત્રના વિકાસનું એન્જિન છે. આ ફંડ દ્વારા ભવિષ્યના 'ચેમ્પિયન' સાહસો તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત, માઈક્રો એન્ટરપ્રાઈઝિસ માટે 'સેલ્ફ-રિલાયન્ટ ઈન્ડિયા ફંડ' માં રૂ. ૨,૦૦૦ કરોડનો વધારાનો ઉમેરો કરવાની દરખાસ્ત પણ કરવામાં આવી છે. આ પગલાથી નાના ઉદ્યોગોને જરૂરી મૂડી અને લિક્વિડિટી સરળતાથી મળી રહેશે.વિકાસની ગતિ જાળવી રાખવા માટે સરકારે મૂડી ખર્ચ પર વિશેષ ભાર મૂક્યો છે. વર્ષ ૨૦૧૪-૧૫ માં જે મૂડી ખર્ચ રૂ. ૨ લાખ કરોડ હતો, તે હવે વધીને રૂ. ૧૨.૨ લાખ કરોડ સુધી પહોંચી ગયો છે. આ જંગી રોકાણથી રેલવે, હાઈવે અને અન્ય માળખાગત સુવિધાઓમાં તેજી આવશે. નાણાં મંત્રીએ એ પણ રેખાંકિત કર્યું કે ઉચ્ચ મૂડી ખર્ચથી ખાનગી રોકાણકારોનો આત્મવિશ્વાસ વધશે અને નવી રોજગારીની તકો ઉભી થશે.

## News Brief

### અપોલો હોસ્પિટલ્સે આઈએચડી 2026 ખાતે આખું વર્ષ કામગીરી પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યકત કરી અને હોસ્પિટલ ઓફ ધ ફ્યુચરની જાહેરાત કરી

અમદાવાદ | અપોલો હોસ્પિટલ્સ દ્વારા આયોજિત ઈન્ટરનેશનલ હેલ્થ ડાયલોગ (આઈએચડી) 2026નું આજે હૈદરાબાદમાં સફળ સમાપન થયું હતું. બે દિવસ ચાલેલા આ કાર્યક્રમમાં 27,000થી વધુ સહભાગીઓએ પ્રત્યક્ષ અને ઑનલાઈન રીતે ભાગ લીધો હતો. "ગ્લોબલ વોઈસીસ. વન વિઝન" થીમ હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ભારત અને વિદેશમાંથી ડોક્ટરો, પેશન્ટ સેફ્ટી લીડર્સ, એક્રેડિટેશન એક્સપર્ટ્સ, ટેક્નોલોજી નિષ્ણાંતો અને આરોગ્ય નીતિ ઘડનારાઓ એકત્રિત થયા હતા અને વિશ્વભરના 75થી વધુ સંસ્થાઓમાંથી 300થી વધુ પેપર અને 120થી વધુ એવોર્ડ એન્ટ્રીઓ પ્રાપ્ત થઈ હતી, જે માપી શકાય તેવા પરિણામો અને વિશ્વાસ માટે નેતૃત્વ આધારિત સલામમતી, સિસ્ટમ ડિઝાઈનમાં સમાનતા અને જવાબદાર ડિજિટલ પરિવર્તન જેવા વિષયો પર જોડાણની ગહનતા તથા વિવિધતા દર્શાવે છે.આ કાર્યક્રમમાં ભારત અને વિદેશના વરિષ્ઠ નીતિ નિર્માતાઓ અને આરોગ્ય મંત્રીઓએ હાજરી આપી હતી. તેમાં તેલંગાણાના ચેવેલાના લોકસભાના સાંસદ શ્રી કોંડા વિશ્વેશ્વર રેડ્ડી, જૉનાથન બી. પરલિન (પ્રેસિડેન્ટ અને સીઈઓ, જૉઈન્ટ કમિશન ઈન્ટરનેશનલ, જેસીઆઈ)), કાર્સ્ટન એન્ગેલ (સીઈઓ, ઈન્ટરનેશનલ સોસાયટી ફોર ક્વોલિટી ઈન હેલ્થ કેર), અતુલ મોહન કોચર (સીઈઓ, નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર હોસ્પિટાલ્સ - NABH), કોંગો રિપબ્લિકના આરોગ્ય તથા વસ્તી મંત્રી શ્રી જિન રોઝાયર ઈબારા, ઘાનાના ઉપ આરોગ્ય મંત્રી ગ્રેસ આયેન્સુ-ડાન્ક્વાહ, દક્ષિણ સુદાનની આરોગ્ય મંત્રી સારા ક્લેટો રિયલ અને ટોંગાના આરોગ્ય મંત્રી શ્રી હુઆકાવામેઈલિકુ સિયોઝી સોવાલેનીનો સમાવિષ્ટ હતા.

## આરોગ્ય ક્ષેત્રે 'આત્મનિર્ભરતા' તરફ ભારતનું મક્કમ કદમ

# બજેટ ૨૦૨૬: 'બાયોફાર્મા શક્તિ' યોજના દ્વારા કેન્સર-ડાયાબિટીસ સામે જંગ

નવી દિલ્હી: રવિવારે સંસદમાં પોતાનું ૯મું સતત બજેટ રજૂ કરતા નાણામંત્રી નિર્મલા સીતારમણે ભારતીય આરોગ્ય ક્ષેત્ર માટે એક ક્રાંતિકારી જાહેરાત કરી છે. દેશમાં વધી રહેલા બિન-ચેપી રોગો (NCDs) જેવા કે કેન્સર અને ડાયાબિટીસના પડકારને પહોંચી વળવા માટે સરકારે ૧૦,૦૦૦ કરોડના ભંડોળ સાથે 'બાયોફાર્મા શક્તિ' (Biopharma Shakti) યોજનાની જાહેરાત કરી છે. આ યોજના ભારતને માત્ર જેનરિક દવાઓ જ નહીં, પરંતુ જટિલ બાયોલોજિકલ દવાઓના સંશોધન અને ઉત્પાદનમાં પણ વૈશ્વિક લીડર બનાવશે.

શા માટે 'બાયોફાર્મા શક્તિ' અનિવાર્ય છે? ભારત અત્યાર સુધી "વિશ્વની ફાર્મસી" તરીકે ઓળખાય છે કારણ કે આપણે સસ્તી જેનરિક દવાઓ બનાવીએ છીએ. પરંતુ, કેન્સર અને ઓટો-ઈમ્યુન રોગો માટે વપરાતી આધુનિક 'બાયોલોજિકલ' દવાઓ અત્યંત જટિલ હોય છે અને તેનું ઉત્પાદન ખર્ચાળ છે. 'બાયોફાર્મા શક્તિ' યોજના હેઠળ સરકાર આ દવાઓના સંશોધન (R&D) માટે સીધું રોકાણ કરશે, જેથી તેની ટેકનોલોજી ભારત પાસે રહે અને મધ્યમ વર્ગને સારવાર માટે વિદેશી કંપનીઓ પર નિર્ભર ન રહેવું પડે.

રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (R&D) પર નવો દ્રષ્ટિકોણ ફાળવવામાં આવેલા ૧૦,૦૦૦ કરોડમાંથી મોટો હિસ્સો સ્ટાર્ટઅપ્સ અને ફાર્મા કંપનીઓને સંશોધન માટે ગ્રાન્ટ તરીકે આપવામાં આવશે. આ યોજનાનો ઉદ્દેશ્ય એક એવી ઈકોસિસ્ટમ બનાવવાનો છે જ્યાં ભારતીય વૈજ્ઞાનિકો 'મેડ-ઈન-ઈન્ડિયા' મોલેક્યુલ્સ બનાવી શકે. નાણામંત્રીએ



સ્પષ્ટ કર્યું કે આ યોજના ભારતને ગ્લોબલ મેડિસિન હબ બનાવવાની સાથે દેશના સામાન્ય નાગરિકના 'આરોગ્ય ખર્ચ' માં મોટો ઘટાડો કરશે. નિષ્કર્ષ આગામી દાયકામાં ભારતની વસ્તીમાં ડાયાબિટીસ અને કેન્સરના કેસો ચિંતાજનક રીતે વધી શકે છે, ત્યારે 'બાયોફાર્મા શક્તિ' એ માત્ર એક યોજના નથી પણ ભવિષ્યની પેઢી માટેનું સુરક્ષા કવચ છે. જો ભારત આધુનિક દવાઓના સંશોધનમાં સફળ થાય છે, તો તે વિશ્વના સૌથી મોટા સ્વાસ્થ્ય બજારોમાં પોતાનો ડંકો વગાડશે.

## અનંત ગોએન્કાએ બજેટને 'વિકાસલક્ષી અને સ્થિર' ગણાવ્યું

નવી દિલ્હી: ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI) ના પ્રમુખ અનંત ગોએન્કાએ કેન્દ્રીય બજેટ 2026-27 ને વધાવ્યું છે. તેમણે આ બજેટને લાંબા ગાળાના વિકાસ માટેનું એક મજબૂત દસ્તાવેજ ગણાવતા કહ્યું કે, "આ બજેટ સંપૂર્ણપણે વૃદ્ધિ (Growth), સર્વસમાવેશકતા અને યુવા શક્તિ પર કેન્દ્રિત છે." વૈશ્વિક સ્તરે જોવા મળી રહેલી આર્થિક અસ્થિરતા અને ઉથલપાથલ વચ્ચે ભારત એક સ્થિર મેક્રો ઈકોનોમિક તાકાત તરીકે ઉભરી આવ્યું છે અને આ બજેટે તે દ્રષ્ટિકોણને વધુ મજબૂત બનાવ્યો છે.ઉદ્યોગ જગત માટે સૌથી મહત્વની બાબત સરકારની નીતિઓમાં રહેલી સ્થિરતા છે. બજેટ 2026 ફિક્કી પ્રતિક્રિયા આપતા ગોએન્કાએ નોંધ્યું હતું કે, જે ક્ષેત્રો પર સરકાર વર્ષોથી ભાર મૂકી રહી છે, તે જ ક્ષેત્રો પર આ વખતે પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તેમણે સુધારા (Reforms) ની પ્રક્રિયા સતત ચાલુ રહેવાને વ્યવસાયો માટે એક હકારાત્મક સંકેત ગણાવ્યો હતો. ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણમાં સતત વધારો ઔદ્યોગિક સ્કેલિંગ માટે કરોડરજ્જુ સમાન સાબિત થશે.બજેટમાં જાહેર કરવામાં આવેલા નવા 'રેર અર્થ કોરિડોર' અને ચાલુ 'સેમિકન્ડક્ટર મિશન' ના મહત્વ પર ભાર મૂકતા ફિક્કી પ્રમુખે જણાવ્યું કે આ વ્યૂહાત્મક પગલાં ભારતને ટેકનોલોજીના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવશે. ટેક્સટાઈલ અને લેધર જેવા ક્ષેત્રો જે અત્યારે વૈશ્વિક સ્તરે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, તેમને મળેલી રાહત પણ પ્રશંસનીય છે. આ ઉપરાંત, વિદેશી રોકાણ (FDI) આકર્ષવા માટે કરવામાં આવેલી જોગવાઈઓ ભારતની અર્થવ્યવસ્થાને નવી ગતિ આપશે. આરોગ્ય અને વિજ્ઞાન ક્ષેત્ર વિશે બોલતા અનંત ગોએન્કાએ જણાવ્યું હતું કે, બાયોફાર્મા (Biopharma) પરનો વિશેષ ભાર અત્યંત પ્રોત્સાહક છે. કેન્સર અને અન્ય ક્રોનિક રોગોના વધતા વ્યાપને જોતા, એડવાન્સ મેડિસિન અને બાયોટેકનોલોજીમાં સરકારનું પુશ ભારતની ક્ષમતાઓમાં વધારો કરશે. તેમના મતે, બાયોફાર્મા પર ધ્યાન કેન્દ્રિત કરવાથી આગામી વર્ષોમાં દેશના સ્વાસ્થ્ય માળખા પર ખૂબ જ હકારાત્મક અસર પડશે.

# શેર બજારમાં કડાકો: જાન્યુઆરીમાં ૧૦ વર્ષનું સૌથી નબળું પ્રદર્શન, રોકાણકારો પાયમાલ

અમદાવાદ: ભારતીય શેરબજારના રોકાણકારો માટે અત્યંત આઘાતજનક રહી છે. જાન્યુઆરી મહિનામાં શેર બજારમાં કડાકો બોલાતા છેલ્લા એક દાયકાનું સૌથી નબળું વળતર જોવા મળ્યું છે. આર્થિક વિશ્લેષકોના મતે, વર્ષ ૨૦૧૬ પછીનું આ સૌથી ખરાબ પ્રદર્શન છે, જેમાં સેન્સેક્સ અને નિફ્ટી બંને ઈન્ડેક્સમાં ૩ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો છે. બજારના આંકડાઓ મુજબ, જાન્યુઆરી મહિના દરમિયાન રોકાણકારોની સંપત્તિ એટલે કે માર્કેટ કેપિટલાઈઝેશનમાં અંદાજે રૂ. ૧૬ લાખ કરોડનો જંગી ઘટાડો થયો છે. શેર બજારમાં કડાકો એટલો તીવ્ર હતો કે ફેબ્રુઆરી ૨૦૨૫ પછી આ સૌથી મોટું સંપત્તિનું ધોવાણ સાબિત થયું છે. માત્ર લાર્જકેપ જ નહીં, પરંતુ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં પણ અનુક્રમે ૩.૪% અને ૪.૭% નો ગાબડો પડ્યો હતો. ખાસ કરીને નાના રોકાણકારો જેઓ સ્મોલકેપ શેરોમાં વધુ રસ ધરાવતા હોય છે, તેમને આ કડાકાની સૌથી વધુ અસર થઈ છે. શેર બજારમાં કડાકો આવવા પાછળનું મુખ્ય કારણ વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) દ્વારા કરવામાં આવેલી આક્રમક વેચવાલી છે. જાન્યુઆરી મહિનામાં વિદેશી રોકાણકારોએ ભારતીય બજારમાંથી રૂ. ૩૧,૦૦૦ કરોડથી વધુના શેર વેચીને નાણાં પાછા ખેંચી લીધા છે. ઓગસ્ટ ૨૦૨૫ પછીની આ સૌથી મોટી વેચવાલી છે. રૂપિયાના મૂલ્યમાં સતત થઈ રહેલો ઘટાડો અને કોર્પોરેટ કંપનીઓના ત્રિમાસિક પરિણામોમાં ધાર્યા મુજબની વૃદ્ધિ ન થતા વિદેશી રોકાણકારોએ ભારતીય બજારમાંથી અંતર રાખવાનું મુનાસિબ માન્યું છે. ચોંકાવનારી વિગત એ છે કે જ્યારે ભારતીય શેર બજારમાં કડાકો જોવા મળ્યો, ત્યારે અન્ય ઉભરતા દેશોના બજારોમાં તેજીનો માહોલ હતો. જાન્યુઆરીમાં બ્રાઝિલના બજારમાં ૧૪ ટકા, દક્ષિણ કોરિયાના બજારમાં ૨૪ ટકા અને તાઈવાનના બજારમાં ૧૧ ટકાનો જંગી વધારો થયો છે. આની સરખામણીએ ભારતીય બજારનું નબળું પ્રદર્શન નીતિવિષયક ચિંતાઓ અને સ્થાનિક આર્થિક પરિબળો તરફ ઈશારો કરે છે. ભારતીય બજાર માટે આ 'બ્લેક જાન્યુઆરી' સમાન સાબિત થયો છે.

## SIP રોકાણમાં વધારો

# ૧૦ વર્ષમાં ૭ ગણો ઉછાળો, બેંક ડિપોઝિટને બદલે લોકો મ્યુચ્યુઅલ ફંડ તરફ વળ્યા

અમદાવાદ: ભારતના મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગની નાણાકીય ટેવોમાં છેલ્લા એક દાયકામાં ક્રાંતિકારી પરિવર્તન જોવા મળ્યું છે. પરંપરાગત રીતે સોનું, જમીન કે બેંક ફિક્સ્ડ ડિપોઝિટમાં નાણાં રોકનારો ભારતીય હવે શેરબજાર અને મ્યુચ્યુઅલ ફંડમાં વધુ વિશ્વાસ દાખવી રહ્યો છે. તાજેતરના આંકડાઓ મુજબ, છેલ્લા ૧૦ વર્ષમાં SIP રોકાણમાં વધારો સાત ગણો નોંધાયો છે. નાણાકીય વર્ષ ૨૦૧૭માં જે માસિક રોકાણ રૂ. ૪,૦૦૦ કરોડથી પણ ઓછું હતું, તે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬માં વધીને રૂ. ૨૮,૦૦૦ કરોડને પાર કરી ગયું છે. આ આંકડો સ્પષ્ટ કરે છે કે ભારતીય રોકાણકારો હવે બજારની વધઘટથી ડરવાને બદલે લાંબા ગાળાના સંપત્તિ સર્જન પર ધ્યાન આપી રહ્યા છે. આર્થિક સર્વેક્ષણના ડેટા મુજબ, ભારતીય પરિવારોની કુલ નાણાકીય બચતમાં મોટું માળખાકીય પરિવર્તન આવ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૧૨માં કુલ બચતના માત્ર ૨% હિસ્સો મ્યુચ્યુઅલ ફંડ અને ઈક્વિટીમાં હતો, જે નાણાકીય વર્ષ ૨૦૨૫માં વધીને ૧૫% થી વધુ થઈ ગયો છે. બીજી તરફ, બેંક થાપણો (Bank Deposits) પ્રત્યેનો મોહ ઓછો થયો છે. એક સમયે કુલ બચતમાં ૫૮% હિસ્સો ધરાવતી બેંક ડિપોઝિટ હવે ઘટીને ૩૫% પર આવી ગઈ છે. આ પરિવર્તન દર્શાવે છે કે લોકો ફુગાવાને મ્હાત આપવા માટે વધુ વળતર આપતા સાધનો તરફ વળી રહ્યા છે. SIP રોકાણમાં વધારો થવા પાછળનું મુખ્ય કારણ રોકાણકારોમાં આવેલી નાણાકીય જાગૃતિ છે. 'મ્યુચ્યુઅલ ફંડ સહી હૈ' જેવા અભિયાનો અને સોશિયલ મીડિયાના માધ્યમથી મળેલી માહિતીએ લોકોને શિસ્તબદ્ધ રોકાણ તરફ વાળ્યા છે. માર્ચ ૨૦૧૯માં ઘરગથ્થુ નાણાકીય સંપત્તિમાં ઈક્વિટીનો હિસ્સો ૧૫.૭% હતો, જે માર્ચ ૨૦૨૫ સુધીમાં વધીને ૨૩% થયો છે. ભારતીયો હવે શેરબજારના ઘટાડાને જોખમ ગણવાને બદલે સરેરાશ કિંમતે વધુ યુનિટ્સ ખરીદવાની તક તરીકે જોઈ રહ્યા છે.SIP ની લોકપ્રિયતાનું મુખ્ય કારણ તેની સુગમતા છે.




માસિક SIP રોકાણ ૪,૦૦૦ કરોડથી વધી ૨૮,૦૦૦ કરોડને પાર

## ઓરેન્જ ઈકોનોમી બજેટ ૨૦૨૬: શાળાઓમાં ખુલશે કન્ટેન્ટ ક્રિએટર લેબ્સ, લાખો યુવાનોને મળશે રોજગારી

નવી દિલ્હી: કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે કેન્દ્રીય બજેટ 2026-27 માં ભારતની 'ઓરેન્જ ઈકોનોમી' (ક્રિએટિવ ઈન્ડસ્ટ્રીઝ) ને વેગ આપવા માટે મોટી જાહેરાતો કરી છે. સરકારે એનિમેશન, વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, ગેમિંગ અને કોમિક્સ (AVGC) સેક્ટરને ભવિષ્યની રોજગારીનું મુખ્ય કેન્દ્ર ગણાવ્યું છે. આ ક્ષેત્રમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં ૨૦ લાખ વ્યાવસાયિકોની જરૂરિયાત ઊભી થવાની ધારણા છે, જેને પહોંચી વળવા માટે સરકારે પાયાના સ્તરેથી તૈયારીઓ શરૂ કરી દીધી છે. બજેટ રજૂ કરતા નાણાં મંત્રીએ જણાવ્યું હતું કે, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિએટિવ ટેકનોલોજી (IICT), મુંબઈના સહયોગથી દેશની ૧૫,૦૦૦ સેકન્ડરી શાળાઓ અને ૫૦૦ કોલેજોમાં 'એવીજીસી કન્ટેન્ટ ક્રિએટર લેબ્સ' સ્થાપવામાં આવશે. આ લેબ્સ દ્વારા વિદ્યાર્થીઓને નાની ઉંમરથી જ ડિજિટલ કન્ટેન્ટ નિર્માણ, એનિમેશન અને ગેમિંગ ટેકનોલોજીનું પ્રાયોગિક જ્ઞાન આપવામાં આવશે. આ પગલાથી ભારતનો આગામી પેઢીનો 'ક્રિએટર વર્કફોર્સ' તૈયાર થશે, જે સ્ટાર્ટઅપ્સ અને ડિજિટલ ઈકોનોમીમાં મોટું યોગદાન આપશે. આર્થિક સર્વેક્ષણ ૨૦૨૫-૨૬ મુજબ, સંસ્કૃતિ, મીડિયા, મનોરંજન અને બૌદ્ધિક સંપદા પર આધારિત અર્થતંત્રને 'ઓરેન્જ ઈકોનોમી' કહેવામાં આવે છે. આ ક્ષેત્ર ભૌતિક ચીજવસ્તુઓ કરતા વિચારો અને કલાત્મક અભિવ્યક્તિ પર વધુ આધાર રાખે છે. સરકારે નોંધ્યું છે કે આ ક્ષેત્ર પ્રવાસન, શહેરી સેવાઓ અને રોજગારીમાં મોટો વધારો લાવી શકે તેમ છે. ખાસ કરીને 'લાઈવ કોન્સર્ટ ઈકોનોમી' અને ઈવેન્ટ મેનેજમેન્ટમાં પણ ભારત પાસે વૈશ્વિક સ્તરે ઉભરવાની અપાર સંભાવનાઓ છે.

## કેન્દ્રીય બજેટ 2026-27: પર્યાવરણ જાળવણી માટે રૂ. ૨૦,૦૦૦ કરોડની કાર્બન કેપ્ચર યોજના જાહેર

નવી દિલ્હી: કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે રવિવારે સંસદમાં કેન્દ્રીય બજેટ 2026-27 રજૂ કરતા પર્યાવરણ અને કૃષિ ક્ષેત્ર માટે અનેક મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે. સરકારે ગ્રીન ઈકોનોમી અને આબોહવા પરિવર્તનના પડકારોને પહોંચી વળવા માટે કાર્બન કેપ્ચર, યુટિલાઈઝેશન એન્ડ સ્ટોરેજ (CCUS) ટેકનોલોજી માટે આગામી ૫ વર્ષમાં રૂ. ૨૦,૦૦૦ કરોડના જંગી રોકાણની દરખાસ્ત કરી છે. આ સાથે દક્ષિણ ભારતના નાળિયેર ઉત્પાદક ખેડૂતો અને કાજુ-કોકોના ઉદ્યોગ માટે પણ વિશેષ પ્રોત્સાહક યોજનાઓ જાહેર કરવામાં આવી છે.પર્યાવરણીય સુરક્ષાના ભાગરૂપે સરકારે સીસીયુએસ (CCUS) ટેકનોલોજીને મોટા પાયે પ્રોત્સાહન આપવાનું નક્કી કર્યું છે. આ ટેકનોલોજી દ્વારા ફેક્ટરીઓ અને પાવર પ્લાન્ટમાંથી નીકળતા હાનિકારક કાર્બન ડાયોક્સાઈડને હવામાં ભળતા પહેલા જ પકડી લેવામાં આવશે અને તેને જમીનની નીચે સંગ્રહિત કરવામાં આવશે અથવા અન્ય ઉપયોગમાં લેવામાં આવશે.નાણાં મંત્રીએ દક્ષિણ ભારતના રાજ્યો જેવા કે કેરળ, તમિલનાડુ, કર્ણાટક અને આંધ્રપ્રદેશ માટે 'કોકોનટ પ્રમોશન સ્કીમ'ની જાહેરાત કરી છે. ભારત વિશ્વમાં ૩૧% નાળિયેરનું ઉત્પાદન કરે છે. આ યોજના હેઠળ જૂના અને બિનઉત્પાદક વૃક્ષોના સ્થાને વધુ ઉત્પાદન આપતા નવા રોપાઓ વાવવામાં આવશે. આનાથી ૩ કરોડ લોકો અને ૧ કરોડ ખેડૂતોની આજીવિકા મજબૂત થશે અને ભારત નાળિયેરના ક્ષેત્રમાં વૈશ્વિક સ્પર્ધામાં આગળ વધશે. ભારતને કાજુ અને કોકોના ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવા માટે એક સમર્પિત કાર્યક્રમની દરખાસ્ત કરવામાં આવી છે.

### ખર્ચ | સરકારી પ્રોજેક્ટ્સના 'કોસ્ટ ઓવરરન' થી વિકાસની ગતિ પર અસર

# કેન્દ્રીય પ્રોજેક્ટ્સના ખર્ચમાં ૧૮% નો તોતિંગ વધારો: ₹૫.૪૨ ટ્રિલિયનનો બોજ

મુંબઈ/નવી દિલ્હી: ભારત સરકારના આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (MoSPI) ના તાજેતરના 'ફ્લેશ રિપોર્ટ' મુજબ, દેશમાં ચાલી રહેલા ૧૩૯૨ મોટા માળખાકીય પ્રોજેક્ટ્સ (રૂપિયા ૧૫૦ કરોડથી વધુના) ના ખર્ચમાં સરેરાશ ૧૮.૨૭ ટકાનો વધારો નોંધાયો છે. આ પ્રોજેક્ટ્સનો મૂળ અંદાજિત ખર્ચ ૨૯.૬૮ ટ્રિલિયન હતો, જે હવે વધીને ૩૫.૧૦ ટ્રિલિયન સુધી પહોંચી ગયો છે. આમ, સરકારી તિજોરી પર ૫.૪૨ ટ્રિલિયનનો વધારાનો બોજ પડ્યો છે.

જળ સ્ત્રોત વિભાગમાં ખર્ચ બમણો થયો રિપોર્ટના વિશ્લેષણ મુજબ, સૌથી વધુ ચિંતાજનક સ્થિતિ 'જળ સ્ત્રોતો અને નદી વિકાસ' વિભાગમાં જોવા મળી છે. આ વિભાગ હેઠળના પ્રોજેક્ટ્સમાં અંદાજિત ખર્ચમાં ૧૦૨.૧૨ ટકાનો તોતિંગ વધારો થયો છે. મૂળ યોજના મુજબ જે ખર્ચ ૯૭,૭૭૯ કરોડ અંદાજાયો હતો, તે વધીને ૧,૯૭,૬૩૩ કરોડ થઈ ગયો છે. સિંચાઈ અને નદી પુનરોદ્ધારના પ્રોજેક્ટ્સમાં વિલંબ આ માટે મુખ્ય જવાબદાર છે.

સંદેશાવ્યવહાર: આ વિભાગ બીજા ક્રમે છે, જ્યાં ખર્ચમાં ૮૦.૩૫ ટકાનો વધારો થયો છે. ૧.૨૨ લાખ કરોડના મૂળ અંદાજ સામે હવે ૨.૭૪ લાખ કરોડનો ખર્ચ થવાની સંભાવના છે.

ટ્રાન્સપોર્ટ અને લોજિસ્ટિક્સ: આ ક્ષેત્રમાં સૌથી વધુ ૮૯૬ પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે, જેમાં ભારતમાલા જેવી મોટી યોજનાઓનો સમાવેશ થાય છે. રેલવે અને પાવર: આ ક્ષેત્રોમાં પણ જમીન સંપાદનના વિવાદોને કારણે પ્રોજેક્ટ્સ લંબાયા છે અને ખર્ચ વધ્યો છે.ખર્ચ વધવા પાછળના મુખ્ય કારણો સરકારી સૂત્રો અને નિષ્ણાતોના જણાવ્યા મુજબ, પ્રોજેક્ટ જાહેર થયા પછી નીચેના કારણોસર ખર્ચમાં વધારો (Cost Overrun) થાય છે: ૧. જમીન સંપાદન: જમીન મેળવવામાં થતો અતિશય વિલંબ. ૨. પર્યાવરણીય મંજૂરી: ફોરેસ્ટ અને પર્યાવરણ મંત્રાલયની મંજૂરીમાં લાગતો સમય. ૩. કાનૂની પ્રક્રિયા: કોર્ટ કેસ અને સ્ટે ઓર્ડરને કારણે કામ અટકી જવું. ૪. કાચા માલના ભાવ: સ્ટીલ અને સિમેન્ટના ભાવમાં થતી વધઘટ.

નવી 'પૈમાના' (PAIMANA) પોર્ટલ વ્યવસ્થા સરકારે હવે પ્રોજેક્ટ્સના રિયલ-ટાઈમ મોનિટરિંગ માટે 'PAIMANA' (Project Assessment, Infrastructure Monitoring & Analytics for Nation-building) પોર્ટલ કાર્યરત કર્યું છે. આ પોર્ટલ દ્વારા ૬૦% પ્રોજેક્ટ્સના ડેટા ઓટોમેટિક અપડેટ થાય છે, જેથી વિલંબના કારણો જાણી શકાય અને તેને સમયસર દૂર કરી શકાય. હાલમાં ૩૩% પ્રોજેક્ટ્સ ૮૦% થી વધુ ભૌતિક પ્રગતિ (Physical Progress) ધરાવે છે.

## નોન-કોર્પોરેટ પ્રમોટર્સ માટે 30% થઈ જશે

# F&O ટ્રેડિંગ હવે મોંઘું પડશે, નાણાં મંત્રીએ ટેક્સમાં કર્યો ધરખમ વધારો

નવી દિલ્હી: કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે રવિવારે સંસદમાં રજૂ કરેલા બજેટ 2026 માં શેરબજારના ટ્રેડર્સ માટે એક મોટો આંચકો આપ્યો છે. વારંવારની ચેતવણીઓ છતાં ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ (F&O) માં વધી રહેલા સટ્ટા અને છૂટક રોકાણકારોના નુકસાનને જોતા, સરકારે સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ (STT) માં જંગી વધારો કરવાની દરખાસ્ત કરી છે. આ જાહેરાત બાદ બજારમાં તીવ્ર પ્રતિક્રિયા જોવા મળી હતી અને સેન્સેક્સ દિવસના ઉચ્ચ સ્તરેથી ૨,૩૦૦ પોઈન્ટથી વધુ ગગડી ગયો હતો.માત્ર ડેરિવેટિવ્ઝ જ નહીં, પરંતુ કંપનીઓ દ્વારા શેર બાયબેક (Buyback) કરવાની રીત પર પણ સરકારે લગામ લગાવી છે. હવે તમામ પ્રકારના શેરધારકો માટે બાયબેકને 'કેપિટલ ગેઈન' (Capital Gains) તરીકે ગણવામાં આવશે. વધુમાં, ટેક્સ આર્બિટ્રેજનો દુરુપયોગ રોકવા માટે પ્રમોટર્સ પર વધારાનો બાયબેક ટેક્સ લાદવામાં આવશે, જેનાથી કોર્પોરેટ પ્રમોટર્સ માટે અસરકારક ટેક્સ ૨૨% અને નોન-કોર્પોરેટ પ્રમોટર્સ માટે 30% થઈ જશે.

## આજથી થયેલા ફેરફાર ફેબ્રુઆરી ૨૦૨૬

# LPG મોંઘો થયો, પાન મસાલા પર ટેક્સ વધ્યો

નવી દિલ્હી: ફેબ્રુઆરી મહિનાની પહેલી તારીખ એટલે કે બજેટના દિવસે જ દેશમાં પાંચ મોટા આર્થિક ફેરફારો અમલી બન્યા છે.

**૧. LPG સિલિન્ડરના ભાવમાં રૂ. ૫૦નો વધારો**

ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ સતત બીજા મહિને કોમર્શિયલ ગેસ સિલિન્ડર (૧૯ કિલો) ના ભાવમાં વધારો કર્યો છે. આજથી ૧૯ કિલોનો સિલિન્ડર રૂ. ૫૦ મોંઘો થયો છે. નવા ભાવ મુજબ દિલ્હીમાં હવે આ સિલિન્ડર રૂ. ૧૭૪૦.૫૦માં મળશે. જોકે, રાહતની વાત એ છે કે ઘરેલુ ઉપયોગમાં લેવાતા ૧૪.૨ કિલોના સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

**૨. હવાઈ મુસાફરી થશે સસ્તી**

હવાઈ મુસાફરી કરનારા લોકો માટે સારા સમાચાર છે. એવિએશન ટર્બાઈન ફ્યૂઅલ (ATF) એટલે કે હવાઈ ઈંધણના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં એટીએફના ભાવ રૂ. ૯૨,૩૨૩ પ્રતિ કિલોલિટરથી ઘટીને રૂ. ૯૧,૩૯૩ થયા છે.

**3. પાન મસાલા અને સિગારેટ પર નવો ટેક્સ**

પાન મસાલા અને તમાકુ ઉત્પાદનોના શોખીનો માટે ખરાબ સમાચાર છે. સરકારે GST વળતર ઉપકરના સ્થાને નવી એક્સાઈઝ ડ્યુટી અને હેલ્થ સેસ લાદવાની જાહેરાત કરી છે. આજથી પાન મસાલા અને સિગારેટ પર વધુ કર લાદવામાં આવતા બજારમાં તેની કિંમતોમાં ઉછાળો જોવા મળી શકે છે. આ પગલાનો હેતુ તમાકુના સેવનને ઘટાડવાનો અને રાષ્ટ્રીય સુરક્ષા માટે ભંડોળ એકત્ર કરવાનો છે.

**૪. FASTag KYC પ્રક્રિયામાં મોટી રાહત**

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ વાહન માલિકો માટે મહત્વનો નિર્ણય લીધો છે. આજથી કાર, જીપ અને વાન જેવા ખાનગી વાહનો માટે FASTag લેવા માટે કડક KYC ચકાસણીની પ્રક્રિયા બંધ કરી દેવામાં આવી છે. આ નિર્ણયથી નવા FASTag મેળવવામાં થતી હાલાકી દૂર થશે અને ટોલ નાકા પર વાહનોની અવરજવર વધુ સરળ બનશે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, મહા વદ-01

# તામીલનાડુમાં કોંગ્રેસ - ડીએમકે વચ્ચે ગઠબંધન નક્કી

તામીલનાડુમાં દ્રવિડ મુનેત્ર કડગમ (ડીએમકે) અને કોંગ્રેસ વચ્ચે વિધાનસભાની ચૂંટણી માટે ગઠબંધન નક્કી થઈ ગયું છે. રાહુલ ગાંધી સાથે થયેલી વાતચીત પછી બંને પક્ષના નેતાઓએ હકારાત્મક રીતે મુલાકાત કરી છે. જોકે કોંગ્રેસના કેટલાક નેતાઓ હજી પણ રાજ્યમાં સત્તામાં ભાગીદારીનો વિકલ્પ શોધી રહ્યા છે. રાજકીય સ્ટ્રેટજી પ્રમાણે આ વાત જાહેર કરવામાં આવતી નથી. બેઠકોની વહેંચણીની જવાબદારી મુકુલ વાસનીકને સોંપવામાં આવી છે જેને કારણે ગીરીશ ચોડનકરની ભૂમિકા મર્યાદિત થઈ જશે. તામીલનાડુમાં કોંગ્રેસ ચૂંટણી નિરીક્ષકોની સંખ્યા ૫ થી વધારીને ૮ કરવામાં આવી છે. શરૂઆતમાં કોંગ્રેસ હાઈકમાન્ડના કેટલાક નેતાઓ તામીલનાડુમાં સ્વતંત્ર રીતે ચૂંટણી લડવાની તરફેણમાં હતા. જોકે રાહુલ ગાંધીએ જાતે ડીએમકેના નેતાઓ સાથે વાતચીત કર્યા પછી વિચાર બદલ્યો હતો.

મહારાષ્ટ્રમાં મહાનગર પાલિકાઓની ચૂંટણી પહેલાં નક્કી થઈ ગયું હતું કે, એનસીપી (અજીત પવાર) અને એનસીપી (શરદ પવાર) એક બીજા સાથે ભળી જશે. અજીત પવારે ખુદ આ બાબતે પ્લાનીંગ કર્યું હતું. અજીત પવારના આકસ્મીક મૃત્યુ પછી હવે એમના પત્ની મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ બનશે અને એમના પુત્ર પાર્થ રાજ્યસભામાં જશે એ પણ નક્કી છે. કેટલાક રાજકીય નીરિક્ષકો શંકા વ્યક્ત કરતા હતા કે અજીત પવારના મૃત્યુને કારણે હવે બંને એનસીપીનું વિલીનીકરણ લંબાઈ જશે. જોકે સૂત્રોના જણાવ્યા પ્રમાણે ફક્ત શરદ પવાર જ નહીં, પરંતુ ભાજપ હાઈકમાન્ડ પણ આ વિલિનીકરણ ઈચ્છે છે. શરદ પવાર પાસે ૮ જેટલા સાંસદો છે. ભાજપને કેન્દ્રમાં વધુ સાંસદોની જરૂર છે ત્યારે આ ૮ સાંસદોનો ટેકો એના માટે અગત્યનો બની રહે. ભાજપ અને એનસીપી વચ્ચે સમજૂતી કરાવનાર પ્રફુલ પટેલ પણ ઈચ્છે છે કે મર્જર થઈ જાય અને એમને પક્ષમાં મોટો હોદ્દો મળે.

સુપ્રિમ કોર્ટે રાજસ્થાનના મુખ્ય ડિસ્ટ્રીક્ટ જજ રેન્કના પગાર અને હોદ્દાની રક્ષા કરી છે. આ જજે ૨૦૨૧માં ૭ વખત ટ્રાન્સફરનો સામનો કરવો પડયો હતો. હવે એમને લેબર કોર્ટ અને ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલના અધ્યક્ષસ્થાને મુકવામાં આવ્યા છે. રાજસ્થાનના મુખ્ય ડિસ્ટ્રીક્ટ જજ દિનેશકુમાર ગુપ્તાએ સુપ્રિમ કોર્ટમાં અરજી કરીને આક્ષેપ કર્યો હતો કે એમને ટાર્ગેટ કરવામાં આવે છે. ટ્રાન્સફર પોલીસીનો ભંગ કરીને એમની વારંવાર ટ્રાન્સફર કરવામાં આવે છે. સુપ્રિમ કોર્ટના હુકમ પછી હાઈકોર્ટે એમને જયપુર મેટ્રોપોલિટન કમ ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલના અધ્યક્ષ તરીકે મૂક્યા છે. અરજી કરનારે જોકે ચિંતા વ્યક્ત કરી હતી કે આ પોસ્ટીંગ તેમના રેન્ક, ગ્રેડ અને કદને અનુરૂપ નથી. અરજી કરનારની ચિંતા દુર કરવા માટે સુપ્રિમ કોર્ટે હુકમમાં કહ્યું છે કે અરજી કરનારનો મૂળ રેન્ક મુખ્ય ડિસ્ટ્રીક્ટ જજ જેવો જ રહેશે.

ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનેલ એન્ડ ટ્રેનીંગ (ડીઓપીટી) એ પ્રકાશિત કરેલા રીપોર્ટ મુજબ કેન્દ્ર સરકારમાં કામ કરતા ગ્રુપ સીના સફાઈ કર્મચારીઓમાંથી ૬૬ ટકાથી વધુ એસસી, એસટી અને ઓબીસી વર્ગના છે. કેન્દ્ર સરકારના મંત્રાલયો અને વિવિધ વિભાગોમાં ૧૪.૨૦ ટકા એસસી છે જ્યારે ૬.૫૪ ટકા એસટી અને ૧૯.૧૪ ટકા ઓબીસી છે. ભરતી વખતે કેન્દ્ર સરકારે તમામ બેઠકોમાંથી ૧૫ ટકા બેઠકો એસસી માટે ૭.૫ બેઠકો એસટી માટે અને ૨૭ ટકા બેઠકો ઓબીસી માટે તેમજ ૧૦ ટકા બેઠકો આર્થિક રીતે નબળા વર્ગ (ઇડબ્લ્યુએસ) માટે અનામત રાખવાની હોય છે. રીપોર્ટ પ્રમાણે કુલ ૯૦ મંત્રાલયો અને બીજા વિભાગો મળીને ૩૨.૫૨ લાખ કેન્દ્રીય સરકારી કર્મચારીઓમાંથી ૧૬.૮૪ ટકા એસસી, ૮.૭૦ ટકા એસટી અને ૨૯.૩૨ ટકા ઓબીસી છે. ૨૦૧૮-૧૯ના વાર્ષિક રીપોર્ટ પછી પહેલીવાર તમામ મંત્રાલયો અને વિવિધ વિભાગોના એસસી, એસટી અને ઓબીસીનું પ્રતિનિધિત્વ કરતા આંકડા જાહેર કરવામાં આવ્યા છે.ગયા અઠવાડિયે કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોતએ તામીલનાડુ અને કેરળના પોતાના સમીક્ષકોની માફક વિધાનસભા સત્રમાં પોતાનું ભાષણ વચમા જ અટકાવી દીધું હતું. આ ઘટના પછી રાજકીય નીરિક્ષકો વિચારી રહ્યા છે કે, આ કોઈ નવી પેટર્ન તો નથી ને. ગેહલોતના આ નિર્ણયથી ઘણાને આશ્ચર્ય થયું છે. પશ્ચિમ બંગાળના રાજ્યપાલ બોઝએ મુખ્યમંત્રી મમતા બેનર્જી સામે મોરચો ખોલ્યો છે. તામીલનાડુના રાજ્યપાલ આર એન રવી મુખ્યમંત્રી એમ કે સ્ટાલિન સાથે વારંવાર ટકરાતા રહે છે. અત્યાર સુધી કર્ણાટકમાં થાવરચંદ ગેહલોત સરકાર સાથે સમનવ્ય રાખીને કામ કરતા હતા. કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર અરલેકરે તો વધુ આગળ વધીને સંબોધનના કેટલાક પેરેગ્રાફ પોતાની રીતે બદલી નાખ્યા હતા.

# જૂનાગઢમાં અખિલ ભારતીય ગિરનાર આરોહણ- અવરોહણ સ્પર્ધામાં સિવિલ હોસ્પિટલની ૫ મેડિકલ ટીમો આરોગ્ય સેવા માટે ખડેપગે રહી



નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧ અખિલ ભારતીય ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં કઠિન પરિસ્થિતિમાં પણ સ્પર્ધકો ઉત્સાહભેર ભાગ લઈ ગિરનાર સર કરે છે. આ સ્પર્ધામાં ગંભીર ઈજા થવાની પણ શક્યતાઓ રહેલી હોય છે. સ્પર્ધકોને સમગ્ર રૂટ ઉપર જરૂરી તબીબી સેવા મળી રહે તે માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલની ૫ મેડિકલ ટીમ દ્વારા સ્પર્ધકોને જરૂરી આરોગ્ય સેવાઓ આપવામાં આવી હતી. સિવિલ હોસ્પિટલના ફિઝીશીયન ડૉ. નીધી રામાણીએ જણાવ્યું હતું કે, આ કઠિન સ્પર્ધામાં સ્પર્ધકોને જરૂરી સારવાર માટે ૫ ટીમો દ્વારા આરોગ્ય સેવાઓ આપવામાં આવી હતી. જેમાં ગિરનારની સીડીઓ ઉપર પણ સ્પર્ધા દરમિયાન કોઈ સ્પર્ધકને સારવારની જરૂર પડ્યે તબીબી સેવા આપી શકાય તે માટે સીડી ઉપર ૩ ટીમ રહી હતી અન્ય બે ટીમ દ્વારા મંગલનાથ આશ્રમ ખાતેથી સ્પર્ધકોને આરોગ્ય સેવા આપવામાં આવી હતી.

## શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર? માનતા પૂર્ણ થતા ૨૦(વીસ)કિલોની સાકળ શરીરે બાંધી યુવાન પહોચ્યો માતાનામઢ_કચ્છ

જગદીશ દવે | દેશલપર(ગુંતલી)



કચ્છ અબડાસા તાલુકાના ગામ ગઢવાડાના ગોરડીયા હરીશભાઈ થાવરભાઈ જેવોની મનની મુરાદ પુર્ણ થતા કચ્છના પ્રખાત અને પ્રવિત્ર યાત્રાધામ જ્યાં માં આશાપુરા માતાજી બિરાજમાન છે તેવા માતાના મઢ ખાતે ૨૦ કિલોની સાંકળ શરીરે બાંધીને પગપાળા ચાલીને યુવાને માનતા ઉતારી હતી ઉલ્લેખનિય છે પ્રવિત્ર યાત્રાધામ માતાનામઢ અનેક માહી ભક્તોની મનની ઈચ્છા ઓ પૂર્ણ થતા માં ના દર્શન કરી ભક્તો આનંદીત થાય છે

# ગિરનાર આરોહણ- અવરોહણ સ્પર્ધાનું RFID ટેકનોલોજીથી પારદર્શક રીતે તૈયાર થતું પરિણામ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧ ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાનું પરિણામ પારદર્શક રીતે તૈયાર કરવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, આરએફઆઈડી ટેકનોલોજી અને અદ્યતન સોફ્ટવેરના માધ્યમથી સંપૂર્ણ રીતે પારદર્શિતા સાથે નિષ્પક્ષ તથા વિશ્વસનીયતામાં ખરું ઉતરતું પરિણામ જાહેર કરવામાં આવે છે.

આ પરિણામ નહીવત માનવીય હસ્તક્ષેપ સાથે અને સમય બદ્ધ રીતે તૈયાર થાય છે. આ માટે એન.આઈ.સી.ની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવે છે, નેશનલ ઈન્ફર્મેટીક્સ ઓફિસરશ્રી ભુવનેશ્વર બુડગયા ના માર્ગદર્શન મુજબ શ્રી હિતેશ ટાંક અને શાયર રાઠોડ દ્વારા જરૂરી ટેકનિકલ સપોર્ટ આપવામાં આવ્યો હતો.

# સમાધિઓ ચમત્કાર નહીં સાક્ષાત્કાર કરાવે:પુ મોરારિબાપુ



સેંજળધામમાં પુ.લાલજી મહારાજની જગ્યાને એવોર્ડ તથા સમુહ લગ્ન યોજાયાં

તખુભાઈ | સાંડસુર

પૂજ્ય મોરારિબાપુની નિંબાર્કી પરંપરામાં મૂળ મહાપુરુષ એવા પૂજ્ય ધ્યાનસ્વામી બાપાની પાવન સ્મૃતિમાં દર વર્ષે મહા સુદ પૂનમના દિવસે યોજાતો પાટોત્સવ તથા ધ્યાન સ્વામી બાપા એવોર્ડ કાર્યક્રમ આજે તા.1 લી ફેબ્રુઆરીના રોજ સેંજળ ધામમાં સંપન્ન થયો. આ એવોર્ડ દર વર્ષે ગુજરાતની ભજન ભોજન અને સેવાની સાધના કરતી દેહાણ્ય જગ્યાઓને અર્પણ થાય છે.જેમા રું 1.25 લાખ રાશિ તથા પ્રશસ્તિ પત્ર અપાઈ છે.ચાલુ વર્ષે ભગતનાગામની પ્રસિદ્ધ શ્રી પુ.લાલજી મહારાજની દેહાણ્ય જગ્યાને આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો.જગ્યાના મહંત પૂજ્ય દુર્ગાદાસજી બાપુએ તેનો સવિનય સ્વીકાર કર્યો. આ સમારંભમાં પોતાનો આનંદ ગૌરવ ભાવ વ્યક્ત કરતા પુ.શ્રી મોરારિબાપુએ કહ્યું કે અમે આ કાર્યક્રમના માધ્યમથી સેવારત જગ્યાઓના તપ અને સાધનાની વંદના કરીએ છીએ.

# જૂનાગઢમા ૧૮ મી અખિલ ભારત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા-૨૦૨૬ સંપન્ન







નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૧ જોમ અને જુસ્સા સાથે રાજ્યના સૌથી ઊંચા પર્વત ગિરનારને સર કરવા આજે દેશના ૧૨ રાજ્યોના ૫૧૬ સ્પર્ધકોએ દોટ મૂકી હતી, સ્પર્ધામાં સિનિયર બહેનોમાં પ્રથમ ક્રમે ૩૨.૧૪ મિનિટના સમય સાથે ઉત્તર પ્રદેશની તામસી સિંઘે મેદાન માર્યું હતું.સિનિયર ભાઈઓમાં પ્રથમ ક્રમે ગુજરાત ના વસાવા અનિલે ૫૮.૧૬ મિનિટમા, જ્યારે જુનિયર બહેનોની કેટેગરીમાં પ્રથમ ક્રમે ૩૭.૨૦ મિનિટના સમય સાથે ઉત્તર પ્રદેશની બંદના યાદવ અને જુનિયર ભાઈઓમાં પ્રથમ ક્રમે ૬૦.૫૨ મીનીટ ના સમય સાથે ગુજરાતના દિવાકર રાજભરે પ્રથમ ક્રમ હાસિલ કર્યો હતો.

જ્યારે સીનીયર બહેનોમાં બીજા ક્રમે ઉતરપ્રદેશની નેહા મીશ્રાએ ૩૮.૫૫ મીનીટમા ,ત્રીજા ક્રમે ગુજરાતના વેગડ કાજલ એ ૩૯.૨૬ મીનીટમાં, સીનીયર ભાઈઓમાં બીજા ક્રમે ગુજરાતના વસાવા ઈનેશ એ ૫૯.૧૬ મીનીટ સાથે, ત્રીજા ક્રમે દીવના વીજ્ઞનેશ ચીમનલાલ એ ૬૦.૧૯ મીનીટના સમય સાથે, જુનીયર બહેનોમાં બીજા ક્રમે ગુજરાતના કઠેસીયા અસ્મીતા ૩૭.૩૬ મીનીટ સાથે, ત્રીજા ક્રમે ગુજરાતના સોલંકી કાજલ ૩૮.૭ મીનીટના સમય સાથે, જુનીયર ભાઈઓમાં બીજા ક્રમે ગુજરાતના વીમલ વણઝારા ૬૪.૧૦ મીનીટ સાથે ,ત્રીજા ક્રમે ઉતરપ્રદેશના અંકુરભાઈ એ ૬૫.૧૯ ના સમય સાથે ગિરનાર સર કર્યો હતો.

યુવક સેવા સાંસ્કૃતિક વિભાગ અને જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત અખિલ ભારત ગિરનાર આરોહણ સ્પર્ધા સવારે ૬-૪૫ કલાકે ભાઈઓના પ્રથમ ચરણની સ્પર્ધાનો કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયા સહિતના મહાનુભાવોએ ફ્લેગ ઓફ કરી શુભારંભ કરાવ્યો હતો. ત્યાર પછી બહેનોની સ્પર્ધાનો પ્રારંભ થયો હતો. મંગલનાથ આશ્રમ, ભવનાથ ખાતે યોજાયેલ ઈનામ વિતરણ પદાધિકારીઓ - અધિકારીઓના હસ્તે રોકડ પુરસ્કાર, પ્રમાણપત્ર અને ટ્રોફી આપવામાં આવ્યા હતા.

# રાજપીપળા સ્થિત ગિરિરાજ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ભવ્ય વાર્ષિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું



ભરત શાહ | નર્મદા

તા.૧. રાજપીપળા સ્થિત ગિરિરાજ ઈન્ટરનેશનલ સ્કૂલ (CBSE, GSEB English & Gujarati), એકેડમી પાર્ટનર વાઈબ્રન્ટ વેવ્સ ઈન્ટરનેશનલ એકેડમી તથા રૂટ્સ ડે કેર સેન્ટર દ્વારા તારીખ 31-01-2026 ના રોજ શાળાના પ્રાંગણમાં ભવ્ય વાર્ષિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.ભવ્ય વાર્ષિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વાર્ષિક મહોત્સવમાં મુખ્ય મહેમાન તરીકે ગૌરવભાઈ પ્રજાપતિ (DFO, નર્મદા), નેહાબેન પ્રજાપતિ (આચાર્ય સરકારી નર્સિંગ કોલેજ, ભુજ), મહેશચંદ્ર પટેલ (મહામંત્રી, ગુજરાત રાજ્ય શાળા મહામંડળ),દિનેશભાઈ ભીલ (DSO, નર્મદા), ડેપ્યુટી ડી.ડી.ઓ. પિનાકીનીબેન, એચ.એસ. પટેલ (ડિસ્ટ્રિક્ટ જજ, ફેમિલી કોર્ટ) તથા શિક્ષણ વિભાગમાંથી કલમભાઈ વસાવા નાઓ એ ઉપસ્થિત રહી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

# કેન્દ્રની મોદી સરકાર દ્વારા 14 મુ બજેટ રજૂ કરવામાં આવ્યું





ભરત શાહ, નર્મદા

તા. ૧. કેન્દ્ર માં ભારતીય જનતા પાર્ટી 2014 થી સત્તા માં છે.2014 થી 2026 સુધી ભાજપ દ્વારા 14 બજેટ સંસદ માં રજૂ કરવામાં આવ્યા છે.જેમાં નિર્મલા સીતારમન દ્વારા 9,અરુણ જેટલી દ્વારા 4 અને પીયૂસ ગોયેલ દ્વારા 1 એમ કુલ 14 વાર બજેટ રજૂ કરવામાં આવ્યું છે.જો વર્ષ 2026 માં રજુ કરવામાં આવેલ બજેટ ની વાત કરીએ તો તેમાં મોટા પ્રવાસન સ્થળો પર ૧૦ હજાર ટુરિસ્ટ ગાઈડ તૈયાર કરાશે,કેન્સરને લગતી ૧૭ જેટલી દવાઓની આયાત પર કસ્ટમ ડ્યુટીમાં ઘટાડો,ગંભીર રોગોની ૭ અન્ય દવાઓની ખરીદી પર કરમાં રાહત,રૂ. ૨૦ લાખથી ઓછી વિદેશી સંપતિ વિશે જાણકારી ન આપવા પર કોઈ દંડ નહીં,દેશના દરેક જિલ્લામાં એક ગર્લ્સ હોસ્ટેલનું નિર્માણ થશે જેવી અનેક મહત્વ ની બાબતો આ બિલ માં મુકવામાં આવી છે.આજે કમલમ રાજપીપલા ખાતે નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ નિલ રાવ,જિલ્લા પંચાયત નર્મદા ના પ્રમુખ ભીમસિંગભાઈ તડવી,જિલ્લા ઉપપ્રમુખ અનિરુદ્ધસિંહ ગોહિલ,જિલ્લા મહામંત્રી વિક્રમભાઈ તડવી,રાજપીપલા શહેર પ્રમુખ અજિત પરીખ,તિલકવાળા તાલુકા ના પ્રમુખ ગૌરાંગ બારીયા, સાગબારા તાલુકા ના પ્રમુખ રોહન વસાવા સહિત ભાજપ ના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ એ બજેટ નિહાળ્યું હતું જોકે નાંદોદ ના ધારાસભ્ય દર્શનાબેન દેશમુખને સામાજિક કામ અર્થે બહાર જવાનું હોવાથી હાજર નોહતા રહી શક્યા જ્યારે સાંસદ મનસુખ વસાવા અને સાંસદ જશુભાઈ રાઠવા આજે રજૂ કરાયેલા બજેટ દરમિયાન લોકસભા માં હાજરી આપી હતી.

# શિક્ષણ જગતને લજવતી ઘટનાના ઘેરા પ્રત્યાઘાત: 'આહવા' નગર સજજડ બંધ..

ડાંગ | ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આવેલી પ્રતિષ્ઠિત 'ડાંગ સ્વરાજ આશ્રમશાળા' માં માનવતા અને શિક્ષણ જગતને લજવતો અત્યંત ગંભીર કિસ્સો પ્રકાશમાં આવતા સમગ્ર પંથકમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. આદિવાસી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય અને સુરક્ષાના નામે ચાલતી આ સંસ્થામાં રક્ષક જ ભક્ષક બન્યો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. આશ્રમશાળાના મહિલા પ્રમુખ જાગૃતિબેન નાયકના પતિ પ્રફુલભાઈ નાયકે એક ૧૫ વર્ષીય સગીર વયની વિદ્યાર્થિની પર દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ આહવા પોલીસ મથકે નોંધાતા સમગ્ર જિલ્લામાં ભારે ખળભળાટ મચી ગયો છે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લેતા અને પીડિત બાળકીને ન્યાય અપાવવાની માંગ સાથે તારીખ ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ વિવિધ આદિવાસી સંગઠનો અને વેપારી મંડળો દ્વારા આહવા નગર સજ્જડ બંધ રાખવાનું એલાન આપવામાં આવ્યુ છે, જેને વ્યાપક સમર્થન મળી રહ્યું છે.આ સંવેદનશીલ ઘટનાની કંપારી છૂટી જાય તેવી વિગતો મુજબ, આશરે સાતથી આઠ દિવસ પહેલા આશ્રમની અન્ય વિદ્યાર્થિનીઓ જ્યારે સાફ-સફાઈના કામમાં વ્યસ્ત હતી, ત્યારે આ દુષ્કર્મનું આયોજનબદ્ધ કાવતરું ઘડવામાં આવ્યું હતું.આશ્રમમાં રસોઈકામ કરતી સોનલબેન નામની મહિલાએ ભોગ બનનાર સગીરાને 'રસોડામાં કામ છે' તેમ કહી વિશ્વાસમાં લઈને બોલાવી હતી અને ત્યારબાદ આ માસૂમ દીકરીને પાણીના ગ્લાસમાં કોઈ નશીલી કે કેફી વસ્તુ ભેળવીને પીવડાવી દીધી હતી. કેફી પીણું પીધા બાદ સગીરા બેભાન જેવી અવસ્થામાં આવી ગઈ હતી, જેનો લાભ ઉઠાવી પ્રફુલભાઈ નાયક તેને ઉંચકીને પોતાના રૂમમાં લઈ ગયા હતા અને ત્યાં તેની લાચારીનો ફાયદો ઉઠાવી તેની સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધી નરાધમ કૃત્ય આચર્યું હતુ. જે સંસ્થા પર વાલીઓ અતૂટ ભરોસો મૂકીને પોતાની દીકરીઓને ભણવા મોકલે છે, ત્યાં જ સત્તા અને વગનો દુરુપયોગ કરીને દીકરીઓની આબરૂ સાથે ખેલ ખેલાતા શિક્ષણ જગત સામે અનેક સવાલો ઊભા થયા છે.

# રોટરી ક્લબ ઑફ જૂનાગઢ અને AACCI દ્વારા જૂનાગઢના વાલીઓ માટે એક વર્કશોપનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧. રોટરી ક્લબ ઑફ જૂનાગઢ અને AACCI દ્વારા જૂનાગઢના વાલીઓ માટે તારીખ:7 ફેબ્રુઆરી 2026ને શનિવારે રાત્રે 8:30 વાગ્યાથી રોટરી કોમ્યુનિટી હોલ, જૂનાગઢ ખાતે એક વિશેષ વર્કશોપ 'Mpower Parents- Futuristic Parenteening' નું આયોજન કરવામાં આવ્યું છે.આ વર્કશોપમાં મોબાઈલ અને સ્ક્રીન ટાઈમનું સંતુલન કેવી રીતે જાળવવું?બાળકના મનમાં ચાલતી ગૂંચવણોને કેવી રીતે સમજવી?/ ગુસ્સે થયા વગર, પ્રેમથી શિસ્ત કેવી રીતે લાવવી?આ સેશન જૂનાગઢના જાગૃત વાલીઓ માટે તદ્દન ફ્રી (Free) છે, પરંતુ બેઠક વ્યવસ્થા માટે



રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. આજે જ તમારી સીટ બુક કરો: https://forms.gl/v1tS82BvZHekr4u1A. વધુ માહિતી માટે મોબાઈલ નં. 9023229415 ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# રાજપીપળા ના યુવાન અને ઝીમ્બાબ્વે ના ડેપ્યુટી મિનિસ્ટર રાજ મોદી એ કર્યું રક્તદાન

ભરત શાહ | નર્મદા | તા. ૧. રાજપીપળા ના યુવાન અને ઝીમ્બાબ્વે ના ડેપ્યુટી મિનિસ્ટર રાજ મોદી હાલ માં ભારતમાં કામના પ્રવાસ પર આવ્યા છે ત્યારે તેમણે રક્તદાન કરવાની સામાન્ય દિનચર્યા કરવાનું નક્કી કર્યું, અને રક્તદાન કર્યા બાદ મેસેજ આપ્યો કે તમે ક્યાંય પણ હોવ તો કોઈ ફરક પડતો નથી, જો તમે ગમે ત્યાં જીવન બચાવવા માટે રક્તદાન કરી શકો છો, તો અચકાશો નહીં. રક્તદાન મહાદાન છે.રાજ મોદી ભલે ઝીમ્બાબ્વે માં મંત્રી પદ ઉપર છે પરંતુ તેઓની માનસિકતા અને માતા પિતા ના ગુણ આજે પણ



તેઓ ના સ્વભાવ માં છે માટે તેઓ જ્યારે પણ તેમના રાજપીપળા મા રહેતા ભાઈ જનક મોદી ના ઘરે આવે ત્યારે એક સામાન્ય વ્યક્તિ ની જેમ કોઈપણ પ્રકાર ના ઘમંડ વિના જૂના મિત્રો, વડીલો ને મળી આશીર્વાદ લેતા હોય છે અને ઘણા સેવા ના કાર્યો કરતા જોવા મળે છે. આમ રાજપીપળા ના આ યુવાન અન્ય લોકો માટે પ્રેરણારૂપ કહી શકાય.

# વેલિયન્ટ પ્રીમિયર લીગ સીઝન 6 માં ગર્લ્સ સ્ટાર પાવર જોવા મળે છે



ભરત શાહ | નર્મદા | તા. ૧. બોલિવૂડ અભિનેત્રી અને ગાયિકા વેલિયન્ટ પ્રીમિયર લીગ સીઝન 6 માં ટીમોની બ્રાન્ડ એમ્બેસેડર છે, જ્યોતિકા ટંગરી, અનુષ્કા રમેશ, શ્રેયા કુલકર્ણી, નિવેદિતા ચંદેલ અને આયુષી તિવારી, રેસલર રૌનક ગુલિયા જેવી સેલિબ્રિટી વેલિયન્ટ પ્રીમિયર લીગ સીઝન 6 માં ટીમોની બ્રાન્ડ એમ્બેસેડર છે.વેલિયન્ટ પ્રીમિયર લીગ સીઝન 6, 16 ફેબ્રુઆરી, 2026 ના રોજ ગુજરાતના અમદાવાદમાં શરૂ થવા જઈ રહી છે. આ પ્રતિષ્ઠિત ક્રિકેટ લીગનો હેતુ ગ્રામીણ ક્રિકેટરોને પ્રોત્સાહન આપવાનો છે, જે તેમને તેમની પ્રતિભા દર્શાવવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. વેલિયન્ટ પ્રીમિયર લીગ ના બ્રાન્ડ એમ્બેસેડરમાં 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ના તન્મય વેકરિયા અને બોલીવુડ ગાયિકા જ્યોતિકા ટંગરી જેવા બોલીવુડ અને ટેલિવિઝન હસ્તીઓનો સમાવેશ થાય છે.ભૂતપૂર્વ ક્રિકેટર અને રમતગમત વ્યક્તિત્વ વિપુલ નારીગરાએ 2012 માં લીગની સ્થાપના કરી હતી, જે ગ્રામીણ ક્રિકેટને પ્રોત્સાહન આપવાના તેમના વિઝનથી પ્રેરિત હતી.

## ચાણસ્મા પોલિસે તિનપત્તી જુગાર રમતા શકુનિઓ ઝડપ્યા

નિતીન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા પોલિશને હકિક્ત મળી હતી કે પ્રકાશભાઈ. સુથાર તેમના ભોગવટા વાળી બ્રહ્માણી સ્ટીલ ના કારખાનાની ઓરડીમાં બહારથી બોલાવી જુગાર રમાડી રહ્યો હોવાની હકિક્ત મળતઃ ચાણસ્મા પી આઈ આર.એચ સોલંકી અને પોલિસ ટીમે મળેલી હકીક્ત વાળી જગ્યાએ છાપો મારતાં (૧) માધાભાઈ રસિકભાઈ સથવારા (૨) પ્રકાશભાઈ જીવણભાઈ પટેલ - ચાણસ્મા (૩) ભરતકુમાર બબાભાઈ જાદવ -ચાણસ્મા (૪) શૈલેષકુમાર સોમાભાઈ પ્રજાપતિ રહે તિરપતિ શાહીબાગ મકાનનં.૪ મહેસાણા(૫) પ્રકાશભાઈ ભીખાભાઈ સુથાર રહે ચાણસ્મા વાળાને તીનપત્તી જુગાર રમતાં રોકડ 33250/ સાથે.મોબાઈલ નં 5 કિ.- 20500/મળી 50150/ ના મુદ્દામાલ સાથે અટકાયત કરી ચાણસ્મા પોલીસ વધુ તપાસ હાથ ધરીછે.

### નિઝર વિધાનસભામાં AAPની પરિવર્તન સભા, ધારાસભ્ય ચૈતર વસાવાની હાજરીમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા

# વર્ષો જૂના પ્રશ્નોથી કંટાળી જનતાએ પસંદ કરી પરિવર્તનની દિશા






અમદાવાદ | આજે નીઝર વિધાનસભાના ઉચ્છલ તાલુકાના પાટીબંધારા ખાતે આમ આદમી પાર્ટીની પરિવર્તન સભાનું આયોજન થયું હતું. આ પરિવર્તન સભામાં ધારાસભ્ય ચૈતર વસાવાએ હાજરી આપી હતી અને ધારાસભ્ય ચૈતર વસાવાની હાજરીમાં ખૂબ જ મોટી સંખ્યામાં લોકો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. ધારાસભ્ય ચૈતર વસાવાએ આ કાર્યક્રમ બાદ મીડિયા સમક્ષ પોતાની વાત રજુ કરતા જણાવ્યું હતું કે, આજે નિઝર વિધાનસભામાં આમ આદમી પાર્ટીના આગેવાનોની અધ્યક્ષતામાં પરિવર્તન સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીંયા પાટીબંધારાની આસપાસના વિસ્તારના વડીલો, યુવાનો અને માતા બહેનો, સહકારી આગેવાનો, નિવૃત કર્મચારીઓ સહિત અનેક લોકો આજે આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. આ વિસ્તારમાં વર્ષો જુના પ્રશ્નો હજુ એ જ પડતર હાલતમાં છે. ચાહે ઉકાઈ વિસ્થાપિતોના પ્રશ્નો હોય કે ચાહે આવનારા સમયમાં જે 1500 મેગાવોટનો સોલાર પ્રોજેક્ટ આવવાનો છે, એ બાબતને લઈને પ્રશ્નો હોય કે ચાહે વન અધિકાર અધિનિયમ 2006 અંતર્ગતના પેન્ડિંગ દાવાઓની વાત હોય કે આ વિસ્તારના રોડ રસ્તાની વાત હોય, પીવાના પાણીની વાત હોય, સિંચાઈના પાણીની વાત હોય કે શિક્ષણ અને આરોગ્યની વાત હોય, આવા અનેક મોટા મોટા પ્રશ્નો વર્ષોથી છે.વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતુ કે, 30 વર્ષથી ભાજપનું એકહથ્થુ શાસન ચાલી રહ્યું છે છતાં પણ પ્રજાની આટલી બધી સમસ્યાઓનું નિરાકરણ નથી આવતું, ત્યારે લોકોએ હવે મન બનાવી લીધું છે કે આવનારા દિવસોમાં પરિવર્તન આવશે અને એના કારણે જ લોકો પરિવર્તન ઈચ્છીને આમ આદમી પાર્ટીમાં જોડાયા છે.

## 108 દિવસના જેલવાસમાંથી મુક્ત થયા બાદ પ્રવીણ રામ સીધા જ માં ખોડલના ચરણોમાં પહોંચ્યા



અમદાવાદ | ન્યાય આપનારી, સંકટ હરનારી અને અહંકારીઓને પાઠ ભણાવનારી માં ખોડલની જીવંત અનુભૂતિ કરાવતી અલૌકિક જગ્યા કે જે સમગ્ર લેઉવા પાટીદાર સમાજની એકતાનું પ્રતીક છે એવા ખોડલધામ ખાતે આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતા તથા ખેડૂત નેતા પ્રવીણ રામે માં ખોડલના ચરણોમાં શિશ ઝુકાવી જગતજનની માં પાસે ખેડૂતો વિરુદ્ધ થતા અત્યાચાર સામે લડવાની શક્તિ માંગી. માતાજીના દર્શન કર્યા બાદ એક વીડિયોના માધ્યમથી આમ આદમી પાર્ટીના ફ્રંટલ સંગઠન પ્રદેશ પ્રમુખ અને ખેડૂત નેતા પ્રવીણ રામે જણાવ્યું હતું કે, ગુજરાતના ખેડૂતોની લાંબી લડાઈ લડીને આજે 108 દિવસ બાદ અમે જેલમાંથી બહાર આવ્યા છીએ. આજે અમારો જેલવાસ પૂરો થયો, ત્યારે હવે કાગવડ ખોડલધામ ખાતે માતાજીના દર્શન કરવા માટે આવ્યા હતા અને અમે માતાજીના ચરણોમાં પ્રાર્થના કરી છે કે આવનારા દિવસોમાં માં ખોડલ અમને ગુજરાતના ખેડૂતો માટે લડવાની વધુ તાકાત આપે, ગુજરાતના ખેડૂતો વધુ સમૃદ્ધ બને અને આવનારા દિવસોમાં ખેડૂતોને ન્યાય મળે એ માટે અમે પૂરી તાકાત સાથે લડાઈ લડી શકીએ.

## આમ આદમી પાર્ટી દ્વારા વ્યારા ખાતે ભવ્ય પરિવર્તન સભાનું આયોજન, ધારાસભ્ય ચૈતર વસાવા ઉપસ્થિત રહ્યા





અમદાવાદ | આમ આદમી પાર્ટી દ્વારા વ્યારા ખાતે પરિવર્તન સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યારા ડોલારા ડાટ બજાર ખાતે ભવ્ય પરિવર્તન સભામાં આમ આદમી પાર્ટી ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા ઉપસ્થિત રહ્યા હતા. AAPના ધારાસભ્ય ચૈતર વસાવાએ સભાને સંબોધન કરતાં જણાવ્યું કે હાલમાં ચાલી રહેલી SIR પ્રક્રિયામાં સરકાર વિરોધી મત આપતા આદિવાસી, દલિત, વંચિત અને મુસ્લિમ સમાજના લોકોના નામ મતદાર યાદીમાંથી કાઢવાની કોશિશ થઈ રહી છે. ભાજપ સાથે જોડાયેલા લોકોના ફોન નંબર અને વિગતો આપીને ખોટી વાંધા અરજીઓ કરવામાં આવી રહી છે. તેમણે તમામ લોકોને અપીલ કરી કે પ્રાંત અધિકારી (ERO/SDM) પાસે પોતાનું નામ મતદાર યાદીમાં છે કે નહીં તે ચકાસી લે, જેથી આવનારી પંચાયત કે સરપંચની ચૂંટણી સમયે કોઈનું નામ કાઢી નાંખવામાં આવ્યું હોવાનો ખ્યાલ છેલ્લે ન આવે.

# આઠ વર્ષથી ખેડૂતો માટે અમારી જે લડત ચાલી રહી છે તેને આગળ ધપાવીશું: રાજુ કરપડા



અમદાવાદ | ગુજરાતભરના ખેડૂતો માટે આજે ખુશીનો પ્રસંગ છે. કારણ કે ખેડૂતો માટે કડદા પ્રથા વિરુદ્ધ મજબૂત લડત આપનાર ખેડૂત નેતા રાજુ કરપડા જામીન મુક્ત થયા છે. તેઓએ 108 દિવસ જેલમાં વિતાવ્યા અને આજે આપણી સમક્ષ ઉપસ્થિત થયા હતા. આ દરમિયાન આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, પ્રદેશ મહામંત્રી સાગર રબારી, પ્રદેશ સહ પ્રભારી ગુલાબસિંહ યાદવ, પ્રદેશ સંગઠન મંત્રી અમૃત મકવાણા અને પ્રદેશ પ્રવક્તા વિક્રમ દવે સહિત મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના આગેવાનો અને કાર્યકર્તાઓએ રાજુભાઈ કરપડાનું હૃદયપૂર્વક સ્વાગત કર્યું હતું. આ તકે રાજુભાઈએ એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું અને તેમાં પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, મુશ્કેલ સમયમાં સમગ્ર ગુજરાતના ખેડૂત પરિવારોએ, પત્રકાર મિત્રોએ અને ખાસ કરીને સમગ્ર AAPએ મને અને મારા પરિવારને જે હિંમત પૂરી પાડી તે બદલ આભાર. 10/10/2025ના રોજ બોટાદ માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતોનું જે વર્ષોથી શોષણ થતું હતું તે કડદા પ્રથાના વિરોધમાં અમે રજૂઆત કરવાના પ્રયત્ન કર્યા અને ત્યાં હજારોની સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા. પરંતુ એપીએમસીના સત્તાધીશોએ માત્ર મૌખિક બાહેંધરી આપીને ખેડૂતોને ગુમરાહ કરવાની કોશિશ કરી.



## નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વેના RPF એ 8 સગીરો સહિત 12 મુસાફરોને સફળતાપૂર્વક બચાવ્યા



માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) તેના નેટવર્કમાં રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (RPF) ની સતર્ક કામગીરી દ્વારા મુસાફરોની સલામતી અને માનવતાવાદી સહાય સુનિશ્ચિત કરવા માટે તેના સમર્પિત પ્રયાસો ચાલુ રાખે છે. 24.01.2026 અને 28.01.2026 ની વચ્ચે, RPF ટીમોએ અનેક રેલ્વે સ્ટેશનો પર શ્રેણીબદ્ધ સંકલિત બચાવ કામગીરી હાથ ધરી, એકલા મુસાફરી કરતા અથવા મુશ્કેલીમાં મુકાયેલા મુસાફરોને સફળતાપૂર્વક શોધી કાઢ્યા અને બચાવ્યા.આ કામગીરી દરમિયાન, NFR અધિકારક્ષેત્ર હેઠળના સ્ટેશનો અને ટ્રેનોમાંથી કુલ 12 વ્યક્તિઓને બચાવી લેવામાં આવ્યા, જેમાં 8 સગીરો અને 4 પુખ્ત વયના લોકોનો સમાવેશ થાય છે.

# અંબાજી ખાતે '૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ'નું ભવ્ય સમાપન: લાખો શ્રદ્ધાળુઓએ લીધો દર્શન-પ્રસાદનો લાભ

પાલનપુર | ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પ્રસિદ્ધ આદ્ય શક્તિપીઠ અંબાજીના ગબ્બર ખાતે તા. ૩૦-૦૧-૨૦૨૬ થી તા. ૦૧-૦૨-૨૦૨૬ (મહા સુદ બારસ, તેરસ અને ચૌદસ) દરમિયાન '૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ત્રિ-દિવસીય મહોત્સવમાં દેશ-વિદેશમાં સ્થાપિત ૫૧ શક્તિપીઠોના આબેહૂબ દર્શનનો લાહવો લેવા માટે ગુજરાત સહિત અન્ય રાજ્યોમાંથી પણ લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.

### ૫૧ શક્તિપીઠ પરિક્રમાનો સંદેશ ગામેગામ પહોંચાડવા અંબાજીમાં 'પરિક્રમા દોડ'નું સફળ આયોજન કરાયું

પાલનપુર | વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે '૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૬'ના બીજા દિવસે જનજાગૃતિ અને ભક્તિભાવ વધારવાના



ઉદ્દેશ્યથી ભવ્ય 'પરિક્રમા દોડ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દોડનો મુખ્ય હેતુ ૫૧ શક્તિપીઠ પરિક્રમાનો મહિમા અને સંદેશ ગામેગામ સુધી પહોંચાડવાનો હતો. છેલ્લા બે વર્ષથી આ સ્પર્ધા મહોત્સવનું એક આકર્ષક નજરાણું બની રહી છે.અંબાજી મંદિરના વહીવટદાર અને અધિક કલેક્ટર શ્રી કૌશિક મોદીએ જણાવ્યું હતું કે, વહીવટી તંત્ર દ્વારા આ દોડનું સુચારુ આયોજન કરવામાં આવ્યું હતું.

### શંકરભાઈ ચૌધરી પરિક્રમા મહોત્સવમાં સહભાગી બની શ્રદ્ધાળુઓના ઉત્સાહમાં વધારો કર્યો

પાલનપુર | વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આયોજિત ત્રિ- દિવસીય '૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૬'ના અંતિમ દિવસે શ્રદ્ધા અને



ભક્તિનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી પરિક્રમા મહોત્સવમાં સહભાગી બની માઁ જગદંબાના આશીર્વાદ સાથે પરિક્રમામાં જોડાયા હતા. અધ્યક્ષશ્રીએ મહાનુભાવો સાથે ગબ્બર પરિક્રમા પથ પર પદયાત્રા કરી તમામ ૫૧ શક્તિપીઠોના ભાવપૂર્વક દર્શન કર્યા હતા, જેનાથી ત્યાં ઉપસ્થિત લાખો શ્રદ્ધાળુઓના ઉત્સાહ અને ઉમંગમાં અનેરો વધારો થયો હતો.

### માનવતા નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતું રાજુલા પોલીસ ટીમ

## ટાઉન વિસ્તારમાં ખોવાયેલા રૂપિયા ૧,૬૫,૦૦૦ ગણતરીની કલાકોમાં મૂળ માલિકને પરત અપાવતી રાજુલા પોલીસ

અમદાવાદ | પોલીસે ત્રીજા નેત્રનો ઉપયોગ કરી અને સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવાર માટે પોલીસ બની આશીર્વાદ રૂપી રાજુલા શહેરમાં બર્બટાણા તાલુકો રાજુલા જે ટેકાના ભાવે મગફળીનું વેચાણ કરેલ હોય જેના રૂપિયા ૧,૬૫,૦૦૦ રોકડા ભુરા જે રાજુલા સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા કૃષિ શાખા રાજુલા માં જમા થયેલ હોય તે પૈસા ઉપાડી કાપડની થેલીમાં રાખી અને બર્બટાણા જવા માટે નીકળેલા ત્યારે આ રકમ રાજુલા ટાઉન વિસ્તારમાં આ રકમ ભરેલી થેલી પડી ગયેલ હતી આ બાબતે તાત્કાલિક તેમણે રાજુલા પોલીસની જાણ કરી અને સાથે જણાવ્યું કે સાહેબ મારા આ રૂપિયા આખા વર્ષની કમાઈ અને મહેનતના છે આ શબ્દો સાંભળતા જ રાજુલા શહેરના જાબાજ નવા નિમાયેલા પી.આઇ કોલાદરા ની સુચના અને માર્ગદર્શન નીચે રાજુલા પોલીસ સ્ટાફને બનાવ સમયના સી.સી.ટી.વી કેમેરા ચેક કરવા અને આ અરજદારના ખોવાયેલ મગફળી વેચાણની રોકડ રકમ અપાવા રાજુલા પોલીસની ટીમને માર્ગદર્શન આપેલ.

## મેરા ટિકટ, મેરી શાન – વિકસિત ભારત કે લિએ મેરા યોગદાન" અભિયાન હેઠળ જૂનાગઢ રેલવે સ્ટેશન પર જનજાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન

અમદાવાદ | પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા રેલ યાત્રીઓને માન્ય ટિકિટ લઈને મુસાફરી કરવા તથા ડિજિટલ રેલવે સેવાઓના ઉપયોગ અંગે જાગૃતિ વધારવાના હેતુથી પ્રમુખ મુખ્ય વાણિજ્ય પ્રબંધક શ્રી તરૂણ જૈનના માર્ગદર્શન અને પ્રેરણાથી ચલાવવામાં આવી રહેલા "મેરા ટિકટ, મેરી શાન - વિકસિત ભારત કે લિએ મેરા યોગદાન" અભિયાન અંતર્ગત તારીખ 01 ફેબ્રુઆરી, 2026 (રવિવાર)ના રોજ જૂનાગઢ રેલવે સ્ટેશન પર જનજાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે જૂનાગઢના માનનીય ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરાડીયા, મહાપૌર શ્રી ધર્મેશ પોશિયા, ઉપમહાપૌર શ્રી આકાશ કટારા, ભાજપના પૂર્વ અધ્યક્ષ શ્રી પુનિત શર્મા, ભાજપ ઉપાધ્યક્ષ ગીતાબેન, ભાજપ દંડક શ્રી કલ્પેશ અજવાણી, બક્ષી પંચ પ્રદેશ મોરચાના ઉપાધ્યક્ષ શ્રી જે. કે. ચાવડા સહિત અન્ય સ્થાનિક ગણમાન્ય જનપ્રતિનિધિઓની ગૌરવસભર ઉપસ્થિતિ રહી. કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈને કાર્યક્રમની શોભા વધારી.

## રાજુલા ના આગરીયા જગાતનાકા પાસે ગમખ્વાર અકસ્માત એક જ પરિવારના પાંચ લોકો ઈજાગ્રસ્ત

અમદાવાદ | રાજુલા શહેરમાં આગરીયા જગાતનાકા નજીક આજે એક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. પરબ વાવડી તરફથી રાજુલા આવી રહેલી એક ફોરવ્હીલ કાર અચાનક રસ્તા બાજુ આવેલા ખુલ્લા ગટરના ઊંડા ખાડામાં ખાબકી ગઈ હતી. અકસ્માત સમયે કારમાં બેઠેલા એક જ પરિવારના કુલ પાંચ સભ્યોને ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.ઘટના બનતા જ આસપાસના વેપારીઓ અને સ્થાનિક રહીશો તરત જ દોડી આવ્યા હતા. લોકોએ માનવતા દાખવી ગટરના પાણીમાં ફસાયેલા તમામ લોકોને બહાર કાઢી તાત્કાલિક મદદ પૂરી પાડી હતી. સ્થાનિક લોકોની સતર્કતા અને તાત્કાલિક સહાયના કારણે મોટી જાનહાનિ ટળી હોવાનું માનવામાં આવે છે.સ્થળ પર હાજર પરિવારજનોના જણાવ્યા મુજબ, રસ્તા પરનો આ ખુલ્લો ગટરનો ખાડો ખૂબ જોખમી છે અને આ ખાડો કોઈકનો જીવ લઈ જશે એવી વેદના તેમણે વ્યક્ત કરી હતી. સ્થાનિકોમાં પણ આ ખાડા બાબતે ભારે રોષ જોવા મળી રહ્યો છે.આ બનાવ બાદ વિસ્તારમાં ગટર વ્યવસ્થા અને રસ્તાની સુરક્ષા અંગે તંત્ર સામે પ્રશ્નો ઉઠી રહ્યા છે.

## ભાવનગર-સોમનાથ હાઈવે પર સિંહણનો ભોગ, વાહનની ટક્કરથી મોત વન્યજીવ સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર પ્રશ્નો

અમદાવાદ | ભાવનગર-સોમનાથ હાઈવે પર સિંહણનું મોત, વન વિભાગની નિષ્ક્રિયતા સામે સવાલો – સુરક્ષા વ્યવસ્થા ફરી નિષ્ફળ ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર નાગેશ્રી ટોલ નાકા નજીક સિંહણને વાહનની ટક્કર લાગતા તેનું કરૂણ મોત નીપજ્યું છે. આ ઘટનાએ ફરી એકવાર વન્યજીવોની સુરક્ષા બાબતે વન વિભાગની કામગીરી પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.પ્રાપ્ત માહિતી અનુસાર, સિંહણ રોડ ક્રોસ કરી રહી હતી ત્યારે પૂરપાટ ઝડપે આવતી એક અજાણી ફોર-વ્હીલર કારએ તેને ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે સિંહણનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. અકસ્માત બાદ કારચાલક ટોલ નાકા પાસેથી પસાર થઈ ઉના તરફ ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.એશિયાટિક સિંહોના નિવાસસ્થાન વિસ્તારમાં હાઈવે પર વન્યજીવોની અવરજવર સામાન્ય છે, છતાં વન વિભાગ દ્વારા કોઈ અસરકારક સુરક્ષા વ્યવસ્થા જોવા મળતી નથી. હાઈવે પર ગતિ મર્યાદાનું કડક પાલન, રાત્રિ પેટ્રોલિંગ, ચેતવણી બોર્ડ અને વન્યજીવ સુરક્ષા માટેના ઉપાયો માત્ર કાગળ પર જ સીમિત હોવાનું આ ઘટનાથી ફરી સાબિત થયું છે.

# પેટને મર્યાદિત ભોજનની આદત પડવાથી શરીર તંદુરસ્ત રહે છે

માણસ એ આંખ ખોલી ને પ્રથમ વાર જે દ્રશ્ય જોયું હશે ને એ એના માટે ચમત્કાર થી વધારે નહી હોય.કદાચ માણસ એ જન્મતાં જ આંખો ખોલી હશે ત્યારે ઈશ્વર ના સ્વરૂપ ના દર્શન થતા હશે એટલે તો "આસ્થા" પર આધારિત જીવન ને સુખ દુઃખ તો સ્પર્શે છે. "એક આધાર" નું ચિંતન માણસ ને સતત રહેતું હોવાના લીધે આયખું "પુનઃ ચમત્કાર" ની રાહ માં પૂરું કરી નાખતો હશે. મહાદેવજી એ વૃષભ ને ધરા પર સંદેશ "એકવાર ભોજન અને ત્રણવાર સ્નાન" નો લઈ ને મોકલ્યો ત્યારે સતત રટણ "રામ નામ નું મરા મરા" થઈ જાય છે એમજ વૃષભ થી ભૂલ થઈ ને "ત્રણ વાર ભોજન અને એક વાર સ્નાન" નો સંદેશ પૃથ્વીવાસીઓ ને આપ્યો. વર્તમાન ની સમસ્યા "પાણી" જોતા એવું લાગે છે કે ભગવાન ભોળાનાથની કૃપા થી જ વૃષભ એ "ત્રણવાર ભોજન અને એકવાર સ્નાન" નો સંદેશ ધરા વાસીઓ ને આપ્યો હશે. આ સંદેશ ખુદ એક ચમત્કાર સાબિત થઈ રહ્યો છે,કેમ? આયુર્વેદ કહે છે કે ભોજન સીમિત માત્રા મા કરવું જોઈએ, પાણી જેમાં જ્યુસ,દૂધ વગેરે વધારે પીવાથી શરીર રોગમુક્ત અને આયુષ્ય માં વધારો થાય છે.પૃથ્વી ની ભૌગોલિક સ્થિતિ અનુસાર ધરા પર ૯૦% પાણી અને ૧૦% જમીન છે.આ સમસ્યા માં માણસ "એક સમય ભોજન અને ત્રણ વખત સ્નાન" નું પાલન કરતો હોત તો માણસ નું આયુષ્ય ઓછા માં ઓછું ૧૦૦ વર્ષ નું થાત તો ધરા પર મનુષ્ય ની સંખ્યા અધધધ થઈ હોત.

"ભોજન" એ શરીર ની મુખ્ય જરૂરિયાત છે પણ પેટ ને મર્યાદિત ભોજન ની આદત પડવાથી શરીર તંદુરસ્ત રહે છે આવુ મોર્ડન સાયન્સ નું માનવું છે. તંદુરસ્ત આરોગ્ય અંતર્ગત મોર્ડન સાયન્સ એ વરસો ના વરસો રિસર્ચ કર્યા બાદ તારણ કાઢ્યું "એક વાર ભોજન અને ત્રણ વાર સ્નાન" આ તારણ એ મનુષ્ય ને સૃષ્ટિ ની શરૂઆત માંજ ભગવાન ભોળાનાથ એ આપ્યું હતું આતો વૃષભ ની ભૂલ ના લીધે "એક વાર સ્નાન અને ત્રણ વાર ભોજન" નો ચમત્કાર થયો હતો. ત્રણ વાર ભોજન ની આદત ને લીધે વર્તમાન માં માણસ ત્રીસ વર્ષે રોગીષ્ટ અને સાંઈઠ થી સીતેર વર્ષ ના ગાળા દરમિયાન સર્જરી નો શિકાર બની ગયા બાદ અંતિમ સમયે વેન્ટિલેટર માં આમ આયુષ્ય નો ધી એન્ડ.

આંખે દેખેલ ચમત્કાર પર માણસ ને ભરોસો પડતો નથી હોતો એટલે જ તો ખુદ કરતા અન્યની વાત ને સાચી માનવા લાગે છે. નાસ્તિકતા વાદી લોકોનું કહેવું છે કે ઈશ્વર જેવું તત્વ નથી ઈશ્વર એ મનુષ્ય ઉપજાવેલ એક કથા માત્ર છે. જો આ વાત પર પોઈન્ટ ઝીરો ટકા પણ વિશ્વાસ કરી ને વિચારીએ તો દર વર્ષે હિમાલય માં બનતા "અમર નાથ શિવલિંગ" ના સાક્ષાત ચમત્કાર ના દર્શન કરતા પોઈન્ટ ઝીરો ટકા પણ "ઈશ્વર તત્વ નથી" વાત પર વિશ્વાસ થતો નથી. માણસ ગમે તેટલો નાસ્તિક હશે પણ ખુદ ઈશ્વર ના ચમત્કાર નો અનુભવ કરે છે ને ત્યારે "નાસ્તિકતા વાદ" ભૂલી ને ઈશ્વર તત્વ ને આશ્રિત થઈ જાય છે. એકવાત નાથ સંપ્રદાય ના ગુરુ મછેન્દ્રનાથ બાંગલા પ્રદેશના ચંદ્રપુરી નગરી માં ભ્રમણ કરતા હતા ત્યારે સરસ્વતી નામની સ્ત્રી ના ઘરે ભિક્ષા માંગવા ઊભા રહ્યા. સરસ્વતી એ પુત્ર પ્રાપ્તિ માટે ગુરુ મેછેન્દ્રનાથ પાસે ઈચ્છા વ્યક્ત કરતા ઝોળી માંથી ભસ્મ ની પડીકી સ્ત્રીને આપતા ગુરુ એ વચન માંગતા કહ્યું હતું કે પુત્ર પ્રાપ્તિ ના બાર વર્ષ બાદ તું મને તારો પુત્ર અર્પણ



ચમત્કાર ને નમસ્કાર
- રુપાલી દવે

કરી દઈશ. સરસ્વતી એ ભય ના માર્યા વચન તો આપી દીધું પરંતુ એને ગુરુગુરુ મેછેન્દ્રનાથ એ આપેલ ભસ્મ ની પડીકી પર ખાસ વિશ્વાસ નહતો. સરસ્વતી એ ભસ્મ ની પડીકી ને ઘર ની પાછળ ના છાણ ના ઢગલા ની નીચે ખાડો કરીને દાટી દીધી.

બાર વર્ષ બાદ તેરમાં વર્ષે ગુરુ મેછેન્દ્રનાથ પુનઃ ચંદ્રગીરિ ગામ આવી ને સરસ્વતી ના ઘર ના દ્વારે ઊભા રહીને ને બોલ્યા કે

.બાર વર્ષ કે ઉપર તેરે,
તેરે ઘર પર મૈં આયા થા
સૂર્યરેત્સે ભસ્મ મિલાકે,
મેને તુજે દિયા થા..

ગુરુ મેછેન્દ્રનાથ નો અવાજ સાંભળતા જ સરસ્વતી ભયભીત થઈ ને રડતા રડતા બોલી કે ગુરુજી, મને માફ કરો મારાથી ખૂબ મોટી ભૂલ થઈ ગઈ છે આપે આપેલ ભસ્મ માં મને વિશ્વાસ ન બેસતા મેં એ ભસ્મની પડીકી ને ઘર ની પાછળના છાણ ના ઢગલા નીચે દાટી દીધી છે.ગુરુ મેછેન્દ્રનાથ એ સરસ્વતી ને પૂછ્યું કે જલ્દી બતાવ,ક્યાં છે છાણ નો ઢગલા? સરસ્વતી ના ઘર ની આસપાસ ના લોકો અજાણ્યા સંન્યાસી નો અવાજ સાંભળી ને એકઠા થઈ ગયા. એકઠા થયેલા લોકો એ આપસ માં ગુરુ મેછેન્દ્રનાથ ની ઠઠ્ઠા મશ્કરી કરતા બોલ્યા કે બાર વર્ષ પહેલા ની જમીન માં દાટેલી ભસ્મ ની પડીકી તો ક્યારની ગાય ના છાણ ના ઢગલા માં ભળી ગઈ હશે નકામી હઠ પકડી ને બાવો બેઠો છે. જ્યારે ગુરુ મેછેન્દ્રનાથ એ સરસ્વતી એ દાટેલ ભસ્મ ના સ્થાન પર ઊભા રહીને ને જેવું "ચેત મેછેન્દ્રનાથ ગોરખ આયા" બોલ્યા એ ભેગા જમીન માં તિરાડ પડી ને એની અંદર થી બાર વર્ષ નો તેજસ્વી યુવાન બહાર આવ્યો. ગામ ના લોકો સહિત સરસ્વતી ને પોતાના કૃત્ય બદલ ભારોભાર પશ્ચાતાપ થયો પરંતુ બાર વર્ષ બાદ ગુરુ ને પુત્ર આપવાનું વચન આપ્યું હતું.ગુરુ મેછેન્દ્રનાથ એ જેવું અલખ નો ધ્વનિ કર્યો એ ભેગા ગોરખ એ ગુરુની સમીપ આવીને અલખ નું ગગન ભેદી ઉચ્ચારણ કર્યું.ગુરુ ની પાછળ પાછળ ગોરખ ચાલવા લાગ્યા.બાર વર્ષ સુધી છાણ ના ઢગલા નીચે રહ્યા હતા એટલે ગુરુ ગોરખ નાથ નું નામ ગુરુ મેછેન્દ્રનાથ એ "ગોરખ" રાખ્યું હતું. ગુરુ શિષ્ય એ ભારત ભર માં ભ્રમણ કર્યું હતું પરંતુ ઉતર પ્રદેશ માં નાથ સંપ્રદાય નો પ્રભાવ વધારે વધતા ગોરખનાથ એના ગુરુ સાથે ઉતર પ્રદેશ ના ગામ માં વસ્યા જે આજ ગોરખપુર ના નામે ઓળખાય છે. "ચમત્કાર" એટલે જાદુગર ના હાથની ચાલાકીભરી કલા કરામત નહી ચમત્કાર એટલે તમારા માથા પરના વજન દાર મજબૂત હાથ ની આસ્થા અને વિશ્વાસ. તમારા માથા મુકેલ હાથ માતા પિતા,ભગવાન અને ગુરુ નો હશે તો "આશીર્વાદ" નામના ચમત્કાર માં એવી તાકાત છે ને કે મજબુત ઈરાદા ની તાકાત ને ક્યારેય તૂટવા દેશે નહી. ચમત્કાર કાલે પણ થતા હતા ને આજે પણ થાય છે પરંતુ એને સમજવા માટે ધીરજ ની આવશ્યકતા જરૂરી છે.

# ઉર્ફી જાવેદ ધર્મ પરિવર્તન અફવા 2026 પર અભિનેત્રીએ તોડ્યું મૌન હું નાસ્તિક છું



મુંબઈ: સોશિયલ મીડિયા સેન્સેશન અને પોતાની અતરંગી ફેશન માટે જાણીતી અભિનેત્રી ઉર્ફી જાવેદ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં છે, પરંતુ આ વખતે તેની ચર્ચા કપડાંના કારણે નહીં પણ તેના ધર્મ અને બદલાયેલા નામની અફવાઓને કારણે થઈ રહી છે. ઉર્ફી જાવેદ ધર્મ પરિવર્તન અફવા 2026 ઈન્ટરનેટ પર આગની જેમ ફેલાઈ રહી છે, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેને ઈસ્લામમાંથી બહાર કરી દેવામાં આવી છે. આ ગંભીર અને વિવાદાસ્પદ મુદ્દે આખરે ઉર્ફીએ પોતે સામે આવીને તમામ પાયાવિહોણા દાવાઓનો છેદ ઉડાવી દીધો છે. મીડિયા અહેવાલ મુજબ, ઉર્ફીએ સ્પષ્ટ કર્યું છે કે તે કોઈ પણ ધર્મમાં માનતી નથી અને તે પોતે જ વર્ષો પહેલા ધર્મનો ત્યાગ કરી ચૂકી છે. શું છે સમગ્ર વિવાદ અને ફૈઝાન અન્સારીનો દાવો? વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ફૈઝાન અન્સારીએ એક સનસનાટીભર્યો વીડિયો જાહેર કર્યો. આ વીડિયોમાં તેણે દાવો કર્યો હતો કે ઉર્ફી જાવેદના વર્તનને કારણે મુસ્લિમ સમાજે તેને ધર્મમાંથી બરખાસ્ત કરવાનો નિર્ણય લીધો છે. ફૈઝાન અન્સારી ઉર્ફી જાવેદ વિવાદ ત્યારે વધુ વકર્યો જ્યારે અન્સારીએ એવો પણ દાવો કર્યો કે હવે ઉર્ફીનું નવું નામ 'ગીતા ભારદ્વાજ' રાખવામાં આવ્યું છે. અન્સારીના મતે, તેણે આ અંગે મુસ્લિમ સમુદાયના વડાઓને લેખિત પત્ર પણ આપ્યો છે. જોકે, આ દાવાઓમાં કેટલી સત્યતા છે તે અંગે ઉર્ફીના જવાબ બાદ ચિત્ર સ્પષ્ટ થયું છે.'હું નાસ્તિક છું', ઉર્ફીનો જડબાતોડ જવાબો તાના નામ અને ધર્મ પર ચાલી રહેલી ચર્ચાઓ પર મૌન તોડતા ઉર્ફીએ એક એજન્સી સાથેની વાતચીતમાં આકરા પ્રહારો કર્યા છે. ઉર્ફી જાવેદ ગીતા ભારદ્વાજ નામ અંગેના પ્રશ્ન પર તેણે આશ્ચર્ય વ્યક્ત કરતા કહ્યું કે, 'આવા અહેવાલો લોકો પોતે જ બનાવી રહ્યા છે. મેં ઘણો સમય પહેલા જ ધર્મ છોડી દીધો હતો. હું નાસ્તિક છું અને કોઈ ધર્મના નીતિ-નિયમોમાં માનતી નથી.' ઉર્ફીએ વધુમાં ઉમેર્યું કે, 'જે સ્થાન પર હું પહેલેથી જ નથી, ત્યાંથી કોઈ મને કેવી રીતે બહાર કાઢી શકે? આ તમામ વાતો માત્ર પબ્લિસિટી મેળવવા માટે કરવામાં આવી રહી છે. નામ બદલવાની વાતને ગણાવી પાયાવિહોણી ઉર્ફી જાવેદે ગીતા ભારદ્વાજ નામ અપનાવ્યું હોવાની વાતોને પણ તેને નકારી કાઢી છે.

## ઉર્ફી જાવેદ ગીતા ભારદ્વાજ નામ પર ચોખવટ

### સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિસાદ

આ ઘટના બાદ સોશિયલ મીડિયા પર બે જૂથ પડી ગયા છે. કેટલાક લોકો ફૈઝાન અન્સારીના દાવાને સમર્થન આપી રહ્યા છે, તો બીજી તરફ ઉર્ફીના ચાહકો તેની અભિવ્યક્તિની સ્વતંત્રતાનો પક્ષ લઈ રહ્યા છે. ઉર્ફી જાવેદ ધર્મ પરિવર્તન અફવા 2026 ના કારણે ટ્વિટર અને ઇન્સ્ટાગ્રામ પર સતત ચર્ચાઓ ચાલી રહી છે. કાયદાકીય નિષ્ણાતોનું કહેવું છે કે કોઈ પણ વ્યક્તિને બળજબરીથી કોઈ ધર્મમાંથી બહાર કાઢવાની જાહેરાત કરવી એ કાયદેસર રીતે યોગ્ય નથી, અને ઉર્ફી આ બાબતે કાયદેસરની કાર્યવાહી પણ કરી શકે છે.

# મુંબઈના જુહુમાં મોડી રાત્રે રોહિત શેટ્ટીના ઘર પર ચાર રાઉન્ડ ફાયરિંગ



મુંબઈ: બોલિવૂડના દિગ્ગજ એક્શન ડાયરેક્ટર રોહિત શેટ્ટીના જુહુ સ્થિત નિવાસસ્થાન પર મોડી રાત્રે થયેલા હુમલાએ સમગ્ર મુંબઈમાં સનસનાટી મચાવી દીધી છે. રોહિત શેટ્ટી ઘર ગોળીબાર તપાસ 2026 અંતર્ગત મળેલી માહિતી મુજબ, રવિવારે વહેલી સવારે લગભગ 3:00 વાગ્યાના સુમારે અજાણ્યા હુમલાખોરોએ ચાર રાઉન્ડ ફાયરિંગ કરીને નાસી છૂટ્યા હતા. આ ઘટના બાદ તુરંત જ પોલીસ હરકતમાં આવી છે અને સુરક્ષા વ્યવસ્થા લોખંડી બનાવી દેવામાં આવી છે. સદનસીબે, આ હુમલામાં કોઈ વ્યક્તિને ઈજા કે જાનહાનિ થઈ નથી, પરંતુ આ પ્રકારના સાહસિક હુમલાએ ફિલ્મ જગતના માંધાતાઓમાં ડરનો માહોલ પેદા કર્યો છે. પહેલી ફેબ્રુઆરીની કાળી રાત અને હુમલાખોરોનો આતંક ઘટનાની વિગતો મુજબ, જ્યારે સમગ્ર મુંબઈ નિદ્રાધીન હતું ત્યારે બાઈક પર આવેલા બે શખ્સોએ રોહિત શેટ્ટીના ઘરની બહાર હવામાં ગોળીબાર કર્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, ફાયરિંગનો અવાજ સાંભળતા જ ત્યાં તૈનાત સુરક્ષાકર્મીઓ સતર્ક થઈ ગયા હતા, પરંતુ હુમલાખોરો અંધારાનો લાભ લઈને પલાયન થઈ ગયા હતા. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ તપાસ અપડેટ સૂચવે છે કે હુમલાખોરોએ ખાસ કરીને ડર પેદા કરવાના હેતુથી આ કૃત્ય કર્યું હોય તેમ જણાય છે. અત્યાર સુધી કોઈ ગેંગ કે સંગઠને આ ફાયરિંગની જવાબદારી સ્વીકારી નથી, જે પોલીસ માટે વધુ ચિંતાનો વિષય બન્યો છે. ઘટનાસ્થળે પોલીસના ધાડેધાડા અને ફોરેન્સિક તપાસ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લેતા મુંબઈ પોલીસના વરિષ્ઠ અધિકારીઓ, ઝોનલ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની સ્પેશિયલ ટીમો તુરંત જુહુ પહોંચી ગઈ હતી. જુહુ હાઈ પ્રોફાઈલ ફાયરિંગ કેસ માં ફોરેન્સિક નિષ્ણાતોએ ઘટનાસ્થળેથી ખાલી કારતૂસ અને અન્ય પુરાવાઓ એકત્રિત કર્યા છે.

# રામ ચરણ જોડિયા બાળકો સમાચાર ઘરે લક્ષ્મી અને નારાયણનું આગમન

## ઉપાસના કામીનેની જોડિયા બાળકો જન્મ



હૈદરાબાદ: દક્ષિણ ભારતીય સિનેમાના સુપરસ્ટાર રામ ચરણ અને તેમના પત્ની ઉપાસના કામીનેની કોનિડેલાના ચાહકો માટે રવિવારની સવાર અત્યંત મંગલમય સાબિત થઈ છે. 'RRR' ફેમ અભિનેતા રામ ચરણ ફરી એકવાર પિતા બન્યા છે અને આ વખતે તેમના ઘરે બેવડી ખુશીઓ આવી છે. રામ ચરણ જોડિયા બાળકો સમાચાર 2026 સોશિયલ મીડિયા પર વાયુવેગે ફેલાઈ રહ્યા છે, કારણ કે આ સ્ટાર કપલે એક સાથે પુત્ર અને પુત્રીનું તેમના પરિવારમાં સ્વાગત કર્યું છે. મેગાસ્ટાર ચિરંજીવીએ પોતે આ ગૌરવશાળી ક્ષણની સત્તાવાર જાહેરાત કરીને સમગ્ર વિશ્વમાં ફેલાયેલા તેમના ફેન્સને ખુશ કરી દીધા છે. મેગાસ્ટાર ચિરંજીવીએ શેર કરી દાદા બનવાની લાગણી આનંદના સમાચારની પુષ્ટિ કરતા રામ ચરણના પિતા અને તેલુગુ સિનેમાના દિગ્ગજ અભિનેતા ચિરંજીવીએ એક હૃદયસ્પર્શી પોસ્ટ મૂકી છે. ચિરંજીવી સોશિયલ મીડિયા પોસ્ટ જાહેરાત માં તેમણે જણાવ્યું હતું કે, 'અત્યંત આનંદ અને કૃતજ્ઞતા સાથે અમે જણાવી રહ્યા છીએ કે રામ ચરણ અને ઉપાસનાને જોડિયા બાળકો - એક પુત્ર અને એક પુત્રી - ના આશીર્વાદ મળ્યા છે. ભગવાનની કૃપાથી માતા અને બંને નવજાત શિશુઓ સંપૂર્ણપણે સ્વસ્થ છે.' ચિરંજીવીએ વધુમાં ઉમેર્યું હતું કે દાદા-દાદી બનવાનો આ લહાવો તેમના માટે જીવનની સૌથી મોટી ભેટ છે. મીડિયા અહેવાલ મુજબ, હૈદરાબાદની એપોલો હોસ્પિટલમાં બાળકોનો જન્મ થયો છે અને સમગ્ર કોનિડેલા પરિવાર ત્યાં હાજર છે. દિવાળીના સંકેતો હવે સત્ય સાબિત થયા લ્લેખનીય છે કે, ૨૦૨૫ની દિવાળી દરમિયાન જ ઉપાસના કામીનેનીએ તેના સીમંત (બેબી શાવર) ના વીડિયો શેર કર્યા હતા.

# અનન્યા પાંડે અને લક્ષ્યની ફિલ્મ ચાંદ મેરા દિલની રિલીઝની ઘોષણા



મુંબઈ: બોલિવૂડના ગ્લેમર જગતમાં ફિલ્મોની રિલીઝ તારીખ બદલાવી એ કોઈ નવી વાત નથી, પરંતુ જ્યારે કોઈ હાઈ-પ્રોફાઈલ પ્રોજેક્ટની તારીખ વારંવાર લંબાય ત્યારે ચાહકોમાં નિરાશા અને જિજ્ઞાસા બંને વધતી હોય છે. અનન્યા પાંડે અને નવોદિત અભિનેતા લક્ષ્યની બહુચર્ચિત ફિલ્મ 'ચાંદ મેરા દિલ' ફરી એકવાર ચર્ચામાં આવી છે. ચાંદ મેરા દિલ રિલીઝ તારીખ 2026 માં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ આ ફિલ્મ ૧૦ એપ્રિલના રોજ સિનેમાઘરોમાં દસ્તક દેવાની હતી, પરંતુ હવે નવા સત્તાવાર અહેવાલ મુજબ પ્રેક્ષકોએ આ રોમેન્ટિક ડ્રામા જોવા માટે હજુ થોડી વધુ રાહ જોવી પડશે. નવી તારીખની જાહેરાત અને બદલાતું શિડ્યુલ

ફિલ્મ ઉદ્યોગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, 'ચાંદ મેરા દિલ' હવે ૮ મે, ૨૦૨૬ના રોજ રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મની સફર રિલીઝના મામલે ઘણી ઉતાર-ચઢાવવાળી રહી છે. ૨૦૨૪માં જ્યારે આ પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી હતી, ત્યારે તેને ૨૦૨૫માં રિલીઝ કરવાનું આયોજન હતું. ત્યારબાદ, ૩૧ જાન્યુઆરીની તારીખ નક્કી થઈ અને પછી તેને લંબાવીને ૧૦ એપ્રિલ કરવામાં આવી હતી. હવે, અચાનક તેને ૮ મે પર ધકેલી દેવામાં આવી છે. અનન્યા પાંડે લક્ષ્ય નવી ફિલ્મ ના નિર્માતાઓએ આ વિલંબ પાછળનું કોઈ ચોક્કસ ટેકનિકલ કે વ્યાપારી કારણ હજુ સુધી સ્પષ્ટ કર્યું નથી. દિગ્દર્શક વિવેકનો ત્રીજો મહત્વકાંક્ષી પ્રોજેક્ટ ફિલ્મનું દિગ્દર્શન વિવેક કરી રહ્યા છે, જેમના માટે દિગ્દર્શક તરીકે આ ત્રીજો મોટો પ્રોજેક્ટ છે. મીડિયા અહેવાલ મુજબ, વિવેક આ ફિલ્મને એડિટિંગ અને પોસ્ટ-પ્રોડક્શનમાં વધુ પરફેક્ટ બનાવવા ઈચ્છે છે, જે કદાચ રિલીઝમાં વિલંબનું એક મુખ્ય કારણ હોઈ શકે છે. અનન્યા પાંડે જે અત્યારે પોતાની કારકિર્દીના શ્રેષ્ઠ તબક્કામાંથી પસાર થઈ રહી છે, તે આ ફિલ્મમાં એક અલગ અંદાજમાં જોવા મળશે. બીજી તરફ, લક્ષ્ય માટે આ ફિલ્મ તેની બોલિવૂડની પકડ મજબૂત કરવા માટે ખૂબ જ મહત્વની સાબિત થવાની છે. બોલિવૂડના અન્ય મોટા પ્રોજેક્ટ્સ સાથેની સ્પર્ધા લિીઝ તારીખમાં થતા ફેરફાર પાછળ ઘણીવાર બોક્સ ઓફિસ પર અન્ય ફિલ્મો સાથેની ટક્કર પણ જવાબદાર હોય છે. બોલિવૂડ રોમેન્ટિક ડ્રામા અપડેટ મુજબ, એપ્રિલ મહિનામાં અન્ય કેટલીક મોટી ફિલ્મો પણ રિલીઝ થવાની તૈયારીમાં છે. તેથી, સોલો રિલીઝ અને મહત્તમ સ્ક્રીન્સ મેળવવા માટે મે મહિનાની પસંદગી કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે. સૂત્રો દ્વારા એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ઉનાળાના વેકેશનનો લાભ લેવા માટે મે મહિનાની શરૂઆત ફિલ્મ માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. ચાહકોમાં સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયૂાયા રથી આ નવા ફેરફારના સમાચાર આવ્યા છે, ત્યારથી સોશિયલ મીડિયા પર ફેન્સ પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે. ચાંદ મેરા દિલ રિલીઝ તારીખ 2026 ના વારંવાર બદલાતા શિડ્યુલને કારણે કેટલાક લોકો તેને 'વધુ પડતી રાહ' ગણાવી રહ્યા છે. જોકે, ફિલ્મની પ્રથમ ઝલક અને પોસ્ટર્સે જે રીતે લોકોનું ધ્યાન ખેંચ્યું છે, તે જોતા એવું લાગે છે કે દર્શકો આ જોડીને મોટા પડદા પર જોવા માટે આતુર છે. ફિલ્મની સ્ટારકાસ્ટ અત્યારે ફિલ્મના પ્રમોશનની રણનીતિ પર કામ કરી રહી છે.


# ભૂત પોલીસ ૨ પ્રિયદર્શન ફિલ્મ 2026 માં સૈફ અલી અને અર્જુન કપૂર પત્તું કપાયું

મુંબઈ: બોલિવૂડમાં કોમેડી ફિલ્મોના પર્યાય ગણાતા માસ્ટર ડાયરેક્ટર પ્રિયદર્શન ફરી એકવાર હોરર-કોમેડીના મેદાનમાં ઉતરવા માટે સજ્જ થયા છે. વર્ષ ૨૦૨૧ માં આવેલી મલ્ટિસ્ટારર ફિલ્મ 'ભૂત પોલીસ' ની સિક્વલને લઈને અત્યારે મોટા સમાચાર સામે આવ્યા છે. ભૂત પોલીસ ૨ પ્રિયદર્શન ફિલ્મ 2026 હવે સંપૂર્ણપણે નવા રંગરૂપમાં જોવા મળશે, કારણ કે દિગ્દર્શકે મૂળ ફિલ્મના મુખ્ય કલાકારો સૈફ અલી ખાન અને અર્જુન કપૂરને આ ભાગમાં ન લેવાનો નિર્ણય કર્યો છે. મીડિયા અહેવાલ મુજબ, પ્રિયદર્શન આ ફિલ્મને એક નવી ઓળખ આપવા માટે સ્ટારકાસ્ટમાં ધરમૂળથી ફેરફાર કરવા જઈ રહ્યા છે.નવી સ્ટારકાસ્ટ અને રસપ્રદ સંયોજન પ્રિયદર્શનની આ ફિલ્મમાં હવે પ્રેક્ષકોને સૈફ અલી અર્જુન કપૂર આઉટ થતા નવી જોડી જોવા મળશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ફિલ્મમાં એક વરિષ્ઠ અને એક કનિષ્ઠ (જુનિયર) અભિનેતાને લેવાની યોજના છે. દિગ્દર્શક માને છે કે એક અનુભવી કલાકાર અને એક ઉભરતા સ્ટારનું સંયોજન ફિલ્મની પટકથામાં નવો પ્રાણ ફૂંકશે.

## બોક્સ ઓફિસ પર હોરર-કોમેડીનો ક્રેઝ

હાલના સમયમાં 'સ્ત્રી ૨' અને 'ભૂલ ભુલૈયા ૩' જેવી ફિલ્મોની સફળતાએ સાબિત કર્યું છે કે ભારતીય દર્શકોને હોરર-કોમેડી જોનર ખૂબ જ પસંદ આવી રહ્યો છે. પ્રિયદર્શન આ ક્રેઝનો લાભ લેવા માંગે છે. મીડિયા અહેવાલ મુજબ, નિર્માતાઓ આ ફિલ્મના વીએફએક્સ અને લોકેશન પર ખાસ ધ્યાન આપી રહ્યા છે જેથી તે આંતરરાષ્ટ્રીય સ્તરની અનુભૂતિ કરાવી શકે. સૈફ અને અર્જુન જેવા મોટા નામોને હટાવીને નવા કલાકારો સાથે જોખમ લેવું એ પ્રિયદર્શનનો આત્મવિશ્વાસ દર્શાવે છે કે તેમની વાર્તા કલાકારો કરતા વધુ મજબૂત હશે.

# નાના પડદા પર 50 સિતારાઓનો મહાસંગ્રામ



મુંબઈ: ભારતીય ટેલિવિઝન જગતમાં રિયાલિટી શોના શોખીનો માટે વર્ષ 2026ની સૌથી મોટી ક્ષણ આવી ગઈ છે. કલર્સ ટીવી પર એક નવો અને અત્યંત રોમાંચક રિયાલિટી શો 'ધ 50' આજથી પ્રસારિત થવા જઈ રહ્યો છે. રિયાલિટી શો ધ 50 પ્રીમિયર 2026 ની જાહેરાત સાથે જ દર્શકોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. આ શોનો કોન્સેપ્ટ અત્યાર સુધીના તમામ શો કરતા અલગ છે, જેમાં મનોરંજન જગતના 50 જાણીતા ચહેરાઓ એક જ છત નીચે સખત સ્પર્ધા કરતા જોવા મળશે. મીડિયા અહેવાલ મુજબ, આ શો માત્ર ટીવી પર જ નહીં પરંતુ ડિજિટલ પ્લેટફોર્મ પર પણ ધૂમ મચાવવા તૈયાર છે.નવો કોન્સેપ્ટ અને 50 દિવસની અગ્નિપરીક્ષા 'ધ 50' શોની સૌથી મોટી ખાસિયત તેની લંબાઈ અને સ્પર્ધકોની સંખ્યા છે. આ શો સતત 50 દિવસ સુધી ચાલશે, જેમાં દરેક દિવસે સ્પર્ધકોએ જીવલેણ પડકારો અને માનસિક રમતોનો સામનો કરવો પડશે. કલર્સ ટીવી નવા શો સ્પર્ધકો



ની યાદીમાં કરણ પટેલ, મિસ્ટર ફૈઝુ, દિવ્યા અગ્રવાલ, પ્રિન્સ નરુલા અને નિક્કી તંબોલી જેવા મોટા નામો સામેલ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ શોમાં માત્ર શારીરિક શક્તિ જ નહીં, પરંતુ સ્પર્ધકોની વ્યૂહરચના અને ધૈર્યની પણ કસોટી થશે. આ શો દરરોજ રાત્રે 10:30 વાગ્યે કલર્સ ટીવી પર અને રાત્રે 9:00 વાગ્યાથી જીઓ હોટસ્ટાર પર લાઈવ સ્ટ્રીમ કરવામાં આવશે. પ્રીમિયર પહેલા જ વિવાદોની શરૂઆતો હજુ શરૂ થયો નથી ત્યાં જ પ્રોમોમાં જોવા મળેલા વિવાદોએ ઈન્ટરનેટ પર આગ લગાવી દીધી છે. કરણ પટેલ ફૈઝુ વિવાદ અપડેટ મુજબ, શોના પ્રથમ એપિસોડમાં જ ટીવીના મશહૂર અભિનેતા કરણ પટેલ અને સોશિયલ મીડિયા સ્ટાર મિસ્ટર ફૈઝુ વચ્ચે ઉગ્ર બોલાચાલી થતી જોવા મળશે. એટલું જ નહીં, બિગ બોસ ફેમ દિગ્વિજય સિંહ રાઠી અને રજત દલાલ વચ્ચે પણ શારીરિક ઘર્ષણ થવાના સમાચાર મીડિયા અહેવાલમાં સામે આવ્યા છે. આ હાઈ-વોલ્ટેજ ડ્રામા દર્શાવે છે કે શોમાં સ્પર્ધા કેટલી ઉગ્ર રહેવાની છે. નામી કલાકારોની લાંબી યાદી શોમાં સામેલ થનારા 50 સ્પર્ધકોમાં ટેલિવિઝનના લોકપ્રિય કલાકારો સાથે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. યાદીમાં ઉર્વશી ધોળકિયા, શિવ ઠાકરે, અર્ચના ગૌતમ, કૃષ્ણા શ્રોફ અને નીલમ ગિરી જેવા સિતારાઓના નામની પુષ્ટિ થઈ છે. નિક્કી તંબોલીએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, તાજેતરમાં ડેન્ગ્યુમાંથી સાજા થયા બાદ આટલા કઠિન શોમાં ભાગ લેવો તેના માટે એક મોટું જોખમ છે, પરંતુ તે પડકારો સ્વીકારવા તૈયાર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, દર અઠવાડિયે સ્પર્ધકોની સંખ્યામાં ઘટાડો થશે અને અંતે માત્ર એક જ વિજેતા બનશે.

## મનોરંજનનું નવું સરનામું

'ધ 50' શો દ્વારા કલર્સ ટીવી ફરી એકવાર રેટિંગ ચાર્ટમાં ટોચ પર આવવાની કોશિશ કરી રહ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, શોનું શૂટિંગ એક ભવ્ય સેટ પર કરવામાં આવ્યું છે જ્યાં સ્પર્ધકોને તમામ સુવિધાઓ તો મળશે, પરંતુ તેમને ટકી રહેવા માટે દરરોજ નવી રમત જીતવી પડશે. પ્રેક્ષકો તેમના મનપસંદ સ્પર્ધકોને જીતાડવા માટે વોટિંગ પ્રક્રિયામાં પણ ભાગ લઈ શકશે. આ શોમાં ડ્રામા, ઈમોશન અને ભરપૂર એક્શન જોવા મળવાની પૂરેપૂરી ગેરંટી આપવામાં આવી છે. તથ્યો તપાસતા જણાય છે કે આ પ્રકારનો લાર્જર-ધેન-લાઈફ શો ભારતીય પ્રેક્ષકો માટે બિલકુલ નવો અનુભવ હશે. ફેબ્રુઆરી ૧ થી શરૂ થતો આ શો માર્ચના મધ્ય સુધી દર્શકોનું મનોરંજન કરશે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## ગૌતમ ગંભીર દિલ્હી પરત ફર્યા: ન્યુઝીલેન્ડ સામે 4-1થી શ્રેણી જીત્યા બાદ કોચનું આગમન




(એજન્સી) નવી દિલ્હી । તા. 01

ભારતીય પુરૂષ ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર રવિવારે સવારે દિલ્હી પરત ફર્યા છે. ન્યુઝીલેન્ડ સામે રમાયેલી પાંચ મેચોની T20 આંતરરાષ્ટ્રીય શ્રેણીમાં ભારતનો ૪-૧ થી શાનદાર વિજય થયો છે. અગાઉ રમાયેલી વન-ડે શ્રેણીમાં ૨-૧ થી મળેલી હાર બાદ, T20 વર્લ્ડ કપ ૨૦૨૬ પહેલા આ વિજય ભારતીય ટીમ માટે આત્મવિશ્વાસ વધારનારો સાબિત થયો છે.

અંતિમ મેચમાં રનનો ખડકલો શનિવારે તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાયેલી પાંચમી અને અંતિમ T20 માં ભારતે પ્રથમ બેટિંગ કરતા ૨૭૧ રનનો પહાડ જેવો સ્કોર બનાવ્યો હતો. ઈશાન કિશને માત્ર ૪૩ બોલમાં ૧૦૩ રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી, જ્યારે કેપ્ટન સૂર્યકુમાર યાદવે ૬૩ રન અને હાર્દિક પંડ્યાએ ૪૨ રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું. ભારતીય બેટ્સમેનોએ કીવી બોલરોની ચોતરફ ધોલાઈ કરી હતી. બોલરોનો દબદબો અને અર્શદીપનો રેકોર્ડ ૨૭૨ રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ન્યુઝીલેન્ડની ટીમ ૧૯.૪ ઓવરમાં ૨૨૫ રને ઓલઆઉટ થઈ ગઈ હતી. ન્યુઝીલેન્ડ તરફથી ફિન એલને ૩૮ બોલમાં ૮૦ રન ફટકારીને પ્રતિકાર કર્યો હતો, પરંતુ ભારતીય બોલરો સામે તે ટકી શક્યા નહીં.

## અબ્દુસત્તોરોવની એકહથ્થુ આગેકૂચ, ભારતીય ખેલાડીઓ ડ્રોમાં ફસાયા



વિજક આન ઝી (નેધરલેન્ડ) | ટાટા સ્ટીલ માસ્ટર્સ 2026 ના 12મા અને સેમીફાઈનલ સમાન રાઉન્ડમાં ઉઝબેકિસ્તાનના નોદિરબેક અબ્દુસત્તોરોવે શાનદાર વિજય મેળવીને સિંગલ લીડ મેળવી લીધી છે. શનિવારે રમાયેલી મેચમાં તેણે જર્મનીના મેથિયાસ બ્લુબૌમને હરાવીને 12 રાઉન્ડના અંતે કુલ 8 પોઈન્ટ મેળવ્યા છે. બીજી તરફ, આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહેલા ચારેય ભારતીય ખેલાડીઓ ડ્રોમાં ફસાતા તેમના માટે ટાઇટલની રેસ હવે લગભગ સમાપ્ત થઈ ગઈ છે. ભારતીય ખેલાડીઓની સ્થિતિ વર્લ્ડ ચેમ્પિયન ડી. ગુકેશે અમેરિકાના હંસ નિમેન સામે રક્ષણાત્મક રમત રમીને મેચ ડ્રોમાં ખેંચી હતી. ડિફેન્ડિંગ ચેમ્પિયન આર. પ્રજ્ઞાનાનંદે ઉઝબેકિસ્તાનના જાવોખિર સિંદારોવ સામે ડ્રો રમ્યો હતો. અન્ય ભારતીય ખેલાડીઓ અર્જુન એરિગેસી અને અરવિંદ ચિદમ્બરમ પણ અનુક્રમે જોર્ડન વાન ફોરેસ્ટ અને અનીશ ગિરી સામે પોઈન્ટ વહેંચવામાં સફળ રહ્યા હતા.

ઈસાની વાઘેલા બોલિંગ સસ્પેન્શન

## અમેરિકન બોલરની એક્શન ગેરકાયદેસર જણાતા ICCની લાલ આંખ

(એજન્સી) દુબઈ । તા. 01

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ એ અમેરિકાની મહિલા ક્રિકેટ ટીમની સીમ બોલર ઈસાની વાઘેલાને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં બોલિંગ કરવાથી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધી છે. નેપાળમાં રમાઈ રહેલી ICC મહિલા ટી20 વર્લ્ડ કપ ક્વોલિફાયર 2026 માં આયર્લેન્ડ વિરુદ્ધની મેચ દરમિયાન મેચ ઓફિશિયલ્સ દ્વારા ઈસાનીની બોલિંગ એક્શન અંગે રિપોર્ટ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ICC ઈવેન્ટ પેનલે તેની બોલિંગના ફૂટેજની તપાસ કરી અને તારણ કાઢ્યું કે તેની એક્શન નિયમોનું ઉલ્લંઘન કરે છે. નિયમ 6.7 હેઠળ કાર્યવાહી ICC દ્વારા જારી કરાયેલા નિવેદન મુજબ, આર્ટિકલ 6.7 ના નિયમો અનુસાર ઈસાનીને બોલિંગ કરવાથી રોકવામાં આવી છે. ઈસાનીની આ સસ્પેન્શન ત્યાં સુધી અમલમાં રહેશે જ્યાં સુધી તે તેની બોલિંગ એક્શનમાં સુધારો ન કરે અને ફરીથી સત્તાવાર એસેસમેન્ટ પાસ ન કરે.




ડકવર્થ લુઈસ નિયમથી ફેંસલો, શ્રેણી 2-1 થી આફ્રિકાના નામે

# વેસ્ટ ઈન્ડિઝનો દ. આફ્રિકા સામે વિજય



(એજન્સી) જોહાનિસબર્ગ । તા. 01

આગામી ટી૨૦ વર્લ્ડ કપ પૂર્વે રમાયેલી હાઈ-વોલ્ટેજ શ્રેણીના અંતિમ મુકાબલામાં વેસ્ટ ઈન્ડિઝે દક્ષિણ આફ્રિકાને હરાવીને પોતાનું સન્માન જાળવી રાખ્યું છે. જોહાનિસબર્ગના ધ વાન્ડરર્સ સ્ટેડિયમમાં રમાયેલી ત્રીજી ટી૨૦ મેચમાં વેસ્ટ ઈન્ડિઝે ડકવર્થ-લુઈસ-સ્ટર્ન (DLS) પદ્ધતિ અનુસાર યજમાન ટીમને ૬ રને પરાજય આપ્યો હતો. જોકે, પ્રથમ બે મેચો જીતી હોવાથી દક્ષિણ આફ્રિકાએ આ શ્રેણી ૨-૧ થી પોતાના નામે કરી છે.

શનિવારનો આ મુકાબલો દક્ષિણ આફ્રિકાના વાર્ષિક 'પિંક ફિક્સ્ચર' (Pink Day) હેઠળ રમાયો હતો, જેનો મુખ્ય હેતુ સ્તન કેન્સર અંગે જાગૃતિ ફેલાવવાનો અને સારવાર માટે ભંડોળ એકત્ર કરવાનો છે. વારંવાર વીજળીના કડાકા અને ખરાબ હવામાનને કારણે મેચમાં વિઘ્ન પડ્યું હતું, જેને પગલે અમ્પાયરોએ મેચને ૧૦-૧૦ ઓવરની કરી દીધી હતી. મેદાન દર્શકોથી ચિક્કાર ભરેલું હતું અને ટૂંકી ઓવરની રમતને કારણે પ્રેક્ષકોને ભરપૂર મનોરંજન મળ્યું હતું.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા વેસ્ટ ઈન્ડિઝે નિર્ધારિત ૧૦ ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને ૧૧૪ રનનો મજબૂત સ્કોર ખડક્યો હતો. ઓપનર જોન્સન ચાર્લ્સ શૂન્ય રને આઉટ થયા બાદ શે હોપ અને શિમરોન હેટમાયરે મોરચો સંભાળ્યો હતો. હેટમાયરે મેદાનના ચારેય ખૂણે ચોગ્ગા-છગ્ગાની રમઝટ બોલાવી હતી. તેણે માત્ર ૨૨ દડામાં ૬ ગગનચુંબી છગ્ગાની મદદથી અણનમ ૪૮ રન ફટકાર્યા હતા. શે હોપે પણ ૪૮ રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું, જ્યારે કેપ્ટન રોવમેન પોવેલે અંતિમ ઓવરોમાં રનની ગતિ તેજ કરી હતી.

### દક્ષિણ આફ્રિકાનો વળતો પ્રહાર અને મોતીની ફિરકી

સુધારેલા લક્ષ્યાંક મુજબ દક્ષિણ આફ્રિકાને ૧૦ ઓવરમાં ૧૨૫ રનનો ટાર્ગેટ આપવામાં આવ્યો હતો. ક્વિન્ટન ડી કોકે આક્રમક શરૂઆત કરી હતી, પરંતુ ગુડાકેશ મોતીએ પોતાની સ્પિન જાળમાં તેને ૨૮ રને ફસાવીને વેસ્ટ ઈન્ડિઝને પ્રથમ સફળતા અપાવી હતી. ત્યારબાદ દેવાલ્ડ બ્રેવિસ અને રાયન રિકલટને ઝડપી ભાગીદારી કરી હતી, પરંતુ મોતીએ એક જ ઓવરમાં બંનેને આઉટ કરીને દક્ષિણ આફ્રિકાને બેકફૂટ પર લાવી દીધું હતું. યજમાન ટીમને છેલ્લી ૪ ઓવરમાં ૬૨ રનની જરૂર હતી.


### અંતિમ ઓવરનો રોમાંચ

મેચ રોમાંચક વળાંક પર હતી ત્યારે જેસન સ્મિથ અને ટ્રિસ્ટન સ્ટબ્સ આક્રમક બેટિંગ કરી રહ્યા હતા. જોકે, વેસ્ટ ઈન્ડિઝના યુવા ફાસ્ટ બોલર શમર જોસેફે અંતિમ ઓવરમાં જબરદસ્ત સંયમ બતાવ્યો હતો. તેણે પોતાની સચોટ યોર્કર લેન્થથી જેસન સ્મિથને ક્લીન બોલ્ડ કર્યો હતો અને જરૂરી રન બચાવીને ટીમને વિજય અપાવ્યો હતો. આ વિજયથી વેસ્ટ ઈન્ડિઝનું મનોબળ વધ્યું છે, જ્યારે દક્ષિણ આફ્રિકા શ્રેણી જીતવા છતાં મધ્યમ ક્રમની નિષ્ફળતા અંગે ચિંતિત જણાય છે.

# પ્રો રેસલિંગ લીગ ફાઈનલ 2026 દિલ્હી અને હરિયાણા વચ્ચે ખેલાશે ખિતાબી જંગ

(એજન્સી) નવી દિલ્હી । તા. 01

પ્રો રેસલિંગ લીગ (PWL) ૨૦૨૬ ના મેદાનમાં રવિવારે રસાકસીભર્યો માહોલ જામવાનો છે. નોઈડા ઈન્ડોર સ્ટેડિયમ ખાતે રમાનારી ભવ્ય ફાઈનલમાં 'દિલ્હી દંગલ વોરિયર્સ' અને 'હરિયાણા થન્ડર્સ' સામસામે ટકરાશે. સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન શિસ્ત, મજબૂત પકડ અને વિશ્વસ્તરીય ટેકનિકનું પ્રદર્શન કરીને દિલ્હીની ટીમે ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે. દિલ્હી દંગલ વોરિયર્સના માલિક નિશાંત પિટ્ટીએ આ ક્ષણને ગૌરવશાળી ગણાવતા કહ્યું કે, તેમની ટીમ હરિયાણા સામેના આ ઈલેક્ટ્રિફાઈંગ જંગ માટે સંપૂર્ણ સજ્જ છે.



સેમીફાઈનલમાં જોવા મળ્યો રોમાંચક ઉતાર-ચઢાવ શુક્રવારે રાત્રે રમાયેલી બીજી સેમીફાઈનલમાં દિલ્હી દંગલ વોરિયર્સે મહારાષ્ટ્ર કેસરીને ૫-૪ થી હરાવીને ફાઈનલની ટિકિટ મેળવી હતી. આ મુકાબલો એટલો રસાકસીભર્યો હતો કે છેલ્લી ઘડી સુધી વિજેતા નક્કી કરવો મુશ્કેલ હતો. ૫૭ કિગ્રા કેટેગરીમાં શુભમ કૌશિકે ઘૂંટણની ઈજા હોવા છતાં અદભૂત વાપસી કરી 'પ્લેયર ઓફ ધ મેચ' નો ખિતાબ જીત્યો હતો. પાવર મિનિટમાં તેણે મેળવેલા મહત્વના પોઈન્ટ્સે દિલ્હીને હારના જડબામાંથી બહાર કાઢ્યું હતું. બીજી તરફ, મહારાષ્ટ્રની મનીષા ભાનવાલાને તેના શાનદાર પ્રદર્શન માટે 'ફાઈટર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવી હતી.

મહિલા અને પુરુષ કુસ્તીબાજોનો દબદબો દિલ્હી માટે અંજલીએ ૬૨ કિગ્રા કેટેગરીમાં ૧૨-૪ થી જીત મેળવીને શાનદાર શરૂઆત કરી હતી. જોકે, મહારાષ્ટ્રના કેપ્ટન રોબર્ટ બારને હેવીવેઈટ કેટેગરીમાં ૧૧-૧ થી જીત મેળવી દિલ્હીને દબાણમાં લાવી દીધું હતું. ૭૬ કિગ્રા મહિલા વિભાગમાં યુરોપિયન ચેમ્પિયન એનાસ્તાસિયા અલ્પીવાએ પોતાના અનુભવનો ઉપયોગ કરી હર્ષિતા મોરને ૭-૫ થી હરાવી સ્કોર ૩-૩ થી બરાબર કર્યો હતો. અંતિમ રસાકસીમાં ૮૬ કિગ્રા કેટેગરીમાં વફાઈપોર હાદી બખ્તિયારે અમિતને ૧૧-૯ થી પછાડીને દિલ્હીનો વિજય નિશ્ચિત કર્યો હતો.

## પ્રીમિયર લીગ: લિવરપૂલ અને ચેલ્સીનો દબદબો

### ચેલ્સીએ ૨-૦ થી પછાત હોવા છતાં જીત મેળવી



(એજન્સી) લંડન । તા. 01

ઈંગ્લિશ પ્રીમિયર લીગના ૨૪મા સપ્તાહમાં રવિવારે હાઈ-વોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો. લિવરપૂલે એનફિલ્ડ ખાતે ન્યૂકાસલ યુનાઈટેડને ૪-૧ થી કચડી નાખીને ૨૦૨૬ના વર્ષની પોતાની પ્રથમ જીત નોંધાવી છે. બીજી તરફ, ચેલ્સીએ વેસ્ટ હેમ યુનાઈટેડ સામે બે ગોલથી પાછળ રહ્યા હોવા છતાં ૩-૨ થી રોમાંચક જીત મેળવીને પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાને કૂદકો માર્યો છે.

### એનફિલ્ડમાં લિવરપૂલનો વિજયી હુંકાર

મેચની શરૂઆતમાં ન્યૂકાસલે આક્રમક રમત બતાવી હતી અને ૩૬મી મિનિટે એન્થોની ગોર્ડને ગોલ કરીને ન્યૂકાસલને ૧-૦ ની સરસાઈ અપાવી હતી. જોકે, લિવરપૂલે હાફ-ટાઈમ પહેલા જ વળતો પ્રહાર કર્યો હતો.

૪૧મી મિનિટે હ્યુગો એકિટીકે ગોલ કરીને સ્કોર ૧-૧ કર્યો હતો અને ત્યારબાદ ૪૪મી મિનિટે ફરી એકિટીકે ગોલ કરીને લિવરપૂલને ૨-૧ થી આગળ કરી દીધું હતું. બીજા હાફમાં ફ્લોરિયન વિટ્ઝ અને ઈબ્રાહિમા કોનાટેએ ગોલ કરીને ન્યૂકાસલની હાર નિશ્ચિત કરી દીધી હતી. આ જીત સાથે લિવરપૂલ પોઈન્ટ ટેબલમાં પાંચમા ક્રમે પહોંચી ગયું છે.

### ચેલ્સીનું યાદગાર કમબેક

સ્ટેમફોર્ડ બ્રિજ ખાતે રમાયેલી મેચમાં ચેલ્સીની શરૂઆત નબળી રહી હતી. વેસ્ટ હેમે જરોડ બોવેન અને ક્રિસેન્સિયો સમરવિલેના ગોલની મદદથી હાફ-ટાઈમ સુધી ૨-૦ ની લીડ મેળવી લીધી હતી. જોકે, બીજા હાફમાં ચેલ્સીએ રમતનું પાસું પલટી નાખ્યું હતું. જોઆઓ પેડ્રો અને માર્ક કુકુરેલાએ ગોલ કરીને સ્કોર ૨-૨ ની બરાબરી પર લાવી દીધો હતો. મેચના અંતિમ વધારાના સમયમાં (Stoppage Time) એન્ઝો ફર્નાન્ડીઝે વિજયી ગોલ ફટકારીને ચેલ્સીને ૩-૨ થી જીત અપાવી હતી.

મોર્ગન અને રૈનાનો જાદુ ફરી એકવાર મેદાન પર છવાયો

## રાજસ્થાન લાયન્સનો વિજય ઈયોન મોર્ગનની તોફાની ઈનિંગથી ગુરુગ્રામ થન્ડર્સ પરાસ્ત

૨૭ રનથી વિજય મેળવી રાજસ્થાન લાયન્સે સેમીફાઈનલ તરફ ડગ માંડ્યા



(એજન્સી) પણજી (ગોવા) । તા. 01

ગોવાના પણજીમાં રમાઈ રહેલી વર્લ્ડ લિજેન્ડ્સ પ્રો ટી20 લીગમાં રાજસ્થાન લાયન્સે પોતાની તાકાત બતાવતા ગુરુગ્રામ થન્ડર્સને ૨૭ રને હરાવ્યું છે. આ મેચમાં ઈયોન મોર્ગન, સુરેશ રૈના અને રોસ ટેલર જેવા દિગ્ગજ ખેલાડીઓએ વર્ષો જૂની યાદો તાજી કરી હતી. પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાન લાયન્સે ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૨૦૮ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો, જેના જવાબમાં ગુરુગ્રામ થન્ડર્સ ૧૮૧ રન જ બનાવી શક્યું હતું.

ઈયોન મોર્ગનની આક્રમક અડધી સદી રાજસ્થાન લાયન્સની જીતમાં કેપ્ટન ઈયોન મોર્ગને પાયો નાખ્યો હતો. મોર્ગને માત્ર ૩૮ બોલમાં ૭૮ રનની તોફાની ઈનિંગ રમી હતી, જેમાં ૬ ચોગ્ગા અને ૬ ગગનચુંબી છગ્ગાનો સમાવેશ થાય છે. તેણે માત્ર ૨૬ બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી હતી. મોર્ગનને છેલ્લી ઓવરોમાં કેલમ ફર્ગ્યુસન (૨૪ બોલમાં ૩૯ રન), સુરેશ રૈના (૧૨ બોલમાં ૨૭ રન) અને એન્જલો પરેરા (૩૬ બોલમાં ૪૨ રન) નો સાથ મળ્યો હતો, જેના કારણે ટીમ ૨૦૦ રનનો આંકડો પાર કરી શકી હતી. શ્રીસંત અને બોલરોનો દબદબો બોલિંગમાં પૂર્વ ભારતીય પેસર એસ. શ્રીસંતે શરૂઆતથી જ દબાણ બનાવ્યું હતું. તેણે ચોથી ઓવરમાં જ નમન ઓઝાને આઉટ કરીને ગુરુગ્રામને મોટો ફટકો આપ્યો હતો. શ્રીસંતે સચોટ લાઈન અને લેન્થ સાથે બોલિંગ કરી હતી. ત્યારબાદ શાદાબ જકાતી (૨/૩૦) અને જે.પી. ડ્યુમિની (૨/૨૬) એ મધ્યમ ઓવરોમાં નિયમિત અંતરે વિકેટો ઝડપીને ગુરુગ્રામની રન ગતિ પર બ્રેક લગાવી હતી.

દેવિકા સિહાગ સુપર 300 ટાઇટલ

## બેંગકોકમાં દેવિકાનો દબદબો, સાયના-સિંધુ બાદ આ સિદ્ધિ મેળવનાર ત્રીજી ભારતીય

(એજન્સી) બેંગકોક । તા. 01


ભારતની ૨૦ વર્ષીય બેડમિન્ટન ખેલાડી દેવિકા સિહાગે રવિવારે બેંગકોક ખાતે રમાયેલી ૨,૫૦,૦૦૦ ડોલરની ઈનામી રકમ ધરાવતી થાઈલેન્ડ માસ્ટર્સ ટુર્નામેન્ટ જીતીને નવો ઈતિહાસ રચ્યો છે. દેવિકા હવે દિગ્ગજ ખેલાડીઓ પી.વી. સિંધુ અને સાયના નેહવાલ પછી વર્લ્ડ ટૂર સુપર ૩૦૦ ખિતાબ જીતનારી માત્ર ત્રીજી ભારતીય મહિલા સિંગલ્સ ખેલાડી બની ગઈ છે. ફાઈનલ મેચમાં દેવિકા ૨૧-૮, ૬-૩ થી આગળ હતી ત્યારે તેની હરીફ મલેશિયાની ગોહ જિન વેઈ ઈજાના કારણે મેચમાંથી ખસી ગઈ હતી, પરિણામે દેવિકાને વિજેતા જાહેર કરવામાં આવી હતી.

પી.વી. સિંધુએ પાઠવ્યા અભિનંદન દેવિકાની આ જીત પર ગૌરવ વ્યક્ત કરતા પી.વી. સિંધુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર ભાવુક પોસ્ટ લખી હતી. સિંધુએ જણાવ્યું કે, "દેવિકા બેંગલુરુમાં મારી અને કોચ ઈરવાનસ્ય સાથે પ્રેક્ટિસ કરે છે. મેં તેની મહેનત અને રમતને નજીકથી નિહાળી છે. આ જીત તેની શિસ્ત અને અતૂટ વિશ્વાસનું પરિણામ છે. મને તેના પર ગર્વ છે." દેવિકાએ સિંધુની ટીમ સાથે સ્ટ્રેન્થ અને કન્ડિશનિંગ પર પણ કામ કર્યું છે, જેનો ફાયદો તેની રમતમાં સ્પષ્ટ દેખાય છે.



ફૂટબોલ // માઈક મૈગ્નન એસી મિલાન કરાર: ૨૦૩૧ સુધી સેન સિરોમાં 'મેજિક માઈક' નો જાદુ યથાવત રહેશે

# સેરી-એ ટાઇટલ જીતાડનાર એકમાત્ર સ્ટાર ખેલાડી હવે 2031 સુધી રોકાશે



(એજન્સી) મિલાન । તા. 01

ઈટાલિયન ફૂટબોલ ક્લબ એસી મિલાને શનિવારે સત્તાવાર જાહેરાત કરી છે કે તેમના સ્ટાર ગોલકીપર અને ફ્રાન્સના રાષ્ટ્રીય ખેલાડી માઈક મૈગ્નન સાથેનો કરાર ૩૦ જૂન, ૨૦૩૧ સુધી લંબાવવામાં આવ્યો છે. ઈટાલિયન મીડિયાના અહેવાલ મુજબ, મિલાને મૈગ્નનનો વાર્ષિક પગાર લગભગ બમણો કરીને ૫ મિલિયન યુરો કરી દીધો છે, જેથી તેઓ પોતાના કેપ્ટનને ટીમમાં જાળવી રાખી શકે.

ઈજાઓ અને ખરાબ ફોર્મ બાદ શાનદાર વાપસી ૩૦ વર્ષીય મૈગ્નન, જે 'મેજિક માઈક' તરીકે પ્રખ્યાત છે, તેણે ૨૦૨૧ માં જિયાનલુઈગી ડોનારૂમાના સ્થાને ટીમમાં પ્રવેશ કર્યો હતો. ૨૦૨૨ માં મિલાનને સેરી-એ ટાઇટલ જીતાડવામાં તેણે મુખ્ય ભૂમિકા ભજવી હતી. જોકે, પાછલી સીઝનમાં ઈજાઓ અને ખરાબ ફોર્મને કારણે તે ટીમ છોડી દેશે તેવી અટકળો તેજ બની હતી. પરંતુ તાજેતરની સીઝનમાં તેણે અદભૂત વાપસી કરી છે. ચાલુ સીઝનમાં ૨૨ લીગ મેચોમાં મિલાને માત્ર ૧૭ ગોલ ખાધા છે, જેમાં મૈગ્નનની ૯ ક્લીન શીટ અને બે પેનલ્ટી સેવનો મોટો ફાળો છે. કોચ મેક્સિમિલિઆનો એલેગ્રી સાથેનો તાલમેલ મૈગ્નન હાલમાં કોચ મેક્સિમિલિઆનો એલેગ્રીના માર્ગદર્શન હેઠળ રમી રહ્યો છે, જેઓ મે ૨૦૨૫ માં ક્લબમાં જોડાયા હતા. મૈગ્નન જણાવે છે કે, "એલેગ્રી અનુભવી અને સંતુલિત છે, તેઓ જાણે છે કે ગોલકીપર્સના ગ્રુપને કેવી રીતે હેન્ડલ કરવું. અમારી વચ્ચે સારો તાલમેલ છે અને તેની સાથે કામ કરવું ઘણું સરળ છે." ૨૦૨૨ ની ચેમ્પિયન ટીમનો તે એકમાત્ર ખેલાડી છે જે હજુ પણ ક્લબમાં સક્રિય છે. ટાઇટલ રેસમાં મિલાનની સ્થિતિ હાલમાં એસી મિલાન સેરી-એ પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને છે અને તેમના કટ્ટર હરીફ ઈન્ટર મિલાનથી માત્ર ૫ પોઈન્ટ પાછળ છે. મૈગ્નનનો નવો કરાર ટીમ માટે મનોવૈજ્ઞાનિક રીતે પણ ઘણો ફાયદાકારક સાબિત થશે. આગામી મંગળવારે મિલાનની ટક્કર બોલોગ્ના સામે થશે, જેમાં મૈગ્નન ફરી એકવાર ગોલપોસ્ટની સામે દીવાલ બનીને ઉભો રહેશે.

KCL ટ્રીપલ હેડર રોમાંચથી પ્રેક્ષકોમાં ભારે ઉત્સાહ

## કબડ્ડી ચેમ્પિયન્સ લીગ ડે 9 સોનીપત, ફરીદાબાદ અને ભિવાનીની ટીમો વચ્ચે જામશે જંગ




(એજન્સી) નવી દિલ્હી । તા. 01

કબડ્ડી ચેમ્પિયન્સ લીગ તેના ૯મા દિવસે રાય ની સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં બ્લોકબસ્ટર સાંજ માટે તૈયાર છે. સોમવારે રમાનારા ત્રણ હાઈ-વોલ્ટેજ મુકાબલાઓ ટુર્નામેન્ટના નિર્ણાયક તબક્કાની દિશા નક્કી કરશે. આ ટ્રીપલ હેડરમાં કુલ 6 ટીમો મેદાનમાં ઉતરશે, જેમાં સોનીપત સ્ટાર્સ, ફરીદાબાદ ફાઈટર્સ અને ભિવાની બુલ્સ જેવી મજબૂત ટીમોનો સમાવેશ થાય છે. સોનીપત સ્ટાર્સ વિરુદ્ધ પાનીપત પેન્થર્સ દિવસનો પ્રથમ મેચ સોનીપત સ્ટાર્સ અને પાનીપત પેન્થર્સ વચ્ચે ખેલાશે. સોનીપતની ટીમ તેના શિસ્તબદ્ધ માળખા અને રણનીતિક અમલીકરણ પર નિર્ભર છે. સોનીપતના મુખ્ય ખેલાડી હર્ષે જણાવ્યું કે, હોમ ગ્રાઉન્ડના પ્રેક્ષકો તેમને વધુ સારું પ્રદર્શન કરવા પ્રોત્સાહિત કરે છે. બીજી તરફ, પાનીપતના સ્ટાર રેડર નરેન્દ્ર કંડોલાએ તૈયારીઓ પર વિશ્વાસ વ્યક્ત કરતા આ મેચને પડકારરૂપ ગણાવી છે.

ફરીદાબાદ ફાઈટર્સ વિરુદ્ધ હિસાર હીરોઝ બીજા મુકાબલામાં ફરીદાબાદ ફાઈટર્સ અને હિસાર હીરોઝ આમને-સામને ટકરાશે. ફરીદાબાદની ટીમ માટે આ સીઝન મુશ્કેલ રહી છે, પરંતુ અનુભવી રેડર રોહિત ગુલિયા પ્રથમ જીત નોંધાવવા માટે આશાવાદી છે. સામે પક્ષે હિસાર હીરોઝના આશુ મલિકે ટીમના મજબૂત આત્મવિશ્વાસ અને ટીમવર્કને જાળવી રાખવા પર ભાર મૂક્યો છે. ભિવાની બુલ્સ વિરુદ્ધ રોહતક રોયલ્સ રાત્રીનો છેલ્લો અને રોમાંચક મેચ ભિવાની બુલ્સ અને રોહતક રોયલ્સ વચ્ચે ખેલાશે. આ મેચ શારીરિક શક્તિ અને સંરક્ષણ વ્યૂહરચનાનો જંગ બની રહેશે. ભિવાનીના પરવેશ મલિકે આક્રમક રમત રમવાની ખાતરી આપી છે, જ્યારે રોહતકના આર્યન કુમારે પોઈન્ટ્સના મહત્વને સમજતા નોકઆઉટમાં પહોંચવા માટે આ મેચને ચાવીરૂપ ગણાવી છે.

ઈરાન અમેરિકા વચ્ચે તંગદિલી, ચૌદ ઈજાગ્રસ્ત, રહેણાંક ઈમારતોમાં તારાજી અને જાનહાનિ

# ઈરાનમાં બે પ્રચંડ વિસ્ફોટોથી પાંચનાં મોત

(એજન્સી) તેહરાન । તા. 01

અમેરિકા સાથેના વણસતા સંબંધો અને વધતી જતી સૈન્ય તંગદિલી વચ્ચે ઈરાન શનિવારે બે ભીષણ વિસ્ફોટોથી ધણધણી ઉઠ્યું હતું. આ જુદી-જુદી બે ઘટનાઓમાં પાંચ વ્યક્તિઓના કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે ૧૪ અન્ય લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ વિસ્ફોટો એવા સમયે થયા છે જ્યારે સમગ્ર મધ્યપૂર્વ વિસ્તાર એક ગંભીર સૈન્ય સંઘર્ષની અણી પર ઉભો છે. ઈરાની સત્તાવાળાઓ હાલમાં આ વિસ્ફોટો પાછળના કારણોની તપાસ કરી રહ્યા છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, પ્રથમ વિસ્ફોટ ઈરાનના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં આવેલા અહવાજ શહેરમાં થયો હતો. સ્થાનિક રહેણાંક ઈમારતમાં થયેલા ગેસ વિસ્ફોટને કારણે આખી બિલ્ડિંગ પત્તાના મહેલની જેમ તૂટી પડી હતી, જેમાં દબાઈ જવાથી ચાર લોકોના મોત થયા હતા. બીજો વિસ્ફોટ પોર્ટ સિટી અબ્બાસમાં નોંધાયો હતો, જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને ૧૪ લોકો લોહીલુહાણ થયા હતા. સરકારી ટેલિવિઝન પર પ્રસારિત દ્રશ્યોમાં ઈમારતોનો કાટમાળ ચારે બાજુ ફેલાયેલો જોવા મળ્યો હતો, જે વિસ્ફોટની તીવ્રતા દર્શાવે છે.

આ ઘટના બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે ઉઠેલા સવાલો વચ્ચે ઈઝરાયેલે આ હુમલામાં પોતાની કોઈપણ પ્રકારની સંડોવણી હોવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. બીજી તરફ, સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટ પર એવી અફવાઓ વહેતી થઈ હતી કે આ વિસ્ફોટોમાં રિવોલ્યુશનરી ગાર્ડના ઉચ્ચ કમાન્ડરને નિશાન બનાવવામાં આવ્યા છે. જોકે, ઈરાનની અર્ધસરકારી એજન્સીએ આ અહેવાલોને સંપૂર્ણપણે પાયાવિહોણા અને ખોટા ગણાવીને ફગાવી દીધા છે.

ઈરાનના લશ્કરી વડા અમીર હાતામીએ આ ઘટના બાદ અમેરિકાને ખુલ્લી ચેતવણી આપી છે. તેમણે જણાવ્યું હતું કે, જો અમેરિકા કોઈપણ પ્રકારનું દુઃસાહસ કે ભૂલ કરશે, તો તેની સુરક્ષાની સાથે ઈઝરાયેલ અને આખું મધ્યપૂર્વ સળગી ઉઠશે. તેમણે ભારપૂર્વક કહ્યું કે ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનના સશસ્ત્ર દળો કોઈપણ સ્થિતિને પહોંચી વળવા માટે સજ્જ છે અને દુશ્મનની દરેક ગતિવિધિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. હાતામીએ ઉમેર્યું કે જો બીજો પક્ષ સમાધાન ઈચ્છતો હોય, તો તેણે ઈરાન સાથે સન્માનજનક વ્યવહાર કરવો પડશે.

### વૈશ્વિક રાજનીતિમાં ગરમાવો

અત્રે ઉલ્લેખનીય છે કે, અમેરિકાએ આ ક્ષેત્રમાં પોતાનું અત્યાધુનિક વિમાનવાહક જહાજ 'અબ્રાહમ લિંકન' મોકલ્યા બાદ બંને દેશો વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. પેન્ટાગોન દ્વારા આ વિસ્ફોટો અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી. જોકે, મીડિયા અહેવાલ અનુસાર, ઈરાન આ વિસ્ફોટોને આકસ્મિક ઘટના ગણાવવાને બદલે ઊંડી તપાસ પર ભાર મૂકી રહ્યું છે. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

ઓપરેશન હેરોફ હુમલો થતા સમગ્ર પ્રાંત સંપર્ક વિહોણો

# પાકિસ્તાની સેના લાચાર બાર શહેરોમાં બળવાખોરોનો કબ્જો

(એજન્સી) ઇસ્લામાબાદ । તા. 01

પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ બહાર ગઈ છે અને સમગ્ર વિસ્તાર લોહિયાળ જંગનું મેદાન બની ગયો છે. બલુચ લિબરેશન આર્મી (BLA) દ્વારા જાહેર કરાયેલા 'ઓપરેશન હેરોફ ૨.૦' હેઠળ છેલ્લા પાંચ કલાકમાં ૧૨ મોટા શહેરોમાં એકસાથે ભીષણ હુમલા કરવામાં આવ્યા છે. બળવાખોરોએ અનેક પોલીસ મથકો અને લશ્કરી છાવણીઓ પર સીધો કબ્જો જમાવી લેતા પાકિસ્તાની સૈન્ય પાયમાલ થઈ રહ્યું હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. ક્વેટામાં સતત થતા બોમ્બ ધડાકા અને મશીનગનથી થતા ગોળીબારને કારણે તમામ હોસ્પિટલોમાં તાત્કાલિક કટોકટી જાહેર કરવામાં આવી છે.

બળવાખોરોનો પ્રચંડ વેગ અને વહીવટી તંત્રની નિષ્ફળતા બલુચ વિદ્રોહીઓએ ક્વેટાના ઈસ્ટર્ન બાયપાસ અને સરિયાલ ન્યૂ પોલીસ સ્ટેશન પર હિંસક હુમલા કરી અંકુશ મેળવી લીધો છે. નુશ્કીમાં બળવાખોરોએ આતંકવાદ વિરોધી વિભાગના આઠ જવાનોને મોતને ઘાટ ઉતારી સેન્ટ્રલ જેલના દરવાજા તોડી નાખ્યા છે, જેના કારણે સેંકડો કેદીઓ ફરાર થઈ ગયા છે. નરસીહાબાદમાં તો સ્થિતિ એટલી ગંભીર છે કે ત્યાં આઈ.એસ.આઈ.ના મુખ્ય મથક પર સીધો હુમલો કરવામાં આવ્યો હોવાના અહેવાલ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સેનાના હેલિકોપ્ટરો આકાશમાં ચકરાવા લઈ રહ્યા છે પરંતુ જમીની સ્તર પર વિદ્રોહીઓની પકડ મજબૂત જણાય છે.

ગ્વાદર પોર્ટ અને ચીની હિતો પર ખતરો વ્યૂહાત્મક રીતે મહત્વના ગ્વાદર બંદર પર પણ મોટા પાયે હુમલા થયા છે. જાસૂસી એજન્સીઓના હેડક્વાર્ટર અને સ્થાનિક પી.સી. હોટલોમાં ભીષણ વિસ્ફોટો થયા છે. પસનીમાં કોસ્ટ ગાર્ડ કેમ્પમાં વિસ્ફોટકો ભરેલું વાહન ઘૂસાડી દેવામાં આવ્યું હતું. કોસ્ટલ હાઈવે પર બળવાખોરોનો કબ્જો હોવાથી પાકિસ્તાની સેનાની આવનજાવન સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે.

## ન્યૂઝ બ્રીફ

### પાકિસ્તાન પર આતંકવાદનો ખતરો વધ્યો ચીન અને યુએને પાકને આપી ગંભીર ચેતવણી



બેઈજિંગ | અફઘાનિસ્તાનમાંથી વધી રહેલા આતંકવાદના ખતરાને ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્ર (UN) અને ચીને પાકિસ્તાનને અત્યંત ગંભીર ચેતવણી આપી છે. આંતરરાષ્ટ્રીય મંચ પરથી આપવામાં આવેલા આ નિવેદનો બાદ પાકિસ્તાનની સુરક્ષા વ્યવસ્થા સામે મોટા સવાલો ઉભા થયા છે. ચીને સ્પષ્ટ કર્યું છે કે મધ્ય એશિયામાં સ્થિરતા હોવા છતાં, અફઘાનિસ્તાનમાંથી આતંકવાદનો 'સ્પિલઓવર' એટલે કે ફેલાવો સતત વધી રહ્યો છે, જે પાકિસ્તાન માટે જોખમરૂપ છે. ચીની દૂતે સૂચન કર્યું છે કે પાકિસ્તાને આ સમસ્યાના ઉકેલ માટે અફઘાનિસ્તાન સાથે મળીને કામ કરવું જોઈએ.

### દેવનીમોરી બુદ્ધ અસ્થિ અવશેષો પ્રદર્શન શ્રીલંકા માટે દુર્લભ આશીર્વાદ સમાન

કોલંબો | શ્રીલંકામાં ભારતના હાઈ કમિશનર મહિષિની કોલોનેએ કોલંબોમાં ભગવાન બુદ્ધના પવિત્ર 'દેવનીમોરી અવશેષો' ના પ્રદર્શનને દેશ માટે એક "દુર્લભ આશીર્વાદ" ગણાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરાત બાદ, ગુજરાતના દેવનીમોરી ખાતેથી મળી આવેલા આ ઐતિહાસિક અવશેષો પ્રથમવાર આંતરરાષ્ટ્રીય પ્રદર્શન માટે શ્રીલંકા લાવવામાં આવ્યા છે. હાઈ કમિશનર કોલોનેએ આ ઐતિહાસિક કાર્યક્રમ શક્ય બનાવવા બદલ ભારત સરકારનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ અવશેષો શ્રીલંકાના પ્રસિદ્ધ ગંગારામય મંદિરે ભાવિકોના દર્શનાર્થે મૂકવામાં આવ્યા છે. ઐતિહાસિક અને આધ્યાત્મિક મહત્વ ભારતીય હાઈ કમિશન દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ, આ પવિત્ર અવશેષો ૪ ફેબ્રુઆરીથી ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી શ્રીલંકામાં રહેશે.

### ડોક્ટર ભાર્ગવ મલ્લપ્પાને સન્માન ઈન્ડોનેશિયાના પ્રાચીન રાજવી પરિવારનું ગૌરવ



જકાર્તા | આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતની પ્રતિભાનો સ્વીકાર કરતા, ઈન્ડોનેશિયાની સૌથી પ્રાચીન અને આદરણીય શાહી સંસ્થાઓમાંની એક 'કેરાજાણ કુટાઈ મુલાવર્મન' દ્વારા ડો. ભાર્ગવ મલ્લપ્પાને અત્યંત પ્રતિષ્ઠિત માનદ રોયલ ખિતાબથી નવાજવામાં આવ્યા છે. ડો. મલ્લપ્પાને "એચ.ઈ. દાતો ડો. ભાર્ગવ મલ્લપ્પા" ની પદવી એનાયત કરવામાં આવી છે, જે રાષ્ટ્રીય અને પ્રાદેશિક સીમાઓથી પર જઈને તેમના અસાધારણ યોગદાનની વૈશ્વિક સ્વીકૃતિ દર્શાવે છે. આ સન્માન સાથે તેઓ કુટાઈ મુલાવર્મન પરંપરા હેઠળ આ વિશિષ્ટ પદવી મેળવનારા માત્ર ત્રીજા ભારતીય નાગરિક બન્યા છે.

રશિયા યુક્રેન યુદ્ધની અસર પડોશી દેશોમાં હાહાકાર મોલ્ડોવામાં અંધારપટ

# પાકિસ્તાની નીતિઓએ ગિલગિટમાં પ્રવાસન ભાંગ્યું, વિદેશી પર્વતારોહકો ગાયબ થયા

(એજન્સી) ગિલગિટ । તા. 01

પાકિસ્તાન હસ્તક ગિલગિટ-બાલ્ટિસ્તાન (PoGB) માં એડવેન્ચર ટૂરિઝમ છેલ્લા ત્રણ વર્ષથી સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. શિયાળુ સિઝન હોવા છતાં, આ વર્ષે આ પ્રદેશમાં એક પણ વિદેશી પર્વતારોહક કે ટ્રેકર જોવા મળ્યો નથી. પાકિસ્તાન સરકારની અવગણનાભરી નીતિઓ અને વધતા જતા ખર્ચને કારણે આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓએ આ વિસ્તારથી મોઢું ફેરવી લીધું છે, જેના કારણે સ્થાનિક અર્થતંત્રને ભયંકર નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.



### પ્રવાસનમાં 90 ટકાનો જંગી ઘટાડો

સ્થાનિક મીડિયા અહેવાલ મુજબ, ઉનાળુ સિઝન દરમિયાન પણ વિદેશી અને સ્થાનિક પ્રવાસીઓની સંખ્યામાં આશરે ૯૦ ટકાનો ધરખમ ઘટાડો નોંધાયો છે. પ્રવાસન વિભાગના આંકડાઓ અનુસાર, વર્ષ ૨૦૨૩થી અત્યાર સુધી શિયાળુ સિઝનમાં એક પણ વિદેશી ટ્રેકિંગ ગ્રુપને પરમિટ આપવામાં આવી નથી. નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી ચાલતી આ સિઝન અગાઉ પર્વતારોહકોથી ધમધમતી હતી, પરંતુ અત્યારે અહીં સંપૂર્ણ સન્નાટો જોવા મળી રહ્યો છે.

### વધતી ફી-વિઝા પ્રક્રિયામાં અવરોધ

સ્થાનિક ટૂર ઓપરેટર્સના જણાવ્યા અનુસાર, આ વિનાશક ઘટાડા પાછળ પાકિસ્તાન સરકારની 'એન્ટી-ટૂરિઝમ' નીતિઓ જવાબદાર છે. સરકારે પર્વતારોહણ અને ટ્રેકિંગ માટેની પરમિટ ફીમાં અસહ્ય વધારો કર્યો છે. આ ઉપરાંત, વિદેશી પ્રવાસીઓ માટે વિઝા મેળવવાની પ્રક્રિયામાં થતો અત્યંત વિલંબ પણ એક મુખ્ય અવરોધ બન્યો છે. તાજેતરમાં જ ૧૨૬ દેશો માટેની 'વિઝા પ્રાયર ટુ અરાઈવલ' (VPA) સુવિધા પણ સત્તાવાર રીતે બંધ કરી દેવામાં આવતા પ્રવાસીઓ માટે મુશ્કેલીઓ વધી છે.

### સ્થાનિક રોજગારી પર સંકટ

ગિલગિટ-બાલ્ટિસ્તાનની લગભગ ૯૦ ટકા વસ્તી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રવાસન ઉદ્યોગ પર નિર્ભર છે. મજૂરો, ટ્રાન્સપોર્ટ કામદારો, હોટેલ અને દુકાન માલિકો તેમજ પોર્ટર્સ (સામાન ઉંચકનારા) માટે આ વ્યવસાય આજીવિકાનો એકમાત્ર સ્ત્રોત છે. પ્રવાસીઓની ગેરહાજરીને કારણે આ હજારો પરિવારો અત્યારે આર્થિક તંગીનો સામનો કરી રહ્યા છે. શિખરો જીતવાના સપના સાથે આવતા પર્વતારોહકોની સંખ્યા અગાઉ ૨,૦૦૦થી વધુ રહેતી હતી, જે ગયા વર્ષે ઘટીને માત્ર ૨૭૦ સુધી સીમિત થઈ ગઈ છે.

### વૈશ્વિક અનિશ્ચિતતા અને સરકારી નિષ્ફળતા

પ્રવાસન વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આંતરરાષ્ટ્રીય સંઘર્ષો અને વૈશ્વિક અસ્થિરતાને કારણે પણ પ્રવાસીઓ પાકિસ્તાન આવવાનું ટાળી રહ્યા છે. જોકે, સ્થાનિક નિષ્ણાતોનું માનવું છે કે પાકિસ્તાન સરકાર જો તાત્કાલિક ધોરણે ફીમાં ઘટાડો નહીં કરે અને વહીવટી અવરોધો દૂર નહીં કરે, તો આ પ્રદેશનું એડવેન્ચર ટૂરિઝમ કાયમ માટે લુપ્ત થઈ શકે છે. K2, બ્રોડ પીક અને નાંગા પર્વત જેવા વિશ્વવિખ્યાત શિખરો હોવા છતાં, ખોટી નીતિઓને કારણે ગિલગિટ-બાલ્ટિસ્તાન આજે એકાકી બની ગયું છે.

ઈન્ડો-પેસિફિક સુરક્ષા સમજૂતી પર મહોર

# PM સ્ટારમરની જાપાન મુલાકાતથી નવા વ્યુહાત્મક સંબંધોનો ઉદય



(એજન્સી) ટોક્યો । તા. 01

વિશ્વભરમાં વધી રહેલા ભૌગોલિક રાજકીય તણાવ અને અનિશ્ચિતતા વચ્ચે જાપાન અને યુનાઈટેડ કિંગડમે સંરક્ષણ, સાયબર સુરક્ષા અને આર્થિક ક્ષેત્રે વ્યૂહાત્મક સહયોગને વધુ ગાઢ બનાવવાનો મક્કમ નિર્ધાર કર્યો છે. બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટારમર અને જાપાનના વડાપ્રધાન સનાઈ ટકાઈચી વચ્ચે ટોક્યોમાં મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જુલાઈ ૨૦૨૪માં સત્તા સંભાળ્યા બાદ પીએમ સ્ટારમરની આ પ્રથમ સત્તાવાર જાપાન મુલાકાત છે, જેને વૈશ્વિક સ્થિરતા માટે અત્યંત મહત્વની માનવામાં આવી રહી છે.

સુરક્ષા અને આર્થિક સ્થિતિસ્થાપકતા પર ભાર બેઠક બાદ સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા પીએમ સ્ટારમરે જણાવ્યું હતું કે, ભૌગોલિક રાજકીય અને તકનીકી આંચકાઓ સામે આ ભાગીદારી અનિવાર્ય છે. બંને નેતાઓએ યુરો-એટલાન્ટિક અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રોમાં સુરક્ષા સહયોગ વધારવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. ખાસ કરીને જટિલ ખનિજોની સપ્લાય ચેઈન મજબૂત કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે, જેથી ભવિષ્યમાં નિકાસ નિયંત્રણો જેવી સમસ્યાઓ સામે આર્થિક સ્થિતિસ્થાપકતા જાળવી શકાય. મીડિયા અહેવાલ મુજબ, આ વર્ષના અંતમાં બંને દેશોના વિદેશ અને સંરક્ષણ મંત્રીઓની 'ટુ-પ્લસ-ટુ' બેઠક પણ યોજાશે.

આધુનિક ટેકનોલોજી અને ઉર્જા ક્ષેત્રે સહયોગ પરંપરાગત સંરક્ષણ ઉપરાંત, જાપાન અને બ્રિટન સાયબર સંરક્ષણ, ઉર્જા ટેકનોલોજી, પવન ઉર્જા અને પરમાણુ પ્રોજેક્ટ્સમાં પણ સાથે મળીને કામ કરશે. ઈટાલીના સહયોગથી તૈયાર થઈ રહેલા નેક્સ્ટ જનરેશન ફાઈટર એરક્રાફ્ટ પ્રોજેક્ટને વેગ આપવા પર પણ બંને દેશો સંમત થયા છે.

# અમેરિકા વેનેઝુએલા સંબંધો પુનઃસ્થાપિત સાત વર્ષ બાદ કારાકસમાં ફરી ગુંજશે અમેરિકી અવાજ

(એજન્સી) કારાકસ । તા. 01

અમેરિકા અને વેનેઝુએલા વચ્ચેના વણસેલા સંબંધોમાં સાત વર્ષના લાંબા અંતરાલ બાદ એક નવી આશાનું કિરણ દેખાઈ રહ્યું છે. અમેરિકાના નવા નિયુક્ત ટોચના રાજદૂત લોરા એફ. ડોગુ શનિવારે વેનેઝુએલાની રાજધાની કારાકસ પહોંચ્યા છે. ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા દ્વિપક્ષીય સંબંધોને સુધારવા અને લાંબા સમયથી બંધ પડેલા અમેરિકી દૂતાવાસને ફરીથી કાર્યરત કરવાના પ્રયાસોના ભાગરૂપે આ મુલાકાત અત્યંત મહત્વની માનવામાં આવે છે. લોરા ડોગુએ સોશિયલ મીડિયા પર તેમના આગમનની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, તેઓ અને તેમની ટીમ કામ કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.



ત્રણ તબક્કાની યોજના અને રાજદ્વારી સંવાદ અમેરિકી વિદેશ વિભાગના જણાવ્યા અનુસાર, ડોગુ ખાનગી અને જાહેર ક્ષેત્રના વ્યક્તિઓ તેમજ નાગરિક સમાજ સાથે મળીને રાષ્ટ્રપતિ ટ્રમ્પની ત્રણ તબક્કાની યોજના પર કામ કરશે. વેનેઝુએલાના વિદેશ પ્રધાન ઈવાન ગિલ પિન્ટોએ પણ ડોગુનું સ્વાગત કર્યું છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે આ મુલાકાત બંને દેશો વચ્ચેના અસ્તિત્વ ધરાવતા મતભેદોને રાજદ્વારી સંવાદ અને પરસ્પર આદરના આધારે ઉકેલવા માટે એક રોડમેપ તૈયાર કરવામાં મદદરૂપ થશે. વર્ષ ૨૦૧૯ માં મડુરો સરકાર સાથેના વિવાદ બાદ અમેરિકાએ પોતાના તમામ રાજદ્વારીઓને પરત બોલાવી લીધા હતા.

# બાંગ્લાદેશમાં ભૂકંપના આંચકા રવિવારે 3.0 ની તીવ્રતાથી ધ્રૂજી ધરા

ઢાકા | બાંગ્લાદેશમાં રવિવારે વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જેનાથી લોકોમાં ગભરાટ ફેલાયો હતો. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજી (NCS) ના જણાવ્યા અનુસાર, રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૩.૦ નોંધાઈ હતી.

આ ભૂકંપ ભારતીય સમય અનુસાર સવારે ૪:૦૨ કલાકે આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ જમીનથી ૨૦ કિલોમીટરની ઊંડાઈએ નોંધાયું હતું. અક્ષાંશ ૨૪.૮૫ ઉત્તર અને રેખાંશ ૯૨.૦૭ પૂર્વ પર આ આંચકા અનુભવાયા હોવાનું સત્તાવાર અહેવાલમાં જણાવાયું છે. ભૌગોલિક જોખમો અને ટેક્ટોનિક પ્લેટ્સ બાંગ્લાદેશ ભૌગોલિક રીતે અત્યંત સંવેદનશીલ વિસ્તારમાં આવેલું છે. નિષ્ણાતોના મતે, બાંગ્લાદેશ ત્રણ સક્રિય ટેક્ટોનિક પ્લેટ્સ - ઈન્ડિયન, યુરેશિયન અને બર્મા પ્લેટ્સના સંગમ સ્થાને સ્થિત છે.

# તિબેટિયન નિર્વાસિત સરકારની ચૂંટણી વિશ્વના 27 દેશોમાં તિબેટિયનોએ કર્યું ભારે મતદાન

### સિક્યોંગ પદ માટે મતદાન થતા તિબેટિયનોમાં ભારે ઉત્સાહ

(એજન્સી) ધર્મશાલા । તા. 01

વિશ્વભરમાં વસતા તિબેટિયન સમુદાયે રવિવારે પોતાની આગવી લોકશાહી પરંપરાને જાળવી રાખીને ૧૮મી તિબેટિયન નિર્વાસિત સંસદના સભ્યો અને આગામી 'સિક્યોંગ' એટલે કે રાજકીય નેતાની પસંદગી માટે મતદાન કર્યું હતું.

કેન્દ્રીય તિબેટિયન વહીવટીતંત્ર (CTA) ના મુખ્ય ચૂંટણી કમિશનર લોબસાંગ યેશીએ આ મતદાનને અત્યંત ગૌરવપૂર્ણ ગણાવતા કહ્યું હતું કે, આ પ્રક્રિયા સાબિત કરે છે કે તિબેટિયનોએ હજુ સુધી આઝાદીની આશા છોડી નથી. આ ચૂંટણી માત્ર વહીવટ માટે નથી, પરંતુ ચીનના કબજા સામે તિબેટની સ્વતંત્રતાની લડતને વેગ આપનારા નેતૃત્વને પસંદ કરવા માટે છે.

વૈશ્વિક સ્તરે અનોખી ચૂંટણી પ્રક્રિયા આ ચૂંટણી પ્રક્રિયા વિશ્વના ૨૭ દેશોમાં ફેલાયેલી છે, જેમાં અંદાજે ૯૧,૦૦૦ નોંધાયેલા મતદારો માટે ૩૦૯ મતદાન કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે. મુખ્ય ચૂંટણી કમિશનરે મીડિયા અહેવાલ મુજબ જણાવ્યું કે, આ વખતે મતદારોની સંખ્યા રેકોર્ડ બ્રેક છે. ૨૭ દેશોમાં ફેલાયેલી આ અનોખી ચૂંટણી પ્રક્રિયા વિશ્વમાં કદાચ અન્ય કોઈ વંશીય સમુદાયમાં જોવા મળતી નથી. આ પ્રથમ તબક્કાનું મતદાન છે, જ્યારે અંતિમ તબક્કાની ચૂંટણી એપ્રિલ મહિનામાં યોજવામાં આવશે.

ચીન સામે કડક સંદેશ અને પડકારો તિબેટિયન લાઈબ્રેરીના નિયામક ગેશે લ્હકદોરે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આ ચૂંટણી ચીન માટે સીધો સંદેશ છે કે નિર્વાસિત તિબેટિયનો ક્યારેય હાર માનશે નહીં.

શટડાઉન | ફંડિંગ બિલ સેનેટમાં અટક્યું, વહીવટી તંત્રને માઠી અસર

# અમેરિકામાં ફરી શટડાઉનથી તાળાબંધી થઈ છે

(એજન્સી) વોશિંગ્ટન । તા. 01

વિશ્વની મહાસત્તા ગણાતા અમેરિકામાં ફરી એકવાર શાસકીય અને વહીવટી ગતિરોધ ઉભો થયો છે. સેનેટમાં ફંડિંગ બિલ પસાર કરવામાં નિષ્ફળતા મળતા અમેરિકામાં ફરી 'શટડાઉન' એટલે કે આંશિક તાળાબંધીની જાહેરાત કરવામાં આવી છે. અગાઉ ૪૩ દિવસ સુધી ચાલેલા લાંબા શટડાઉન બાદ ફરી એકવાર નાણાકીય ભંડોળ અટકી પડતા પ્રમુખ ટ્રમ્પની ચિંતાઓ વધી ગઈ છે. આ શટડાઉનને કારણે દેશની મહત્વની સરકારી એજન્સીઓના કામકાજ પર બ્રેક લાગી ગઈ છે.



### સેનેટમાં સમજૂતીનો અસ્વીકાર અને રાજકીય સંઘર્ષ

અમેરિકામાં આ કટોકટી ત્યારે સર્જાઈ જ્યારે સત્તારૂઢ રિપબ્લિકન પાર્ટી નવા નાણાકીય વર્ષ માટેના ખર્ચ વિધેયકોને સેનેટમાં પસાર કરાવી શકી નહીં. અગાઉ થયેલી સમજૂતી પર પ્રમુખ ટ્રમ્પે હસ્તાક્ષર કર્યા હોવા છતાં, સેનેટમાં આ મુદ્દે ભારે વિવાદ થયો હતો. શાસક પક્ષના જ અનેક સાંસદોએ આ સમજૂતીને બહુમતીથી અસ્વીકાર્ય ગણાવતા ફંડિંગ અટકી ગયું છે. અમેરિકન બંધારણીય જોગવાઈ મુજબ, જ્યાં સુધી ખર્ચ માટેનું બિલ પસાર ન થાય, ત્યાં સુધી સરકારી એજન્સીઓ નાણાં ખર્ચી શકતી નથી.

આ આંશિક શટડાઉનને કારણે શિક્ષણ, આરોગ્ય, માનવસેવા અને પરિવહન જેવા મહત્વના વિભાગોને માઠી અસર પહોંચી છે. સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે હોમલેન્ડ સિક્યુરિટી અને સંરક્ષણ વિભાગના કામકાજ પણ આ આર્થિક અવરોધમાં ઘેરાયા છે. ઉલ્લેખનીય છે કે આ વિભાગો કુલ સરકારી ફંડનો ૭૫ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. ફંડના અભાવે હવે આ સંવેદનશીલ વિભાગો માટે આગળની કાર્યવાહી કરવી અત્યંત મુશ્કેલ બની ગઈ છે.

શટડાઉનના અમલ સાથે જ લાખો ફેડરલ કર્મચારીઓને ફરજિયાત રજા પર ઉતારી દેવામાં આવ્યા છે, જ્યારે એર-ટ્રાફિક કંટ્રોલર જેવા અતિ આવશ્યક સેવાના કર્મચારીઓએ વેતન વિના કામ કરવાની નોબત આવી છે. સપોર્ટ સ્ટાફની અછતને કારણે અનેક ફ્લાઈટ્સ રદ થવાની શક્યતા છે. સામાજિક સુરક્ષા, મેડિકેર અને બેરોજગારી ભથ્થાની ચૂકવણી પણ ભંડોળના અભાવે અટકી શકે છે. જોકે, નેશનલ પાર્ક અને મ્યુઝિયમ જેવા પ્રવાસન સ્થળો ખુલ્લા રહેશે, પરંતુ હાઉસિંગ લોન અને ફ્લડ ઈન્શ્યોરન્સ જેવી સેવાઓ હાલ તુરંત રોકાઈ જશે.

# ભારતીય સેનાની ટ્રેનિંગ ટીમ દ્વારા તાંઝાનિયામાં વિશેષ સૈન્ય તાલીમ શરૂ

(એજન્સી) ડોડોમા । તા. 01

ભારતીય સેનાએ રવિવારે જાહેરાત કરી છે કે તાંઝાનિયાની પ્રતિષ્ઠિત 'સ્કૂલ ઓફ ઈન્ફન્ટ્રી' ખાતે તૈનાત ભારતીય સૈન્ય તાલીમ ટીમ બંને દેશો વચ્ચેના સંરક્ષણ સંબંધોમાં એક નવું અને મહત્વપૂર્ણ સીમાચિહ્ન પ્રસ્થાપિત કરી રહી છે. ભારતીય સેનાના જણાવ્યા અનુસાર, આ જોડાણ વ્યાવસાયિક સૈન્ય શિક્ષણ, ક્ષમતા નિર્માણ અને પ્રાદેશિક સ્થિરતા માટેના ભારતના વિઝનને વધુ મજબૂત બનાવશે. સંરક્ષણ મંત્રાલયના સત્તાવાર એક્સ હેન્ડલ પરથી માહિતી આપવામાં આવી છે કે આ પગલું દ્વિપક્ષીય વ્યૂહાત્મક સંબંધોને નવી ઊંચાઈ પર લઈ જવાની ભારતની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

નૌકાદળ અને સૈન્ય વચ્ચેનો અતૂટ સમન્વય ભારત અને તાંઝાનિયા વચ્ચેના સંરક્ષણ સંબંધો માત્ર જમીન પૂરતા સીમિત નથી. તાજેતરમાં જ નવેમ્બર ૨૦૨૫ માં દાર એસ સલામ ખાતે બંને દેશોના નૌકાદળના સ્ટાફની પ્રથમ ઐતિહાસિક બેઠક સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. આ બેઠકમાં ભવિષ્યના દરિયાઈ અભ્યાસો અને હિંદ મહાસાગરમાં સુરક્ષા માટે સંકલિત અભિગમ અપનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ભારતીય નૌકાદળના રીઅર એડમિરલ શ્રીનિવાસ મદ્દુલાએ આ મહત્વપૂર્ણ મંત્રણાનું નેતૃત્વ કર્યું હતું. બે દાયકા જૂનો મજબૂત પાયો ભારત અને તાંઝાનિયા વચ્ચે ૨૦૦૩ માં સંરક્ષણ સહયોગ માટેના સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ માળખા હેઠળ ભારતીય સૈન્ય તાલીમ ટીમ ડિસેમ્બર ૨૦૧૭ થી અરુશામાં કમાન્ડ અને સ્ટાફ કોલેજમાં કાર્યરત છે. ભારતીય નૌકાદળના જહાજો તાંઝાનિયાના બંદરોનું હાઈડ્રોગ્રાફિક સર્વેક્ષણ પણ કરી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની

ગ્રામીણ દીકરીઓનો ડ્રોપ-આઉટ રેશિયો ઘટાડવા સરકારનો માસ્ટરપ્લાન

# બજેટ 2026 શિક્ષણ ક્ષેત્ર: દેશના દરેક જિલ્લામાં બનશે સરકારી 'ગર્લ્સ હોસ્ટેલ', નાણામંત્રીની મોટી જાહેરાત

નવી દિલ્હી: કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં દેશના શિક્ષણ જગત માટે, ખાસ કરીને દીકરીઓના ઉચ્ચ શિક્ષણ માટે ઐતિહાસિક જાહેરાતો કરી છે. સરકારનું લક્ષ્ય છે કે આર્થિક સંકડામણ કે રહેવાની અસુવિધાને કારણે કોઈ પણ તેજસ્વી વિદ્યાર્થિની પોતાનું શિક્ષણ અધવચ્ચે ન છોડે. આ ઉમદા હેતુ સાથે 'બજેટ 2026 શિક્ષણ ક્ષેત્ર' માં દેશના દરેક જિલ્લામાં અત્યાધુનિક સુવિધાઓ ધરાવતી 'ગર્લ્સ હોસ્ટેલ' બનાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ યોજનાથી ગ્રામીણ ભારતની દીકરીઓ માટે ઉચ્ચ શિક્ષણના દ્વાર વધુ સરળતાથી ખુલશે.



નાણામંત્રીએ સંસદમાં જાહેરાત કરી હતી કે ઉચ્ચ શિક્ષણની STEM (Science, Technology, Engineering, and Mathematics) સંસ્થાઓમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટે સરકાર વિશેષ હોસ્ટેલની સુવિધા પૂરી પાડશે. આ હોસ્ટેલ્સ જિલ્લા મથકો અથવા મોટી શૈક્ષણિક સંસ્થાઓની નજીક બનાવવામાં આવશે, જ્યાં રહેવા-જમવાની સુવિધા સાથે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા પણ હશે. આ પગલાથી ખાસ કરીને વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારીમાં મોટો ઉછાળો આવવાની અપેક્ષા છે.

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (NID): પૂર્વ ભારતના રાજ્યોમાં ડિઝાઈન શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે એક નવી 'નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન'ની સ્થાપના કરવામાં આવશે. ૨. યુનિવર્સિટી ટાઉનશિપ્સ: દેશના પ્રમુખ ઔદ્યોગિક અને લોજિસ્ટિક કોરિડોરની આસપાસ ૫ નવી 'યુનિવર્સિટી ટાઉનશિપ' વિકસાવવામાં આવશે, જેથી વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સીધો ઉદ્યોગોનો અનુભવ મળી શકે. ૩. ટેલિસ્કોપ ઈન્ફ્રાસ્ટ્રક્ચર: ખગોળશાસ્ત્ર અને એસ્ટ્રોફિઝિક્સના સંશોધનને વેગ આપવા માટે દેશમાં ૪ નવી ટેલિસ્કોપ સુવિધાઓ સ્થાપવામાં આવશે અથવા હાલની સુવિધાઓને હાઈટેક બનાવવામાં આવશે. ૪. STEM પર ફોકસ: ઉચ્ચ શિક્ષણમાં નવી સંસ્થાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે જંગી રોકાણની જોગવાઈ કરવામાં આવી છે.ઘણીવાર એવું જોવા મળે છે કે ગ્રામીણ વિસ્તારની દીકરીઓ પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા પછી શહેરમાં રહેવાની સુરક્ષિત જગ્યાના અભાવે આગળનો અભ્યાસ છોડી દેતી હોય છે. સરકારના આ નિર્ણયથી વાલીઓમાં પણ વિશ્વાસ વધશે અને દીકરીઓ નિશ્ચિંત થઈને પોતાનું કરિયર બનાવી શકશે. શિક્ષણશાસ્ત્રીઓના મતે, બજેટ 2026 શિક્ષણ ક્ષેત્ર માં કરવામાં આવેલી આ જોગવાઈઓ આગામી દાયકામાં ભારતની લિંગ સમાનતા (Gender Equality) અને એજ્યુકેશન ઈન્ડેક્સમાં મોટો સુધારો લાવશે.

## પુષ્કર સિંહ ધામીએ બજેટને 'વિકસિત ભારત 2047' નો સંકલ્પ પત્ર ગણાવ્યું

નવી દિલ્હી/દેહરાદૂન: કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે રવિવારે રજૂ કરેલા કેન્દ્રીય બજેટ 2026-27 ને ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ 'ઐતિહાસિક' અને 'વિકસિત ભારત 2047' ના લક્ષ્યને હાંસલ કરનારું ગણાવ્યું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોતાની પ્રતિક્રિયા આપતા સીએમ ધામીએ જણાવ્યું કે, આ બજેટ માત્ર આર્થિક દસ્તાવેજ નથી, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન હેઠળ આત્મનિર્ભર અને સમૃદ્ધ ભારતના સંકલ્પનું એક શક્તિશાળી મેનિફેસ્ટો છે.

બજેટમાં ખાસ કરીને ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીર માટે 'ઈકોલોજીકલ સસ્ટેનેબલ ટ્રેકિંગ ટ્રેલ્સ' વિકસાવવાની જાહેરાત કરવામાં આવી છે. બજેટ 2026 ઉત્તરાખંડ સીએમ પ્રતિક્રિયા આપતા ધામીએ આ પહેલને 'દૂરંદેશી' ગણાવી હતી. તેમણે ઉમેર્યું કે, આ યોજનાથી પહાડી વિસ્તારોમાં સ્થાનિક યુવાનો માટે રોજગારીની નવી તકો ઉભી થશે અને પર્યટન ક્ષેત્રે નવા દ્વાર ખુલશે. પર્યાવરણની જાળવણી સાથે પર્યટનનો વિકાસ પહાડી અર્થતંત્રને મજબૂત બનાવશે.સીએમ ધામીએ નોંધ્યું હતું કે, આ બજેટના કેન્દ્રમાં ખેડૂતો, યુવાનો, મહિલા શક્તિ અને વંચિત વર્ગ છે.

# News Brief

## CNG ગાડી રાખનારાઓ માટે સારા સમાચાર, CNG-બાયોગેસને સસ્તા કરવાની કેન્દ્ર સરકારની જાહેરાત




(એજન્સી) નવી દિલ્હી | તા 01

દેશના નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ 2026માં સામાન્ય જનતાને રાહત આપવા માટે CNG અને બાયોગેસને સસ્તું કરવાની જાહેરાત કરી છે. આ નિર્ણયથી CNG વાહનો ચલાવતા લોકોના ઈંધણ ખર્ચમાં સીધો ઘટાડો થશે અને પબ્લિક ટ્રાન્સપોર્ટ ઓપરેટર્સને પણ મોટી રાહત મળશે. નાણામંત્રીએ બજેટ 2026માં બાયોગેસ મિશ્રિત CNG પર કસ્ટમ ડ્યુટીની ગણતરી કરવાની પદ્ધતિમાં ફેરફાર કર્યો છે. હવેથી કસ્ટમ ડ્યુટીની ગણતરી કરતી વખતે બાયોગેસની કિંમત પર છૂટ આપવામાં આવશે.સરકારના આ નિર્ણયથી બાયોગેસ આધારિત ઈંધણ સસ્તું થશે. જેની સીધી અસર CNG વાહનોના સંચાલન ખર્ચ અને ઓટો ઈન્ડસ્ટ્રી પર પડશે. આ ઉપરાંત, બજેટમાં EV બેટરી પણ સસ્તી કરવાની જાહેરાત કરવામાં આવી છે, જેના કારણે ઈલેક્ટ્રિક વાહનો ખરીદવા હવે પહેલા કરતા વધુ સસ્તા થશે. અત્યાર સુધી બાયોગેસ મિશ્રિત CNG પર કસ્ટમ ડ્યુટીની ગણતરી કુલ ઈંધણના મૂલ્યના આધારે કરવામાં આવતી હતી. બજેટ 2026 મુજબ, હવે ડ્યુટી કેલ્ક્યુલેશનમાં બાયોગેસના મૂલ્યને અલગ રાખવામાં આવશે, જેનાથી ટેક્સનો બોજ ઘટશે અને ગેસ સસ્તો થશે.

### ઓટોમોબાઈલ સેક્ટરને થશે ફાયદો

- ઈંધણ ખર્ચમાં ઘટાડો: CNG અને બાયોગેસ આધારિત વાહનોનો રનિંગ કોસ્ટ ઘટશે.
- વધુ કિફાયતી મુસાફરી: CNG કાર, ટેક્સી અને કોમર્શિયલ વાહનો ચલાવવા વધુ સસ્તા બનશે.
- નવું રોકાણ: ઓટો કંપનીઓને CNG અને ફ્લેક્સ-ફ્યુઅલ ટેક્નોલોજીમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહન મળશે.
- પબ્લિક ટ્રાન્સપોર્ટ: બસ અને ફ્લીટ ઓપરેટર્સને રાહત મળવાથી પરિવહન ખર્ચ ઘટી શકે છે.

### ગ્રીન એનર્જી અને આત્મનિર્ભર ભારત

- સરકારનો આ નિર્ણય માત્ર ઓટો ઈન્ડસ્ટ્રી પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેનાથી અનેક દૂરોગામી ફાયદા થશે:
- વેસ્ટ-ટુ-એનર્જી: બાયોગેસ પ્લાન્ટ અને કચરામાંથી ઉર્જા બનાવવાના પ્રોજેક્ટ્સને વેગ મળશે.
- ગ્રામીણ અર્થતંત્ર: ખેડૂતો અને ગ્રામીણ વિસ્તારોને બાયોગેસના ઉત્પાદનથી આર્થિક લાભ થશે.
- પર્યાવરણ: કાર્બન ઉત્સર્જન ઘટાડવાના ભારતના લક્ષ્યને મજબૂતી મળશે.
- આયાતમાં ઘટાડો: વિદેશી અશ્મિભૂત ઈંધણ (Fossil Fuel) પરની નિર્ભરતા ઓછી થશે.
- નિષ્ણાતોના અનુસાર જો રાજ્ય સરકારો પણ ટેક્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સહયોગ આપે, તો ભારતમાં બાયોગેસ મિશ્રિત CNG વાહનોનું નેટવર્ક ઝડપથી ફેલાઈ શકે છે.

## બજેટ 2026 ચિરાગ પાસવાન પ્રતિક્રિયા: 'વિકસિત ભારત' માટે મજબૂત પાયો નાખતું બજેટ

નવી દિલ્હી/પટણા: કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને રવિવારે રજૂ કરવામાં આવેલા કેન્દ્રીય બજેટ 2026-27 ના ભારોભાર વખાણ કર્યા છે. સંસદ ભવનની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યું કે, આ બજેટ દેશના પાયાના માળખા (Infrastructure), ગ્રામીણ વિકાસ અને આત્મનિર્ભરતાને નવી ઊંચાઈ પર લઈ જનારું છે. પાસવાને ભારપૂર્વક કહ્યું કે, નાણામંત્રી નિર્મલા સીતારમણે આ બજેટ દ્વારા 'વિકસિત ભારત' ના નિર્માણ માટે એક અત્યંત મજબૂત પાયો નાખ્યો છે.બજેટ 2026 ચિરાગ પાસવાન પ્રતિક્રિયા મુજબ, આ બજેટ માત્ર આંકડાઓની રમત નથી પણ સમાજના દરેક વર્ગને સ્પર્શતું પરિવર્તન છે. તેમની સાથે સુર પુરાવતા આરપીઆઈ (RPI) સાંસદ રામદાસ આઠવલેએ બજેટને 'ક્રાંતિકારી' ગણાવ્યું હતું. આઠવલેએ ઉમેર્યું કે, "આ બજેટ સામાજિક ન્યાયની સાથે આર્થિક ન્યાય સુનિશ્ચિત કરશે, જે ગરીબો અને મધ્યમ વર્ગ માટે આશાનું કિરણ છે."ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ બજેટની ટેકનિકલ બાબતો પર પ્રકાશ પાડતા કહ્યું કે, પર્સનલ ઉપયોગ માટેની વસ્તુઓ પર ડ્યુટી ૨૦% થી ઘટાડીને ૧૦% કરવી એ મોટું રાહતકારી પગલું છે. એરક્રાફ્ટ મેન્યુફેક્ચરિંગ માટે કમ્પોનન્ટ્સ પર અપાયેલી છૂટથી દેશમાં ઉત્પાદન વધશે. તેમણે શેરબજારમાં જોવા મળેલી શરૂઆતની ઉથલપાથલ અંગે કહ્યું કે, બેન્કિંગ સેક્ટરના સુધારા અને રોકાણના નવા રસ્તાઓ ખુલતા બજારમાં ટૂંક સમયમાં તેજી જોવા મળશે.બજેટમાં જાહેર કરવામાં આવેલા ૭ નવા હાઈ-સ્પીડ રેલ કોરિડોર (જેમાં દિલ્હી-વારાણસી અને મુંબઈ-પુણે સામેલ છે) દેશના આર્થિક હબને એકબીજા સાથે ઝડપથી જોડશે. નાણામંત્રીએ 'યુવા શક્તિ' અને 'ત્રણ કર્તવ્યો' ને બજેટનું ચાલકબળ ગણાવ્યું છે.

ભારતને ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાનું લક્ષ્ય

## મુખ્યમંત્રી મોહન યાદવે બજેટને 'ગરીબ, યુવા અને કિસાન' લક્ષી

ભોપાલ/નવી દિલ્હી: મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડો. મોહન યાદવે રવિવારે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરવામાં આવેલા કેન્દ્રીય બજેટ 2026-27 ના મુક્તકંઠે વખાણ કર્યા છે. ભોપાલમાં પત્રકારો સાથે વાતચીત કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આ બજેટ ગરીબો, યુવાનો, ખેડૂતો અને મહિલાઓના ઉત્થાન પર કેન્દ્રિત છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે બજેટની જોગવાઈઓ ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત રાષ્ટ્ર' બનાવવામાં પાયાનો પથ્થર સાબિત થશે.

સીએમ યાદવે ખાસ કરીને ભારતને વિશ્વનું ઉત્પાદન કેન્દ્ર બનાવવા માટે બજેટમાં કરવામાં આવેલી જોગવાઈઓ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું, "આ બજેટની દિશા અને ઉદ્દેશ્યો ભારતને આર્થિક મહાસત્તા બનાવવા માટે સ્પષ્ટ છે. ખાસ કરીને ઉત્પાદન ક્ષેત્રે કરવામાં આવેલી ફાળવણીથી મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં ઔદ્યોગિક વિકાસને વેગ મળશે અને રોજગારીની નવી તકો ઉભી થશે."કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેએ પણ આ બજેટને 'ક્રાંતિકારી' ગણાવ્યું છે. તેમણે કહ્યું કે આ બજેટ સમાજના દરેક વર્ગને સ્પર્શે છે અને તે સામાજિક તથા આર્થિક ન્યાય અપાવવાની દિશામાં મોટું કદમ છે. બજેટ 2026 એમપી સીએમ પ્રતિક્રિયા મુજબ, સરકારનું વિઝન 'યુવા શક્તિ' અને 'ત્રણ કર્તવ્યો' (Three Kartavyas) પર આધારિત છે, જે દેશના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે.

બજેટમાં જાહેર કરવામાં આવેલા ૭ નવા હાઈ-સ્પીડ રેલ કોરિડોર અને ૨૦ નવા રાષ્ટ્રીય જળમાર્ગોના નિર્માણથી પરિવહન ક્ષેત્રે ક્રાંતિ આવશે. સીએમ મોહન યાદવે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે કરવામાં આવેલા રોકાણની પ્રશંસા કરતા કહ્યું કે, તેનાથી લોજિસ્ટિક્સ ખર્ચ ઘટશે અને વ્યવસાય કરવામાં સરળતા (Ease of Doing Business) વધશે. વધુમાં, પહાડી વિસ્તારો અને ખીણોમાં ઈકો-ટૂરિઝમ તથા ટ્રેકિંગ ટ્રેલ્સના વિકાસથી દેશના કુદરતી સૌંદર્ય અને પ્રવાસન ક્ષેત્રને નવી ઓળખ મળશે.

બજેટ 2026 હાઈ-સ્પીડ રેલ કોરિડોર

## દેશમાં 7 નવા રૂટ પર દોડશે બુલેટ ટ્રેન જેવી સુપરફાસ્ટ ટ્રેનો

નવી દિલ્હી: કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે કેન્દ્રીય બજેટ 2026-27 માં ભારતીય રેલવેની કાયાપલટ કરવા માટે મોટી જાહેરાત કરી છે. દેશમાં ઝડપી પરિવહન અને આધુનિક કનેક્ટિવિટીને વેગ આપવા માટે સરકારે 7 નવા હાઈ-સ્પીડ રેલ કોરિડોર બનાવવાની દરખાસ્ત રજૂ કરી છે. આ પ્રોજેક્ટ્સ હેઠળ ટ્રેનો ૨૫૦ થી ૩૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડશે, જે બુલેટ ટ્રેન જેવી મુસાફરીનો અનુભવ કરાવશે. આ જાહેરાતથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે ભારતની ક્ષમતામાં મોટો વધારો થવાની અપેક્ષા છે. સરકારે આ સાત કોરિડોર માટે દેશના સૌથી વ્યસ્ત અને આર્થિક રીતે મહત્વના શહેરોની પસંદગી કરી છે. હાઈ-સ્પીડ રેલ નેટવર્કનો હેતુ મુસાફરીના સમયમાં નોંધપાત્ર ઘટાડો કરવાનો અને વેપાર-ઉદ્યોગને ગતિ આપવાનો છે. આ કોરિડોરથી મુખ્ય શહેરો વચ્ચેનું અંતર હવે કલાકોમાં નહીં પણ મિનિટોમાં કપાઈ જશે. બજેટ પ્રસ્તાવો અનુસાર, નીચે મુજબના સાત રૂટ પર હાઈ-સ્પીડ રેલ ટ્રેક બનાવવામાં આવશે: ૧. મુંબઈ થી પુણે ૨. પુણે થી હૈદરાબાદ ૩. હૈદરાબાદ થી બેંગલુરુ ૪. હૈદરાબાદ થી ચેન્નાઈ ૫. ચેન્નાઈ થી બેંગલુરુ ૬. દિલ્હી થી વારાણસી ૭. વારાણસી થી સિલિગુડી આ હાઈ-સ્પીડ રેલ કોરિડોર માટે અત્યાધુનિક સિગ્નલિંગ સિસ્ટમ અને અદ્યતન ટ્રેક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. ૨૫૦-૩૨૦ કિમી/કલાકની ઝડપ જાળવી રાખવા માટે રેલવે બોર્ડ દ્વારા ખાસ સુરક્ષા માપદંડો તૈયાર કરવામાં આવ્યા છે.

**250 થી 320 કિમીની ઝડપે ટ્રેનો દોડાવવા 7 રૂટની પસંદગી**

નાણામંત્રીએ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ્સ માત્ર પરિવહનની સુવિધા જ નહીં આપે, પરંતુ તેના નિર્માણ દરમિયાન લાખો લોકોને રોજગારી પણ પૂરી પાડશે.

રેલવે નિષ્ણાતો આ જાહેરાતને 'ગેમ ચેન્જર' ગણાવી રહ્યા છે. ખાસ કરીને દક્ષિણ ભારતના આઈટી હબ (હૈદરાબાદ-બેંગલુરુ-ચેન્નાઈ) ને જોડતા કોરિડોરથી ટેક સેક્ટરને મોટો ફાયદો થશે. તેવી જ રીતે દિલ્હી-વારાણસી રૂટથી ઉત્તર ભારતમાં પ્રવાસન અને ધાર્મિક યાત્રાધામોની કનેક્ટિવિટી મજબૂત બનશે. બજેટ 2026 હાઈ-સ્પીડ રેલ કોરિડોર પ્રોજેક્ટ ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના લક્ષ્ય તરફ એક મજબૂત ડગલું છે.

પશુ ચરબીના દાવા પર સીબીઆઇનો ખુલાસો

## તિરુપતિ લાડુ વિવાદ CBI: પશુ ચરબીના દાવા પોકળ, પરંતુ ઘીમાં કેમિકલ અને વેજિટેબલ ઓઇલની હતી

તિરુપતિ: વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ તિરુપતિ બાલાજી મંદિરના પ્રસાદમાં અપાતા લાડુમાં ભેળસેળના મામલે સીબીઆઈ (CBI) એ અત્યંત મહત્વનો ખુલાસો કર્યો છે. તિરુપતિ લાડુ વિવાદ CBI દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટ મુજબ, પ્રસાદમાં પશુ ચરબી ભેળવવામાં આવી હોવાના દાવા પોકળ સાબિત થયા છે. જોકે, તપાસમાં એ પણ સામે આવ્યું છે કે ભક્તોને અપાતો પ્રસાદ શુદ્ધ ગાયના ઘીમાં નહીં, પરંતુ કેમિકલ અને વેજિટેબલ ઓઈલમાંથી બનાવેલા 'સિન્થેટિક ઘી' માં તૈયાર કરવામાં આવતો હતો. સીબીઆઈએ નેલ્લોરની એન્ટી કરપ્શન બ્યુરો કોર્ટમાં રજૂ કરેલી ચાર્જશીટમાં જણાવ્યું છે કે, ૨૦૧૯ થી ૨૦૨૪ ના સમયગાળા દરમિયાન તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (TTD) ને જે ઘી સપ્લાય કરવામાં આવ્યું હતું તેમાં શુદ્ધતાનો અભાવ હતો. આ ઘીને શુદ્ધ દેખાડવા માટે તેમાં લેબમાં તૈયાર કરાયેલા ખાસ 'એસ્ટર્સ' (Esters) ભેળવવામાં આવ્યા હતા, જેથી તેની સુગંધ અને દેખાવ અસલી ઘી જેવો જ લાગે. આ ખુલાસાએ કરોડો ભક્તોની આસ્થા સાથે થયેલી છેતરપિંડી પર મહોર મારી દીધી છે. આ વિવાદ અગાઉની વાયએસ જગન મોહન રેડ્ડી સરકાર પર લાગેલા આરોપોથી શરૂ થયો હતો. વર્તમાન ચંદ્રાબાબુ નાયડુ સરકારના મંત્રી પય્યાવુલા કેશવે પ્રેસ કોન્ફરન્સમાં દાવો કર્યો હતો કે મૈસુરની સીએફટીઆરઆઈ (CFTRI) લેબમાં મોકલેલા નમૂનામાં પશુ ચરબી હોવાનું જણાયું હતું. જોકે, સીબીઆઈની તપાસમાં પશુ ચરબીના કોઈ પુરાવા મળ્યા નથી, જે અગાઉના દાવાઓ પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકે છે. તેમ છતાં, ઘી શુદ્ધ ન હોવાની વાત સાચી ઠરતા પ્રસાદની પવિત્રતા સામે સવાલો ઉઠ્યા છે.તિરુપતિ મંદિરનું વહીવટી તંત્ર હંમેશા દાવો કરતું આવ્યું છે કે લાડુની બનાવટમાં સર્વોચ્ચ ગુણવત્તાના ગાયના ઘીનો ઉપયોગ થાય છે. પરંતુ સીબીઆઈની આ ચાર્જશીટે શુદ્ધતાના તે તમામ દાવાઓને ખોટા સાબિત કર્યા છે.

## બજેટ 2026 કોંગ્રેસ પ્રતિક્રિયા: કોંગ્રેસે બજેટને 'ફીકું' ગણાવ્યું, રાહુલ ગાંધી સંસદમાં આપશે જવાબ

નવી દિલ્હી: નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરવામાં આવેલા બજેટ 2026-27 ને વિપક્ષી પાર્ટી કોંગ્રેસે સદંતર નકારી કાઢ્યું છે. કોંગ્રેસે આ બજેટને 'ઉત્સાહહીન' (Lacklustre) અને 'અસ્પષ્ટ' ગણાવીને સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ રવિવારે બજેટ પર કોઈ તાત્કાલિક ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો અને જણાવ્યું હતું કે તેઓ સોમવારે સંસદના મંચ પરથી વિગતવાર પ્રતિસાદ આપશે.



બજેટ રજૂ થયા બાદ જ્યારે પત્રકારોએ રાહુલ ગાંધીને પ્રશ્નો પૂછ્યા, ત્યારે તેમણે ટૂંકો જવાબ આપતા કહ્યું, "હું આવતીકાલે સંસદ દ્વારા પૂરા પાડવામાં આવેલા પ્લેટફોર્મનો ઉપયોગ કરીને બોલીશ." રાહુલ ગાંધી બજેટ નિવેદન પરની આ ચૂપકીદી સૂચવે છે કે વિપક્ષ બજેટ દસ્તાવેજોનો ઊંડો અભ્યાસ કરીને સરકારને ઘેરવાની તૈયારી કરી રહ્યો છે. તેમની સાથે પ્રિયંકા ગાંધી પણ હાજર હતા, જેમણે પણ મીડિયા સમક્ષ કોઈ પ્રતિક્રિયા આપી ન હતી.કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સાંસદ જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર બજેટની ટીકા કરતા લખ્યું કે, "બજેટ ૨૦૨૬/૨૭ વિશે જે રીતે મોટી હાઈપ ઉભી કરવામાં આવી હતી, તેના કરતા તે ઘણું પાછળ રહી ગયું છે. ૯૦ મિનિટના ભાષણ પછી સ્પષ્ટ છે કે આ બજેટ સંપૂર્ણપણે ફીકું છે." તેમણે વધુમાં આક્ષેપ કર્યો હતો કે નાણામંત્રીનું ભાષણ 'બિન-પારદર્શક' હતું કારણ કે તેમાં મુખ્ય યોજનાઓ અને કાર્યક્રમો માટેની બજેટ ફાળવણી વિશે કોઈ સ્પષ્ટ ખ્યાલ આપવામાં આવ્યો નથી.નાણામંત્રીએ બજેટમાં દાવો કર્યો હતો કે મોદી સરકારની 'રિફોર્મ એક્સપ્રેસ' યોગ્ય દિશામાં છે અને ૭% ના જીડીપી વૃદ્ધિ દર સાથે દેશ આગળ વધી રહ્યો છે. જોકે, બજેટ 2026 કોંગ્રેસ પ્રતિક્રિયા મુજબ, વિપક્ષનું માનવું છે કે સામાન્ય જનતા માટે આ બજેટમાં કંઈ ખાસ નથી. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને કોંગ્રેસના શશિ થરૂરે પણ બજેટ પર નારાજગી વ્યક્ત કરી છે.

હસતા-રમતા મેળામાંથી પરત ફરતા પરિવારની ખુશીઓ શોકમાં ફેરવાઈ

## પટણામાં ભયાનક અકસ્માત: ટ્રકની ટક્કરથી રિક્ષાના ફુરચા ઉડ્યા, એક જ પરિવારના ૬ સભ્યોના મોત

પટણા: બિહારની રાજધાની પટણા નજીક રવિવારે (૧ ફેબ્રુઆરી ૨૦૨૬) વહેલી સવારે એક અત્યંત હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. મનેર ઉર્સનો મેળો જોઈને ઓટો રિક્ષામાં પરત ફરી રહેલા એક જ પરિવારના સભ્યોને પૂરપાટ ઝડપે આવતા ટ્રકે ટક્કર મારી હતી. આ ભયાનક ટક્કરમાં રિક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને તેમાં સવાર ૨ નિર્દોષ બાળકો સહિત કુલ ૬ લોકોના કરુણ મોત નિપજ્યા છે. આ ઘટના પટણાના બિહટા પોલીસ સ્ટેશન વિસ્તારના લેખન ટોલા પાસે બની હતી.ભોજપુર જિલ્લાના આરા વિસ્તારનો એક પરિવાર પરંપરાગત મનેર દરગાહ ખાતે ઉર્સનો મેળો જોઈને રવિવારે મળસ્કે લગભગ ૨:૦૦ વાગ્યે ઓટો રિક્ષામાં ઘરે પરત ફરી રહ્યો હતો. પરિવારના સભ્યો હજુ તો મેળાની યાદો વાગોળતા હતા ત્યાં જ બિહટા-આરા મુખ્ય માર્ગ પર બેલગામ ટ્રકે રિક્ષાને અડફેટે લીધી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે રિક્ષામાં સવાર મુસાફરો લોહીલુહાણ હાલતમાં રસ્તા પર ફંગોળાયા હતા. પોલીસ અને સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ૫ લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા, જ્યારે એક વ્યક્તિએ હોસ્પિટલમાં દમ તોડ્યો હતો. મૃતકોની ઓળખ નીચે મુજબ થઈ છે:અકસ્માત બાદ ટ્રક ચાલક વાહન લઈને ફરાર થઈ ગયો હતો, જોકે પોલીસે નાકાબંધી કરીને



ટ્રકને જપ્ત કરી લીધી છે. ગંભીર રીતે ઘવાયેલા અન્ય ઈજાગ્રસ્તોને પટણા મેડિકલ કોલેજ અને હોસ્પિટલ (PMCH) માં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું કહેવાય છે. બિહટા પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપીને વધુ તપાસ હાથ ધરી છે.જાણો સમગ્ર ઘટનાક્રમ પ્રમાણે, હાઈવે પર રાત્રિના સમયે વાહનોની અનિયંત્રિત ગતિ અને બેદરકારી નિર્દોષ પરિવારોને વેરવિખેર કરી રહી છે. આ ઘટનાએ પટણા અને આરા પંથકમાં અરેરાટી ફેલાવી દીધી છે. વાલીઓ અને વાહન ચાલકોને વિનંતી છે કે ખાસ કરીને તહેવારો અને મેળાના સમયે રાત્રિ મુસાફરી દરમિયાન વધુ સાવચેતી રાખે.

## હવે ટ્રાફિક ચલણની અવગણના પડશે મોંઘી,

વાહન ચાલકો સાવધાન | વાહન થશે બ્લેકલિસ્ટ!

(એજન્સી) નવી દિલ્હી | તા 01

કેન્દ્ર સરકાર દ્વારા ટ્રાફિકના નિયમોમાં કરવામાં આવેલા ફેરફાર બાદ હવે વાહન ચાલકો માટે મેમો કે ચલણને અવગણવું ભારે પડી શકે છે. નવા નિયમો મુજબ જો તમે સમયસર દંડ નહીં ભરો, તો તમારું વાહન 'બ્લેકલિસ્ટ' થઈ જશે.

રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયે 30 જાન્યુઆરીએ નવી સૂચના બહાર પાડીને મોટર વ્હીકલ એક્ટ 1989માં મહત્વના સુધારા કર્યા છે. હવે ઓવર સ્પીડ, સીટ બેલ્ટ, નશો કે લાલ લાઈટના ઉલ્લંઘન બદલ થતા ચલણની પ્રક્રિયાને સંપૂર્ણપણે ડિજિટલ અને સમયબદ્ધ બનાવી દેવામાં આવી છે. નવા નિયમ મુજબ, જો કોઈ વાહન માલિક નક્કી કરેલા સમયમાં ચલણનો નિકાલ નહીં કરે, તો તેને 'પરિવહન પોર્ટલ' પર ખાસ ચિહ્નિત (Mark) કરી દેવામાં આવશે. આના પરિણામે: વાહનનું રજિસ્ટ્રેશન (RC) ટ્રાન્સફર થઈ શકશે નહીં.ફિટનેસ સર્ટિફિકેટ મેળવવામાં મુશ્કેલી પડશે.ડ્રાઈવિંગ લાઈસન્સનું નવીનીકરણ (Renewal) અટકી જશે.મેમો સામે અપીલ કરવાની તક જો કોઈ વાહન ચાલકને લાગે કે તેનો મેમો ખોટી રીતે ફાટ્યો છે, તો તેણે સરકારી કચેરીઓના ધક્કા ખાવાની જરૂર નથી. તે ચલણ મળ્યાના 45 દિવસની અંદર પોર્ટલ પર જઈને ફોટો કે વીડિયો પુરાવા તરીકે અપલોડ કરી પોતાનો પક્ષ રજૂ કરી શકે છે.નિષ્ણાતોના મતે, આ ફેરફારોથી ટ્રાફિક વ્યવસ્થામાં પારદર્શિતા આવશે. હવે પોલીસ માટે પણ નિયમ કડક છે, જેમાં ઈલેક્ટ્રોનિક માધ્યમથી 3 દિવસમાં અને દસ્તી રીતે 15 દિવસમાં ચલણની જાણ કરવી અનિવાર્ય છે. આનાથી વાહન ચાલકોમાં જાગૃતિ આવશે અને માર્ગ અકસ્માતોમાં ઘટાડો થવાની આશા છે.

**Market Creators Ltd.**
Registered Office: "Creative Castle", 70, Sampatrao Colony, Vadodara - 390007
Ph.: 2354075, Fax: 2340214, Email: info@marketcreators.net
Website: www.sharemart.co.in CIN No.: L74140GJ1991PLC016555
Statement of Standalone Unaudited Results for the Quarter & Nine Month Ended 31/12/2025
(₹ in Lacs)

| Particulars | Quarter Ended | | Nine month ended |
|---|---|---|---|
| | 31/12/25 Unaudited | 31/12/24 Unaudited | 31/12/25 Unaudited |
| Total income from operations (net) | 155.66 | 208.53 | 381.65 |
| Net Profit / (Loss) from ordinary activities before tax | 2.45 | 12.86 | (33.12) |
| Net Profit / (Loss) from ordinary activities after tax (after Extraordinary Items) | 2.45 | 12.86 | (33.49) |
| Equity Share Capital | 1,050.00 | 1,050.00 | 1,050.00 |
| Reserves excluding Revaluation Reserves as per balance sheet of previous year | - | - | - |
| Earnings Per Share (in Rupees before / After extraordinary Items) (of Rs. 10/- each) (₹) | | | |
| 1) Basic: (₹) | 0.02 | 0.12 | (0.32) |
| 2) Diluted: (₹) | - | - | - |

Note: The above is an extract of the detailed format of Standalone Unaudited financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing obligations and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of standalone Unaudited Quarterly Financial Results are available on the Stock Exchange websites at www.bseindia.com and also on the Company's website at www.sharemart.co.in

Place: Vadodara
Date : 31st January, 2026

By Order of the Board
For Market Creators Ltd.
Sd/-
Kalpesh J. Shah (Chairman)

## 5 વર્ષથી બનતું દાણાપીઠ મલ્ટીલેવલ પાર્કિંગ હેરિટેજ લૂકમાં અટવાયું

અમદાવાદ | અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યા વધતા પાર્કિંગ જરૂરી બન્યું છે. જોકે, કેટલીક જગ્યાએ AMCએ બનાવેલા મલ્ટીલેવલ પાર્કિંગ નિષ્ફળ ગયા છે. કારણ કે, AMCએ અણઘણ આયોજન કરી પાર્કિંગ બનાવી દીધા છે. શહેરના કોટ વિસ્તારમાં સૌથી વધુ પાર્કિંગની સમસ્યા રહે છે, ત્યારે દાણાપીઠ મ્યુનિસિપલ કોર્પોરેશનની પાછળ જ મલ્ટીલેવલ પાર્કિંગ અને નવું ફાયર સ્ટેશન બનાવવામાં આવ્યું છે, પરંતુ આ પાર્કિંગ અને ફાયર સ્ટેશન નાગરિકો માટે ઉપયોગી બન્યું નથી.


# સિટી એક્સપ્રેસ

MONDAY 02 FEBRUARY-2026

AHMEDABAD


## રાજ્યના 34 જિલ્લામાં ગર્લ્સ હોસ્ટેલ બનશે

અમદાવાદ | જોકે, ટેક્સ ફાઈલ કરવામાં સરળતા, રેલવે પ્રોજેક્ટ અને આયુર્વેદિક AIIMS જેવી નવી વાતો કહેવામાં આવી છે. ત્યારે ગુજરાતને આ બજેટથી અનેક ફાયદા થવા જઈ રહ્યા છે. જેમાં રાજ્યના 34 જિલ્લામાં ગર્લ્સ હોસ્ટેલ બનશે તો SME-MSME ગ્રોથ ફંડ માટે 10 હજાર કરોડની જાહેરાત અને સેમિકન્ડક્ટર મિશન ISM 2.0 લોન્ચની જાહેરાતથી ગુજરાતમાં MSMEથી લઈ સેમિકન્ડક્ટરમાં સિક્કો પડશે.GCCIના પ્રેસિડેન્ટ સંદીપ એન્જિનિયરે જણાવ્યું કે ગ્લોબલ ચેલેન્જની વચ્ચે સમતોલ થઈને ચાલવું પડશે.



### મંજૂરી વગરના બાંધકામો ઝડપવા AIનો ઉપયોગ : ડ્રોનની મદદથી મિલકતોનો સર્વે કરી કાર્યવાહી કરાશે...

# ગાંધીનગરમાં મિલકતધારકો પર GMCની 'ત્રીજી આંખ' વોચ રાખશે : શહેરી વિસ્તારમાં ડ્રોન અને AI વડે મિલ્કતોનો સર્વે કરાશે,સેકન્ડોમાં ગેરકાયદે બાંધકામોની પોલ ખૂલશે

ગાંધીનગર | સ્માર્ટ સિટી ગાંધીનગર હવે સાચા અર્થમાં હાઈટેક બનવા જઈ રહ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકાએ ટેક્સ ચોરી રોકવા અને ગેરકાયદેસર બાંધકામોને નેસ્તનાબૂદ કરવા માટે એક મહત્વની યોજના પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. હવે મિલકતોના સર્વે માટે મ્યુનિસિપલ કર્મચારીઓ તમારા ઘરે માપપટ્ટી લઈને નહીં આવે પરંતુ આકાશમાંથી 'ડ્રોન' નજર રાખશે અને 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' તમારી ગેરકાયદેસર મિલકતની કુંડળી ખોલશે. મહાનગરપાલિકા હવે પાટનગરમાં પ્રોપર્ટી ટેક્સની ચોરી કરનારા અને ગેરકાયદે બાંધકામ કરનારાઓ સામે 'ડિજિટલ સર્જિકલ સ્ટ્રાઈક' કરવાની તૈયારીમાં છે. આ નવી ડિજિટલ સિસ્ટમ થી મ્યુનિસિપલ કોર્પોરેશનની તિજોરીમાં કરોડો રૂપિયાનો વધારો પણ થશે.



રાજ્યના પાટનગરમાં હવે મિલકત વેરો બચાવવા માટે વધારાનું બાંધકામ છુપાવવું મિલકતધારકો માટે મુશ્કેલ બનશે. ગાંધીનગર મહાનગરપાલિકાએ 'સ્માર્ટ ગવર્નન્સ' તરફ મોટું કદમ ઉઠાવતા હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને હાઈટેક ડ્રોન દ્વારા મિલકત સર્વે કરવાની દિશામાં આયોજન કર્યું છે. આ નવી સિસ્ટમ મ્યુનિસિપલ કોર્પોરેશનની તિજોરીમાં કરોડો રૂપિયાનો વધારો કરશે.

આ અંગે ગાંધીનગર મહાનગર પાલિકાના સૂત્રોએ નામ નહીં લખવાની શરતે જણાવ્યું કે, શહેરમાં અનેક મિલકતો એવી છે જ્યાં મંજૂરી કરતા વધુ બાંધકામ કરી લેવામાં આવ્યું છે અથવા તો રહેણાંકના હેતુ વાળી મિલકતનો ઉપયોગ વ્યાપારી હેતુ માટે થઈ રહ્યો છે. કોર્પોરેશનની ટીમ માટે દરેક ગલી અને મકાનનો સચોટ સર્વે કરવો સમય માંગી લે તેવું અને ભૂલભરેલું હોઈ શકે છે. આ સમસ્યાના કાયમી ઉકેલ તરીકે હવે AI અને ડ્રોન ટેક્નોલોજી વડે'ડિજિટલ સર્જિકલ સ્ટ્રાઈક' કરવાનું આયોજન છે.

વધુમાં સૂત્રોએ ઉમેર્યું કે, મિલ્કતોના સર્વે માટે હાઈ-રિઝોલ્યુશન મેપિંગ થશે .સૌથી પહેલા ડ્રોન દ્વારા સમગ્ર શહેરનું 3D મેપિંગ કરવામાં આવશે. બાદમાં ડેટા ફ્યુઝન એટલે કે AI સિસ્ટમ પાસે કોર્પોરેશનના જૂના ટેક્સ રેકોર્ડ અને મંજૂર થયેલા પ્લાનનો ડેટા પહેલેથી જ હશે. જ્યારે ડ્રોન જેતે મિલકતનો નવો ફોટો વિડિઓ લેશે ત્યારે AI સેકન્ડોના ભાગમાં જૂના રેકોર્ડ અને નવા ફોટાની સરખામણી કરશે.

જો કોઈએ મિલકતધારક ધ્વારા ધાબા પર પતરાનો શેડ નાખ્યો હશે, વધારાનો રૂમ બનાવ્યો હશે કે બાલ્કની પેક કરી હશે તો AI તરત જ તે ભાગને લાલ રંગથી માર્ક કરી દેશે. આ સિસ્ટમ એટલી સચોટ હશે કે ક્ષેત્રફળમાં થોડો પણ વધારો હશે તો તે પકડાઈ જશે. આ પ્રોજેક્ટ હેઠળ માત્ર ટેક્સની વસૂલાત જ નહીં પરંતુ ટાઉન પ્લાનિંગના નિયમોનું પાલન પણ કરાવવામાં આવશે.

### ગાંધીનગર મનપાની હદમાં વધારો થતા ટેક્સની આવકમાં વધારો

મહત્વનુ છેકે,ગાંધીનગર મહાનગરપાલિકા ની હદ વધતા 11,966 નવી મિલકતોની આકારણી થકી કોર્પોરેશનની આવકમાં રૂ. 7.05 કરોડનો ફાયદો થયો છે. સત્તાવાર આંકડાઓ પર નજર કરીએ તો, રહેણાંક અને બિન-રહેણાંક બંને પ્રકારની મિલકતોમાં વધારો જોવા મળ્યો છે. ખાસ કરીને રહેણાંક મિલકતોમાં 10,151 નો વધારો નોંધાયો છે, જે ગત વર્ષના 1,66,890 થી વધીને ચાલુ વર્ષે 1,77,044 પર પહોંચી છે. જે રહેણાંક શ્રેણીમાં 6.08% ની વૃદ્ધિ દર્શાવે છે.

તેવી જ રીતે કોમર્શિયલ અને અન્ય બિન-રહેણાંક મિલકતોમાં પણ 1,815 નો વધારો થયો છે. આ મિલકતો 33,487 થી વધીને 35,302 થઈ છે, જેમાં 5.42% નો વધારો જોવા મળ્યો છે. આમ, ગત નાણાકીય વર્ષ 2024-25 ની સરખામણીએ કુલ મિલકતોની સંખ્યા 2,00,377 થી વધીને 2,12,343 થઈ છે.

## ૧.૭૦ કરોડના એમ્બરગ્રીસ સાથે વટવાથી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો



અમદાવાદ | વટવામાંથી ભાવનગરનો યુવક રૂા.૧.૭૦ કરોડની ૧ કિલો ૭૧૮`ગ્રામ એમ્બરગ્રીસ (વ્હેલ માછલીની ઉલ્ટી ) સાથે પકડાયો હતો. ભાવનગરના સાગરિત સાથે કારમાં એમ્બરગ્રીસ વેચવા અમદાવાદ આવ્યા હતા. પકડાયેલા આરોપીને એમ્બરગ્રીસ વેચવા માટે રૂા. ૨૦ હજાર કમિશન નક્કી કરાયું હતું. ૧ કિલો ૭૧૮ ગ્રામ વ્હેલ માછલીની ઉલ્ટી વેચવા માટે આરોપીને ૨૦ હજાર કમિશન નકકી કરાયું હતું

વટવા પોલીસે ચોક્કસ બાતમી આધારે રોપડા બ્રિજ પાસેથી ભાવનગરમાં રહેતા અને મજૂરી કામ કરતા ભરતભાઇ પાસેથી ૧ કિલો ૭૧૮ ગ્રામ વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બરગ્રીસ)નો રૂા. ૧.૭૦ કરોડનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસ પુછપરછમાં આરોપી ભાવનગરના સાગરિત ભરત સાથે કારમાં એમ્બરગ્રીસ લઈને આવ્યો હતો અને પકડાયેલા શખ્સને એમ્બરગ્રીસ વેચવા માટે કમિશન પેટે રૂા. ૨૦ હજાર આપવાના નક્કી કરવામાં આવ્યા હતા. વટવા પોલીસ દ્વારા આરોપી સામે ગુનો નોંધીને ફરાર આરોપીને પકડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

### સમાવેશ, સ્વીકાર અને સમાન અવસર જેવા બેનરો સાથે મોટી સંખ્યામાં લોકો જોડાયા

## ન્યુરોડાયવર્સિટી જાગૃતિ માટે અમદાવાદમાં વૉકથોન

અમદાવાદ | શહેરમાં ઓટિઝમ અને ન્યુરોડાયવર્સિટી અંગે જાગૃતિ વધારવાના ઉદ્દેશ સાથે એક વૉકથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. વુમન્સ ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (WICCIના ગુજરાત ઈન્ક્લૂસિવ એજ્યુકેશન એન્ડ સ્કિલ ડેવલપમેન્ટ કાઉન્સિલ અને સારાંશ ફાઉન્ડેશનના સંયુક્ત સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમને સમાજના વિવિધ વર્ગો તરફથી પણ સારો એવો પ્રતિસાદ મળ્યો હતો.

આ વૉકથોનની શરૂઆત GMDC ગ્રાઉન્ડથી કરવામાં આવી હતી, જે BPA તથા આસપાસના વિસ્તારોમાંથી પસાર થઈ હતી. વહેલી સવારથી જ ભાગ લેનારાઓ એકત્રિત થવા લાગ્યા હતા. વિદ્યાર્થીઓ, શિક્ષકો, માતા-પિતા, સામાજિક કાર્યકરો, સ્વયંસેવકો તેમજ વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકો અને તેમના પરિવારજનો મોટી સંખ્યામાં આ વૉકથોનમાં જોડાયા હતા. સૌએ હાથમાં પોસ્ટર્સ, બેનર્સ અને પ્લેકાર્ડ્સ સાથે "સમાવેશ", "સ્વીકાર" અને "સમાન અવસર" જેવા સંદેશો સાથે પગપાળા ચાલીને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. WICCI ગુજરાત ઈન્ક્લૂસિવ એજ્યુકેશન એન્ડ સ્કિલ ડેવલપમેન્ટ કાઉન્સિલના સ્ટેટ પ્રમુખ તથા સારાંશ ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ મનોબિના ચક્રવર્તીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ઓટિઝમ અને અન્ય ન્યુરોડાયવર્સ પરિસ્થિતિઓ અંગે સમાજમાં આજે પણ અનેક ભ્રમો અને




ગેરસમજો પથઈ રહી છે. આવા ભ્રમોને દૂર કરવું, લોકોમાં સાચી સમજ વિકસાવવી અને ન્યુરોડાયવર્સ વ્યક્તિઓ પ્રત્યે સંવેદનશીલતા વધારવી એ આ પહેલનો મુખ્ય હેતુ છે. દરેક વ્યક્તિ અલગ છે અને આ અલગતાને સ્વીકારીને જ આપણે સાચા અર્થમાં સમાવેશક સમાજનું નિર્માણ કરી શકીએ છીએ.

વૉકથોન દરમિયાન ભાગ લેનારાઓમાં ખાસ કરીને યુવાનો અને બાળકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. ઘણા લોકોએ પોતાના અંગત અનુભવ શેર કરી સમાજમાં જાગૃતિ ફેલાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમ માત્ર એક વૉકથોન પૂરતો સીમિત ન રહી, પરંતુ તે એક સંદેશ બનીને સામે આવ્યો કે ન્યુરોડાયવર્સિટી કોઈ કમજોરી નહીં, પરંતુ માનવ વૈવિધ્યતાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આ કાર્યક્રમ દ્વારા સૌ માટે સમાન અવસરનો સંદેશ સમાજ સુધી પહોંચાડવામાં આવ્યો હતો. આયોજકોનું માનવું છે કે, આવા કાર્યક્રમો દ્વારા લોકોની માનસિકતા બદલાશે અને ભવિષ્યમાં ન્યુરોડાયવર્સ વ્યક્તિઓ માટે શિક્ષણ, રોજગાર અને સામાજિક જીવનમાં વધુ સમાન અને સન્માનજનક તકો ઉપલબ્ધ થશે.

## આ બજેટમાં મધ્યમ વર્ગીયને કોઇ ખાસ રાહત નહીં




(એજન્સી) અમદાવાદ | તા.02

આજે 1ફેબ્રુઆરી કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા કેન્દ્રીય બજેટ 2026-27 રજૂ કરવામાં આવ્યું છે. આજે કેન્દ્રના બજેટને લઈને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ (GCCI) અને અમદાવાદ ખાનપુર ભાજપ કાર્યાલય ખાતે કેન્દ્રીય બજેટનું વિશેષ સ્ક્રીનિંગ રાખવામાં આવ્યું હતું.

આજે કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા કેન્દ્રીય બજેટ 2026-27 રજૂ કરવામાં આવ્યું છે. આ બજેટમાં મધ્યમ વર્ગીય માટે કોઈ ખાસ રાહત જોવા મળી નથી. GCCI પ્રમુખ સંદીપ એન્જિનિયરે જણાવ્યું હતું કે મોદી સરકારનું આ 12 બજેટ છે. ગ્લોબલ ઈકોનોમિક વચ્ચે બજેટ આવકાર્ય છે જે હાલની પરિસ્થિતિમાં ઈકોનોમીને આગળ લઈ જશે.

સંદીપ એન્જિનિયરે વધુમાં કહ્યું, ટેક્સ ફાઈલિંગ પેપરને સરળતા કરી છે. સામાન્ય માણસો ને પેપર ફાઇલ કરવામાં અનેક તકલીફો થતી હતી. ECS TDSમાં ઘણી રાહત આપી છે. GCCIની અપેક્ષા પ્રમાણે ટેક્સેશનમાં સરળતાની માગ હતી. ડાયરેક્ટ અને ઈનડાયરેક્ટ ટેકસમાં રાહત થાય તેમ તેઓએ નવા એક્ટ પ્રમાણે સરળતા કરી છે. કસ્ટમમાં પણ ઓટો સિસ્ટમ લાવી રહ્યા છે. કસ્ટમમાં સરળતા કરવામાં આવી છે. લોકોના કન્ટેનર સરળતાથી છૂટે તેવી જાહેરાત કરી છે. ટેરિફ વોર ગ્લોબલ પરિસ્થિતિ છે. લોકલ ઈકોનોમીને ગ્લોબલ ચેલેન્જ વચ્ચે આ બજેટ ફાયદો કરાવશે.

સંદીપ એન્જિનિયરે વધુમાં જણાવ્યું કે, MSMEની ઘણી રાહતો મળી છે. ગુજરાત MSMEનું હબ છે. MSME ને જે સિક્યુટી અને ફાઈનાન્સ જોઈએ તે બધું જ બજેટમાં કર્યું છે. ફાર્મા સેક્ટર અને આયુર્વેદને રાહત મળી છે. નેચરલ મેડિસિનને પણ ઘણું મળ્યું છે. કાર અને ઓટોમોબાઈલમાં પણ ઘણા પ્રોજેક્ટ આવી રહ્યા છે. ગ્રોથ અને યુથ માટે જે સંબોધ્યું છે. AI ખૂબ અગત્યનું છે અને યુવાનો એક ભાગ છે.

**'આ બજેટમાં પુંજીગત વ્યય ઉપર વધારે પ્રાધાન્ય આપવામાં આવ્યું'** અમદાવાદ શહેર ભાજપ પ્રમુખ પ્રેરક શાહે જણાવ્યું હતું કે, આ બજેટમાં ઉદ્યોગો, મેન્યુફેક્ચરિંગ, કૃષિ, ટુરીઝમ અને સેવા વગેરે ક્ષેત્રોને પ્રાધાન્ય અને ફોક્સ આપતું બજેટ રજૂ થયું છે. આઈટી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈકોનોમી તમામ બાબતોને ધ્યાન આપી વિકસિત ભારતનો પાયો નાખનારું બજેટ રજૂ કરાયું છે.

આ બજેટમાં પુંજીગત વ્યય ઉપર વધારે પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. રેલવેના મળીને 14 લાખ કરોડ જેટલું પુંજીગત વ્યયનો સરકારે બજેટમાં સમાવેશ કર્યો છે.

## અમદાવાદ એરપોર્ટ પરથી 108.07 ગ્રામ સોના એક શખ્સ ઝડપાયો...

(એજન્સી) અમદાવાદ | તા.02

અમદાવાદ એરપોર્ટ પરથી ફરી વાર સોનું ઝડપાયું છે. કસ્ટમ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટે બેંગકોકથી અમદાવાદ આવી રહેલા સુનિલ ભાટીયાને 108.07 ગ્રામ સોના સાથે ઝડપ્યો છે. જેની બજાર કિંમત અંદાજે 17.19 લાખ થાય છે. મુસાફરે માઉથમાં કાળા ટેપમાં લપેટીને ચાર કેપ્સ્યુલ આકારના સોનાના બિસ્કિટ સંતાડ્યા હતા. અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) દ્વારા સોનાની દાણચોરી કરતાં એક શખ્સને પકડ્યો છે. પેસેન્જર પ્રોફાઈલિંગ દ્વારા મળેલી ચોક્કસ બાતમીના આધારે, ગત 31 જાન્યુઆરી 2026ના રોજ બેંગકોકથી અમદાવાદ આવતી વિયેટજેટ ફ્લાઈટ (VZ 750) દ્વારા ઉતરેલા મુસાફર સુનિલ ભાટિયાની અટકાયત કરવામાં આવી હતી. તપાસ



દરમિયાન અધિકારીઓ ત્યારે ચોંકી ગયા જ્યારે મુસાફરના માઉથમાંથી કાળા ટેપમાં લપેટેલા ચાર કેપ્સ્યુલ આકારના સોનાના બિસ્કિટ મળી આવ્યા હતા. 108.07 ગ્રામ જપ્ત કરાયું છે. બજારમાં આ સોનાની અંદાજિત કિંમત 17,39,927 છે. કસ્ટમ્સ એક્ટ, 1962 હેઠળ મુદ્દામાલ જપ્ત કરી વિભાગ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## પરિવાર પ્રસંગમાં ગયો ને 13 લાખના દાગીનાની ચોરી

અમદાવાદ | અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં રહેતો પરિવાર સામાજિક પ્રસંગમાં રાજકોટ ખાતે ગયો હતો. આ દરમિયાન ઘરમાંથી સોના ચાંદીના 13 લાખથી વધુના દાગીનાની ચોરી થઈ હતી. પરિવાર જ્યારે પરત આવ્યો ત્યારે ચોરી થયાની જાણ થઈ હતી. તપાસ કરતા ધાબા ઉપરની વેન્ટિલેશન જાળીનો કાચ ખોલીને ચોર ઘરમાં આવ્યો હતો અને ચોરીને અંજામ આપ્યો હતો. આ અંગે ઘાટલોડીયા પોલીસે ગુનો નોધી તપાસ શરૂ કરી છે.

ઘાટલોડિયામાં રહેતા સંકેત ઠક્કર આયુર્વેદિક કંપનીમાં કમિશન પર વેપાર કરે છે. 22 જાન્યુઆરી રોજ તેઓ તેમના પરિવાર સાથે રાજકોટ જનોઈના પ્રસંગમાં ગયા હતા. તેઓ જ્યારે 25 જાન્યુઆરીએ સાંજે ઘરે આવ્યા ત્યારે ઘરની અંદર જઈને જોયું તો બેડરૂમમાં કબાટના દરવાજા ખુલ્લા હતા અને સામાન વેરવિખેર પડેલો હતો. જેથી તેમણે ઘરમાં ચોરી થયાની જાણ થઈ હતી. સંકેતભાઈએ ઉપરના માટે જઈને ત્રણે બેડરૂમના



તપાસ કરતા તેમના પિતાજીના બેડરૂમમાંથી કબાટનું ખાનુ ખુલ્લું હતું.

કબાટમાંથી સોના ચાંદીના લાખો રૂપિયાના દાગીનાની ચોરી થઈ હતી. તેમણે તપાસ કરી ત્યારે 12.70 લાખના સોનાના દાગીના અને 33,000ના ચાંદીના દાગીનાની ચોરી થઈ હતી. ચોર ધાબા પરથી વેન્ટિલેશનની જાળીનો કાચ ખોલીને આવ્યો હતો. ચોરીની જાણ થતા સંકેતભાઈના માતાની તબિયત ખરાબ થઈ ગઈ હતી.સંકેતભાઈએ ચોરી અંગે ઘાટલોડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## 7 દિવસ સુધી શુષ્ક વાતાવરણની આગાહી

અમદાવાદ | રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો નથી. રાજ્યમાં સૌથી ઓછું તાપમાન કચ્છના નલિયામાં 12 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં મધ્ય મહારાષ્ટ્રથી દક્ષિણ હરિયાણા સુધી એક ટ્રફ સિસ્ટમ સક્રિય છે, જે સમુદ્ર સપાટીથી અંદાજે 0.9 કિમીની ઊંચાઈ પર સ્થિત છે. આ સિસ્ટમના કારણે રાજ્યના કેટલાક વિસ્તારોમાં આંશિક વાદળછાયું વાતાવરણ જોવા મળી શકે છે.

આ ઉપરાંત, ઉત્તર પાકિસ્તાન ઉપર એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાયું છે, પરંતુ તેની ગુજરાતના હવામાન પર કોઈ ખાસ અસર થવાની શક્યતા નથી. જ્યારે આગામી 7 દિવસની આગાહી મુજબ, સમગ્ર ગુજરાતમાં હવામાન મુખ્યત્વે શુષ્ક રહેશે. લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ઘટાડો કે મહત્વપૂર્ણ ફેરફાર થવાની સંભાવના નથી. દરિયાકાંઠાના વિસ્તારો માટે હવામાન વિભાગે જણાવ્યું છે કે, હાલમાં માછીમારો માટે કોઈ ચેતવણી જાહેર કરવામાં આવી નથી. જોકે, ઉત્તર અને ઉત્તર-પૂર્વીય પવનો 15થી 20 નોટની ઝડપે ફૂંકાવાની શક્યતા છે.

## કોટ વિસ્તારમાં પાણી કાપ, લોકો મુશ્કેલીમાં: લાઈન જોડાણની કામગીરી અધુરી

અમદાવાદ | અમદાવાદના મેયર પ્રતિભા જૈનના મતવિસ્તાર શાહીબાગ સહિત શહેરના કોટવિસ્તાર ગણાતા એવા જમાલપુર, શાહપુર, દરિયાપુર, દિલ્હી દરવાજા, કાલુપુર, અસારવા સહિતના વિસ્તારોમાં આજે 1 ફેબ્રુઆરીના રોજ પાણી આવ્યું નથી. મધ્ય ઝોન વિસ્તારમાં પાણી પૂરું પાડતા દૂધેશ્વર વોટર વર્ક્સમાં કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુખ્ય લાઈનનું જોડાણ કરવાનું હોવાના કારણે 30 જાન્યુઆરીએ દૂધેશ્વર વોટર વર્ક્સ બંધ કરવામાં આવ્યું હતું, જેથી ગઈકાલે 31 તારીખે પાણી આવ્યું નહોતું. જોકે થોડી કામગીરી અધુરી રહી હોવાના કારણે આજે એક ફેબ્રુઆરીના રોજ સવારથી જ પાણીનો સપ્લાય બંધ હોવાના કારણે લોકોને હાલાકી પડી રહી છે.

હાટકેશ્વરમાં જર્જરિત ઓવરબ્રિજના તોડવાની કામગીરી દરમિયાન સતત પાંચમી વાર પીવાના પાણીનો બગાડ થયો છે. બ્રિજ પાસે આવેલી પીવાના પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાય છે, ત્યારે અવારનવાર આ પ્રકારે લોકોને તકલીફ પડી રહી છે. ખાસ કરીને ખોખરા વોર્ડમાં પીવાનું પાણી ઓવરબ્રિજ પાસે આવેલી પાણીમાંથી પસાર થઈને મળે છે, ત્યારે આ જ પાઈપલાઈન તૂટી જતા તેમાંથી પાણીનો વ્યય થાય છે. જેથી આજે ખોખરા ગુજરાત હાઉસિંગ બોર્ડના તમામ બ્લોકો, ખોખરા ગામ, લક્ષ્મીનારાયણ સોસાયટી અને હાટકેશ્વર રિંગરોડ પરના વિસ્તારો પણ પીવાના પાણીથી વંચિત રહ્યાં છે.

મધ્ય ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રમ્ય ભટ્ટે જણાવ્યું હતું કે, વોટર પ્રોજેક્ટ વિભાગ દ્વારા કોતરપુર વેસ્ટર્ન ટ્રંક લાઈનની જોડાણની કામગીરી કરવાના હોવાના કારણે દૂધેશ્વર વોટર વર્કસ ખાતે શટ ડાઉન લેવામાં આવ્યું હતું. જેમાં જોડાણની કામગીરી બાદ પાણી મુખ્ય લાઈન સુધી આવવામાં તકલીફ પડી છે. આજે સવારે પાણી આવ્યું નથી. આજે બપોર સુધીમાં આપી શકાય તે પ્રમાણેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

શહેરના કોટ વિસ્તાર એવા શાહપુર દરિયાપુર સહિતના મધ્ય ઝોન વિસ્તારમાં આજે સવારથી પાણી ન આવતા દરિયાપુર વિધાનસભાના ભાજપના ધારાસભ્ય કૌશિક જૈન દુધેશ્વર વોટર વર્કસ ખાતે પહોંચ્યા હતા પાણીની પાઈપલાઈનની કામગીરી જ્યાં ચાલી રહી છે ત્યાં પહોંચ્યા અને અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. કૌશિક જઈને જણાવ્યું હતું કે, પાણી આવ્યું નથી જેના કારણે થઈને જાણ થતા દુધેશ્વર વોટર વર્કસ ખાતે જ્યાં કામગીરી ચાલી રહી છે ત્યાં હું પહોંચ્યો હતો અને અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. આજે બપોર સુધીમાં કામગીરી પૂર્ણ થઇ જશે અને લોકોને પાણી આપવામાં આવશે. ટેન્કર મારફતે લોકોને પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. 30 જાન્યુઆરીના રોજ સાંજથી દૂધેશ્વર વોટર વર્કસ ખાતે પાણીનો સપ્લાય બંધ કરવામાં આવ્યો હોવાથી 30 જાન્યુઆરીના સાંજે 31 જાન્યુઆરીએ આખો દિવસ પાણી બંધ રહેવું હતું, જેથી લોકોએ ટેન્કરો મારફતે અને બોરમાંથી પાણી ભર્યું હતું. એક દિવસ શટડાઉન કરી પાણીની પાઈપલાઈનની જોડાણની કામગીરી કરવામાં આવી હતી, પરંતુ હજી સુધી કામગીરી પૂર્ણ ન થતા આજે સવારથી જ પાણી આવ્યું નથી. વોટર પ્રોજેક્ટ વિભાગની કામગીરી અધુરી રહી હોવાથી આજે સવારે પાણી ન આવી શકતા સવારથી લોકોને જાણ કરવામાં આવી નહોતી. આજે રવિવારની રજા હોવાથી લોકોને ખૂબ જ તકલીફ પડી રહી છે કેટલીક જગ્યાએ હવે ટેન્કર ચાલકો દ્વારા પણ પાણી આપવામાં આવી રહ્યું નથી.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...